ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૫ અંક : ૫ મે ૨૦૧૩ સળંગ અંક : ૪૯૯

# વિ-વિદ્યાનગર





चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

CHARUTAR VIDYAMANDAL
VALLABH VIDYANAGAR




ચારુતર વિદ્યામંડળસંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય(બીવીએમ)ના ૬૫મા વાર્ષિકોત્સવના મુખ્ય અતિથિ તરીકે સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવ સમાન પરમ શ્રેણીના સુપર કમ્પ્યુટરના નિર્માતા અને આઈઆઈટી-દિલ્હીના સંચાલક મંડળના અધ્યક્ષ ડૉ.વિજય ભાટકર પધાર્યા હતા. સમારંભના અધ્યક્ષ અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતા જણાય છે. મંચસ્થ મહાનુભાવોમાં ડૉ.ભાટકર અને માનવંતા મહેમાન તરીકે પધારેલા જીટીયુના ડિરેક્ટર ડૉ.એમ.એન.પટેલ, સીવીએમના માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી વી.એમ.પટેલ અને શ્રી મયૂરભાઈ પટેલ, આચાર્યશ્રી ડૉ.એફ.એસ.ઉમરીગર, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખો ડૉ.અમિત ત્રિવેદી અને પ્રા.પી.બી.સ્વદાસ છે. ઈન્સેટમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.પટેલના કાર્યાલયમાં ભાવિ યોજનાઓની ચર્ચા કરતા ડૉ.ભાટકર.







ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની લેખિકા ડૉ.ટીના દોશીલિખિત જીવન કથા 'સો ટચનું સોનું : ડૉ.સી.એલ.પટેલ'ના તમિળ ભાષામાં અનુવાદનો લોકાર્પણવિધિ ચેન્નઈ ખાતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે ડૉ.પટેલ ઉપરાંત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત તમિળનાડુ સરકારના અધિક મુખ્ય સચિવ રહેલા શ્રી ડી.કે.ઓઝા, ગુજરાતનાં ઉચ્ચશિક્ષણ કમિશનર ડૉ.જ્યંતી રવિ, લેખિકા ડૉ.ટીના દોશી, તમિળ અનુવાદક ડૉ.રાજલક્ષ્મી શ્રીનિવાસન તથા ચેન્નઈની કોલેજોના સંચાલક શ્રી ગોવિંદદાસજી દશ્યમાન છે. ડૉ.પટેલના જન્મદિવસ (૧૦ એપ્રિલ)ની પૂર્વસંધ્યાએ ચેન્નઈમાં ઉજવણીમાં તેમની વિદેશનિવાસી દીકરીઓ શ્રીમતી વર્ષા દિલીપભાઈ પટેલ(લંડન) અને શ્રીમતી છાયા અશોકભાઈ પટેલ(યુએસએ) હાજર રહી હતી.



# વિ – વિદ્યાનગર


ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

મે ૨૦૧૩
વર્ષ : ૧૫ અંક : ૫
(સળંગ અંક ૪૯૯)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**
૧૯૪૫


કર્મણ્યેવાઽધિકારસ્તે


**અધ્યક્ષ**
ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**
પ્રિ. આર.પી.પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**
પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ સહમંત્રીઓ**
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ
ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • ડૉ. જે.ડી. પટેલ

**તંત્રી**
રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**
રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**
ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**
શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી



**પ્રકાશક**
પ્રિ. આર.પી.પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**
આણંદ પ્રેસ, ગામડી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

મે ૨૦૧૩
વર્ષ : ૧૫ અંક : ૫
(સળંગ અંક ૪૯૯)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**प्रथम वयसि पीतं तोथमल्पं स्मरन्तः**
**शिरसि निहितभाराः नारिकेलाः नराणाम् ।**
**ददति जलमनल्पास्वादमाजीवनान्तम्**
**न हि कृतमुपकारं साधवः विस्मरन्ति ॥**

(સંકલિત)

**નાનપણમાં (માળી દ્વારા) પીધેલા પાણીનું સ્મરણ નાળિયેરનાં વૃક્ષ સદા રાખે છે અને તેથી આગળ જતાં પોતાના માથા પર પાણીનો ભાર લઈને તૈયાર રહે છે અને જીવનપર્યન્ત અમૃતતુલ્ય પાણી આપતાં રહે છે. ખરેખર, સત્પુરુષો કરેલા ઉપકારોને કોઈ દિવસ ભૂલતા નથી.**

॥ અધ્યક્ષસ્થાનેથી ॥ શિક્ષણ : મહાનુભાવોની ભેટ ★ ડૉ.સી.એલ.પટેલ
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥
★ નર્મદ, સુન્દરમ્, મકરંદ દવે, વેણીભાઈ પુરોહિત / 1
॥ ગદ્ય વિભાગ ॥ નાની શી મિલન-બારી ★ મહેન્દ્ર મેઘાણી / 2
॥ નવાં કાવ્યો ॥ ★ રમેશ રઘુનાથજી બ્રહ્મભટ્ટ, પ્રીતમ લખલાણી, રાકેશ પટેલ, અલ્પેશ 'પાગલ' / 3
॥ પ્રેરણા ॥ ખોદી લે તારી મેળે! / 4
॥ લઘુનવલ ॥ ફૂલ વિનાની વેલ ★ કિરીટ ગોસ્વામી / 5
॥ વ્યક્તિવિશેષ ॥ સ્વામી વિવેકાનંદઃ પ્રખર રાષ્ટ્રવાદી વિભૂતિ ★ આર. સી. દેસાઈ / 7
॥ સંશોધન ॥ ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજી ભટ્ટ : જીવન અને કાર્ય (૧૮૩૯-૧૮૮૮) ★ હસમુખ વી. મકવાણા / 9
॥ Research ॥ Social custom of merchant communities ★ Monika Sharma / 13
॥ વ્યાખ્યાન ॥ અમારે જીવવું શી રીતે? ★ આચાર્ય ભાણદેવ / 17
॥ અભ્યાસ ॥ ગુજરાતની બદલાતી ભૂગોળ ★ કલ્પના આર. માલવત, રહીમ એસ. માલવત / 24
॥ વ્યાખ્યાન ॥ ॥ સરદાર પટેલઃ એક નવી જ દૃષ્ટિએ ★ ભદ્રાયુ વછરાજાની / 28
॥ સંશોધન ॥ ॥ આચાર્ય મમ્મટના કાવ્યપ્રકાશની પરંપરામાં સાંપ્રત સંસ્કૃત કવિતા ★ માનસિંહ ચૌધરી / 30
॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ પેટ્રોલિયમ ઉદ્યોગ અને બાયોકેટનોલોજી – વર્તમાન પરિસ્થિતિ ★ સંકેત જોશી, ગીતા જોશી / 33
॥ આરોગ્ય ॥ સ્વાઈન ફ્લુ ★ સાગર એમ. ભીંડે, એ.આર.વી. મૂર્તિ / 35
॥ રમન્તે તત્ર દેવતા ॥ કુળને કલંકિત કરતી કન્યા! ★ પારુલટીના દોશી / 38
॥ વિદ્યાવૃત્ત ॥ / 41

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

### વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

<u>**આ માસની વિચારકણિકા**</u>

**ન ધરા સુધી, ન ગગન સુધી,**
**નહીં ઉન્નતિ, ન પતન સુધી;**
**અહીં આપણે તો જવું હતું**
**ફક્ત એકમેકના મન સુધી.**

• 'ગની' દહીંવાળા

# મહાનુભાવોની ભેટ

આ દેશે ઘણા બધા વિદ્વાનો, રાજદ્વારી આગેવાનો અને બીજાઓ જેમના જીવમાંથી કંઈક બોધપાઠ લે તેવા ઘણા બધા મહાનુભાવો ભેટમાં આપેલા છે. કોઈપણ સારી બાબત માટે વિચાર આવે ત્યારે આ બધા મહાનુભાવોના જીવનમાંથી સારા વિચારને પરિણામમાં ફેરવવા માટે ઘણું બધું પ્રોત્સાહન અને બળ મળે છે. દરેક ધર્મ માનવીને સાચા અર્થમાં કઈ રીતે જીવાય તે માટે શીખ આપે છે. તેથી જ હિંદુ ધર્મ બધા ધર્મોને માન આપે છે, કારણ ધર્મ એ માનવીને સાચા રસ્તે ચાલવાની શીખ અને પોતાનું કલ્યાણ થાય તે માટે યોગ્ય દોરવણી આપે છે. આ દેશની દુર્દશા છે કે હિંદુ ધર્મમાં એના સાચા સ્વરૂપને બદલે ઘણા બધા સંપ્રદાયો પોતાનો જ મત સાચો હોય તેવો પોતાનો અભિપ્રાય બધા જ માને તેવો દુરાગ્રહ સેવાતો જાય છે. આવી જ બાબત રાજ્યકર્તાઓ અને રાજદ્વારી જવાબદારીઓ સંભાળતા મહાનુભાવોને પણ લાગુ પડે છે. આ દેશમાં ઘણા બધા રાજકીય પ્રશ્નો છે. કેટલાક રાજકીય પક્ષોમાં પોતાનું મહત્ત્વ ઓછું અંકાય છે તેવું લાગતાં પોતે જ એક ક્ષેત્રીય પક્ષ ઊભો કરીને પોતે જ કાંઈક કરી શકે તેમ છે તેવી પ્રતીતિ કરાવવા આવા ક્ષેત્રીય પક્ષો અસ્તિત્વમાં આવે છે અને પોતે જે ઈચ્છતા હોય તે મેળવવા માટે રાષ્ટ્રીય કક્ષાના પક્ષો સાથે તેમનો ટેકો આપવાની શરતે ઘણું બધું પ્રાપ્ત કરતા હોય છે.

કેન્દ્રીયસ્તરે જે કંઈ ભંડોળ હોય તે બધું જ સારાય દેશમાંથી પ્રાપ્ત કરેલું ધન હોય છે. સારાય દેશ માટે, તેના ઉત્કર્ષ માટે, તે વપરાય એ જરૂરી હોવા છતાં આવા ક્ષેત્રીય પક્ષો પોતાની મુરાદ બર લાવવા મધ્યસ્થ સરકારને ટેકો આપી લાભો મેળવતા જાય છે તે દેશ માટે ખૂબ હાનિકર્તા સાબિત થશે. કોઈ મકાનને લુણો લાગે તેમ આવા નિર્ણયો દેશના રાજકારણમાં, દેશની સ્થિરતામાં અને દેશના વિકાસમાં લાંબાગાળે નુકસાનકર્તા પુરવાર થશે.

સારાય દેશમાં હાલ દરેક રાજ્યમાં પોતે જ ઊંચા વિકાસ દર હાંસલ કરી રહ્યા છે તેવું પ્રતિપાદિત કરવા માટે જે પ્રચાર અને પ્રસાર થઈ રહ્યો છે તેઓ પોતાનું મુખ અરીસામાં જુએ છે, પરંતુ ખરેખર તેઓ શું છે તેની આંતરખોજ કરી સમજવાની જરૂર છે. એટલે જ તેઓ પોતાની જાતને, રાજ્યને અને આખરે દેશને નુકસાન ન પહોંચાડે તે માટે પોતાના જ પ્રચાર-પ્રસારથી દૂર રહીને આત્મખોજ કરી જે જવાબદારી સંભાળવાની છે તેને વધુ સારી રીતે કઈ રીતે સંભાળી શકાય તે માટે પૂરતો વિચાર કરી કાર્યરત રહે એવી આજની માંગ છે. લોકોને સારું શિક્ષણ, સારું વાતાવરણ, જરૂરી ખોરાક-પાણી-રહેઠાણ વિગેરે બાબતોની ઊણપ ના રહે તેવી રાજ્યવ્યવસ્થા ગોઠવાય તેવી રાજ્યની જવાબદારી સંભાળે, પ્રત્યેક મહાનુભાવ વિચારે તે જરૂરી છે. પ્રજાનાં નાણાં સાચવી-સાચવીને વપરાય તેનો સારામાં સારો ઉપયોગ થાય, જેથી ખર્ચેલ નાણાં પરિણામલક્ષી બને તે જોવું જોઈએ.

ભ્રામક પરિસ્થિતિ ઊભી કરીને આગ લાગે ત્યારે કૂવો ખોદવાની વાત કરવી કે તેવી રીતે આયોજનો કરવાને બદલે સવેળાનાં જરૂરી આયોજનો થાય તો જ સાધારણ માનવી સંતોષકારક જીવન જીવી શકે. આ માટેની કટિબદ્ધતા વહેલી તકે સચવાય તે આજની માંગ છે.

સાથી પક્ષો એકબીજાની નજીકમાં આવ્યા પછી એકબીજાના ગુણોનો સરવાળો કરવાને બદલે એકબીજાના દોષો તરફ દૃષ્ટિ થાય તેમાં મહત્ત્વાકાંક્ષી લોકો પોતાની ફળપ્રાપ્તિ કરવા માટે દોષોનો સરવાળો કરેલો તાજ બીજાને પહેરાવવા કરતાં એકબીજાના ગુણોનું અનુકરણ કરીને વધુ મજબૂતાઈ તરફ લક્ષ આપે તે ખૂબ જરૂરી છે.

(૧૨ એપ્રિલ ૧૯૧૩)

સી.એલ.પટેલ

## જય જય ગરવી ગુજરાત

જય જય ગરવી ગુજરાત!
જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુંબી, પ્રેમ શૌર્ય અંકીત;
તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને, પ્રેમ ભક્તિની રીત –
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત.

ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા, કુંતેશ્વર મહાદેવ;
ને સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દેવ –
છે સહાયમાં સાક્ષાત્
જય જય ગરવી ગુજરાત.

નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય.
વળી જોય સુભટના જુદ્ધરમણને, રત્નાકર સાગર;
પર્વત પરથી વીર પૂર્વજો, દે આશિષ જયકાર –
સંપે સોયે સઉ જાત,
જય જય ગરવી ગુજરાત.

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ.
તે રંગથકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત!
શુભ શકુન મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત –
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

● નર્મદ

●

## આજે પ્રભાત પ્હોર

આજે પ્રભાત પ્હોર વહેલું વહેલું,
હો ગીત કોણ ગાતું ઘેલું?
મંજરીએ મંજરીએ મીઠું મહોરેલું,
કોકિલના કંઠે ફોરેલું,
ગ્રીષ્મની અટારીએ ઘૂંટી ઘૂંટીને
છુટ્ટે હાથે એ વેરેલું. ... હો ગીત.

ફૂલડાંની ડાળથી મલકી ટપકેલું,
તારાની છાબે છલકેલું,
સાગરસીમાડે ઘેરું ગરજંતું,
પૃથ્વીને પારણે હીંચેલું. ... હો ગીત.

બાળકની આતુર તે આંખથી ઊઠેલું,
માતાના ઉરથી છલેલું,
યૌવનની નોબતે ગાંડું ગરજંતું,
મૃત્યુનું અમૃત પીધેલું. ...હો ગીત

● સુન્દરમ્

## જાંગલા નાચેઃ જવાનો ક્યાં?

જ્યાં જોઉં ત્યાં જાંગલા નાચે
વરવા કાઢી વેશ,
ગબરગંડની ટોળકીએ તો
ગંધવી માર્યો દેશ. ०१

કોઈ રતનિયો, કોઈ લખુડી
રંગલો કોઈ હજામ,
નાચે કૂદે ગાય વગાડે
કરતા જાય સલામ!
લાત મારો તો બમણા લળી
માગતા નવાજેશ. ०२

રામના વંશજ? ઋષિપુત્તર?
આ ગાંધીનાં બાળ?
હાય રે મારા દેશમાં કેવો
મરદોનો દુકાળ?!
એઠની ઝૂંટાઝૂંટમાં ખાતાં
કાંગલાં ઠેશમઠેશ. ०૩

દોડકા એકના દેશનેતાઓ
ખદબદે ચોમેર,
દંભનાં પોલાં પૂતળાં આજે
ત્રાંબિયે મળે તેર.
ધરતીને આ વેચી મારતાં
ધ્રૂજે નંઈ લવલેશ. ०૪

ક્યાં છે મારા કાંડાબળિયા?
ક્યાં છે નવ જવાન?
ઊંચે માથડે ગાવને બેલી
અનભે એવું ગાન
દેશમાં પાછો જાગી ઊઠે
પોઢેલો પરમેશ. ०૫

૧૩.૧૧.૧૯૬૧ ● મકરંદ દવે

●

## રંગડો

કોણે તે રંગડો રાખ્યો –
માણીગર! કોણે તે ઢોળી નાખ્યો?...
રાધાએ રંગડો રાખ્યો,
માણીગર! પિંગલાએ ઢોળી નાખ્યો!!...

● વેણીભાઈ પુરોહિત

# નાની શી મિલન-બારી

'મિલાપ' નામે આ નવું માસિક શરૂ થાય છે. શા માટે?

ખેડૂતનો દીકરો સાંતી જોડે છે. કુંભારનો છોકરો ચાકડો ફેરવે છે. એમને પૂછવું હોય કે શા માટે આ મહેનત કરો છો? તો એ શો જવાબ આપી શકે?

ખેતરો ખેડાય છે, તો દુનિયાને દાણા મળે છે. ચાકડો ફરે છે, તો સમાજને ઠામ-વાસણ મળે છે. સાળ ચાલે છે, તો લોક લૂગડાં પામે છે. છતાં એ દુનિયાનો કે એ સમાજનો વિચાર કરીને પોતે મજૂરી કરે છે એમ કોઈ ખેડૂત, કોઈ વણકર કે કોઈ કુંભાર થોડો જ કહી શકવાનો છે?...

લેખનને પણ મુખ્યત્વે આ જાતનો એક વ્યવસાય સમજીને આ માસિકનું પ્રકાશન હાથ ધરવામાં આવે છે. એની વાટે સાહિત્યની કે સમાજની મોટી સેવા થઈ જશે એવી ભ્રમણા નથી. તેમ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં એ અમર થઈ જાય, તેવી મહત્ત્વાકાંક્ષા પણ નથી. ખેડૂત અને વણકર, કુંભાર અને સુથાર, સઈ અને મોચી, એ સહુ કારીગરો પોતપોતાની શક્તિ અનુસાર સમાજની અમુક અમુક જરૂરિયાતો પૂરી પાડે છે, એમની માફક પ્રામાણિક પરિશ્રમ કરીને આપણી પ્રજાની એક ચોક્કસ જરૂરિયાત પૂરી પાડવાનો આ નમ્ર પ્રાયાસ છે. એ જરૂરિયાત છે ચોપાસની દુનિયા વિશેના જ્ઞાન વધારનારા, સાદા, સમજી શકાય તેવા વાચનની... આપણી પ્રજાને જેટલી અન્નની તેટલી જ જ્ઞાનની જરૂર પડશે.

વિશાળ લોકસમૂહોને જ્ઞાન પૂરું પાડવા માટેનાં જે સાધનો આજે જગતમાં વપરાય છે, તેમાં છાપાં અને પુસ્તકોનું સ્થાન મોટું છે. એકલાં ગુજરાતી ભાષામાં જ આજે દોઢસો જેટલાં સામયિકો બહાર પડે છે. ભારતની બીજી બાર મુખ્ય ભાષાઓમાં પ્રગટ થતાં સામયિકોની ગણતરી ગયે વરસે (આ માહિતી ઈ.સ. ૧૯૫૦ની છે – સંપા.) થયેલીઃ હિંદી ૮૫૩, ઉર્દૂ ૫૭૧, બંગાળી ૩૬૯, તમિલ ૩૦૫, મરાઠી ૨૪૩, તેલુગુ ૧૫૧, પંજાબી ૮૧, કન્નડ ૫૧, ઉડિયા ૪૯, મલયાલમ ૨૩, સિંધી ૮, અસમિયા ૭. તે ઉપરાંત એકલી અંગ્રેજી ભાષામાં નીકળતાં ભારતીય સામયિકોનો આંકડો તો એ સૌને વટાવી જનારો હતોઃ ૮૬૮. કુલ ૩૭૦૦ કરતાંયે વધુ દૈનિકો, સાતવારિયાં અને અન્ય સામયિકોના આ ખડકલામાં જુદી જુદી ભાષાઓ, જુદી જુદી હકીકતો, જુદા જુદા વિચારો હશે; એમાં તત્કાલીન બાબતોને લગતો કેટલોય કુથ્થો હશે. પણ થોડુંક વાચન એવું હશે કે જે ભારતની કોઈપણ ભાષાના સામાન્ય સમાજના રસિક વાચકને રુચે, સરળ લાગે અને ઉપયોગી નીવડે. વિદેશોથી અહીં આવતાં સામયિકોમાં પણ એવાં લખાણો હોય છે. એવી થોડીક સામગ્રીની એક વિરાટ વાચન-પૂંજમાંથી તારવણી કરીને આ માસિકમાં મૂકવાની ઉમેદ છે.

આ જાતના સામયિક પાછળ પૂરતો પરિશ્રમ લેવાય તો ગુજરાતની નવી રચાતી ઇમારતમાં એ પરપ્રાંતો તથા પરરાષ્ટ્રો સાથેની નાની-શી મિલનબારી બની શકે, એવી નિષ્ઠા સાથે 'મિલાપ'ના પ્રકાશન-માર્ગે અમે ડગલું માંડીએ છીએ.

કોઈ એક વ્યક્તિ, પક્ષ, વાદ કે કોઈ વાવટા પ્રત્યેની વફાદારીનું છત્ર અમારે શિરે નથી. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાને આંગણે શીતળ સમીર-લહેરોમાં એકસંગાથે કલ્લોલતા તમામ પ્રજાઓના વાવટા દૂરદૂરથી દીવાદાંડી સમા અમને દેખાય છે. અમારા કાનમાં ભણકારા વાગે છે સાગરપારના એક મહાકવિએ ગાયેલા પેલા મંત્રના –

'એબવ ઑલ, યુ ધાઈન ઑન સૅલ્ફ બી ટુ': અને સૌથી વિશેષ તો તારા આત્માને જ વફાદાર રહેજે; એને ન છેતરજે. એ શબ્દોમાં ગુંજી રહેલા ઇમાનને કદી ન ચૂકવાનું બળ અમારી મજલના માલિક પાસે માગીએ છીએ.

૧૯૫૦ની ૨૬ જાન્યુઆરીના પ્રથમ પ્રજાસત્તાક પર્વ પ્રસંગે, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સુપુત્ર શ્રી મહેન્દ્ર મેઘાણી (જેઓ અત્યારે ૯૦મા વર્ષમાં સાહિત્ય-પ્રવૃત્તિઓથી કાર્યરત છે)ના તંત્રી-પદે 'મિલાપ' નામના 'ડાઈજેસ્ટ' સ્વરૂપના સામયિકના પ્રકાશનના આરંભમાં તંત્રી તરીકેની રજૂ થયેલી ઉપર્યુક્ત કેફિયતનો એક અંશ, વર્તમાન સમયમાં પણ કેટલો બધો પ્રેરક છે તે દર્શાવવાનો મુખ્ય આશય છે. એ સામયિક પૂરાં ૨૮ વર્ષ કાર્યરત રહેલું; તેમાંથી તંત્રીશ્રીએ પોતાની જીવનસંધ્યાએ લેખનસામગ્રીના ચયનમાંથી પણ ચયન કરીને 'અરધી સદીની વાચનયાત્રા'નું ચાર ભાગમાં સંપાદન કરેલું છે; તેનો આ પ્રથમ લેખ છે. – સંપાદક

## મોતના મંડપ

**● રમેશ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ**

મોતના મંડપ બંધાવો હો ભેરુ મારા
મોતના મંડપ બંધાવો

આસોપાલવના તોરણ બંધાવી
કંકુ ચોખે વધાવો...
મોતના મંડપ બંધાવો...

કુમકુમના આંગણે સાથિયા પુરાવો
ઝીણાં ઝાંઝરિયાં પ્હેરાવો...
મોતના મંડપ બંધાવો.

ઉમ્બર ઉપર દીવડા પ્રગટાવો
સિંદૂરના સાથિયા પુરાવો
મોતના મંડપ બંધાવો.

જીવતરના મ્હેલ પર
છેવટની ધજા ફરકાવો
મોતના મંડપ બંધાવો.

(આચાર્ય, મલાણા હાઈસ્કૂલ, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા)

## ક્ષણ પહેલાં

**પ્રીતમ લખલાણી**

બે પડછાયાને
એકમેકની
નજદીક આવતા જોઈ
મીણબત્તી
પીગળી ગઈ
પેલા પડછાયા
હવે બે નથી
પણ એક છે.
ને
ક્ષણ પહેલાં
મીણબત્તીને
ઝળહળતી જોઈ
નિસાસા નાંખતું
અંધારું
કેટલું ખુશ છે!

(65, Falcon Drive, West Henrietta. N.Y. 14586, U.S.A.)

## અમે તમારી...

**● મંગળ રાવળ 'સ્નેહાતુર'**

અમે તમારી પડખે ઊભા ગામ બધુંયે ઠેલી;
તોય તમે ના મળિયા કો'દિ દલની ખોલી ડેલી!

શબદ તમારા ફૂલ સરીખા અઢળક લઉં હું ગોતી;
ખરા બપોરે તપતા રણમાં ઝંખું મખમલ મોતી!

ઘણા દિવસથી આંક્યું ભીતર રૂપ તમારું તરસ્યું;
હળવા પગલે હળુક દઈને હોઠો વચ્ચે પરસ્યું!

નખની ઉપર મૂકી નિશાની બનજો પ્રિયા ઘેલી!
અમે તમારી પડખે ઊભા ગામ બધુંયે ઠેલી;

આખો દા'ડો પોપટ વદતો મનાવો ભરપૂર
હૈયાને મૂજ કોરી ખાતો છેડતો એનો સૂર!

દીધેલ વચને કેમ વહે છે દવનો દળતો ભાસ?
જગવી તોયે જ્યોત રહ્યો છે અવઢવતો વિશ્વાસ!

દાદીની માળાઓ ક્હેતી "ઊગાડને વનવેલી...!"
અમે તમારી પડખે ઊભા ગામ બધુંયે ઠેલી;

તમે કહો તો ભવને આખો સાંધું તારી સાથે;
સઘળું જીવતર ત્યાગી દઈને મીંઢળ બાંધું હાથે.

નસીબના આ લેખ લખેલા કદિ'ના થાતા ખોટા;
એટલું સમજી વળજો પ્રિયા! ફાંટે બાંધી ફોટા!

પોકારે છે પગલે જોબન ટળવળતું મનમેલી...
અમે તમારી પડખે ઊભા ગામ બધુંયે ઠેલી.

(સર્વોદય આશ્રમ, સણાલી, તા. દાંતા, જિ. બનાસકાંઠા,
પીનઃ ૩૮૨ ૧૧૦. ફોનઃ ૦૨૭૪૭-૨૯૧૩૦૧)

**● અલ્પેશ 'પાગલ'**

હતો આદમી એક સાચે જ ઘેલો...
વધુમાં એ ફૂલોની ભાષા ભણેલો...

પછી તો બીજું પૂછવાનું હતું શું?
બિચારો આ દુનિયામાં અટવાઈ ગ્યેલો.

હતો એકલો એ, બધા ટોળકીમાં,
એ આવી ગયેલો આ દુનિયામાં વ્હેલો.

હજી કલ્પના જ્યાં પહોંચી નહોતી
એ આંસુ બની ત્યાં જઈ ઓગળેલો.

એ અઘરો બન્યો શાંતિના દૂત લેખે
કબૂતર હતો તો હતો સાવ સહેલો.

વખોડ્યો બધાએ બસ એકી અવાજે
અનુવાદ સપનાનો એણે કરેલો.

એ ધિક્કારતો'તો પ્રભુને, ધરમને,
ફક્ત આદમીયતનો આશિક રહેલો

એ કહેતો'તો હું મજનું રાંઝાનો ચેલો
'પાલગ' હતો સાવ માથાફરેલો.

('અમીપ્રભા', ૧૦૧-એ, કિડવાઈ નગર મેઈન રોડ,
ઉત્સવ એપા. સામે, રૈયા ચોકડી, રાજકોટ – ૩૬૦ ૦૦૫)



## ખોદી લે તારી મેળે!

ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લામાં દિલ્હીથી સોળ માઈલ દૂર સેહાની નામનું ગામ છે.

બ્રહ્મોદેવી નામની નવવધૂ પરણીને સેહાનીમાં પોતાને સાસરે આવી. એના પિયરમાં તો આંગણામાં જ કૂવો હતો, પણ અહીં સેહાનીમાં બે ખેતરવા દૂર ગામને કૂવેથી પાણીની હેલ સીંચી લાવવી પડતી હતી. ઉમંગભરી નવોઢાને ઘરના કૂવાની ખોટ સાલી અને રાતે પિયુની પાસે એણે વાત મૂકીઃ ''આપણા ફળિયામાં જ એક કૂવો હોય તો કેવું સારું!''

''તું કાંઈ ગામમાં નવીનવાઈની નથી આવી,'' પતિએ કહી દીધું, ''કૂવાની તારે એટલી બધી જરૂર હોય તો, ખોદી લે તારી મેળે!''

એ વેણ બ્રહ્મોદેવીના હૈયામાં કોતરાઈ ગયાં. વળતી સવારે પાણી ભરવા જતાં પોતાની પાડોશણો પરમાલી, શિવદેઈ અને ચંદ્રાવતી સાથે એણે વાત કરી. અને ચારેય સહિયરોએ મળીને એક યોજના ઘડી કાઢી.

એક સવારે, ચારેયના ધણી પોતપોતાનાં ખેતરે ગયા પછી, એ પાડોશણોએ ગામના ગોરને તેડાવ્યો, સારું મૂરત જોવરાવ્યું... પોતાના ઘરની લગોલગ એક કૂવો ખોદવા માંડ્યો. ઘરના આદમી સાંજે ખેતરેથી પાછા ફર્યા ત્યારે ફળિયામાં આઠ ફૂટ ઊંડો ખાડો જોઈને અજાયબ થઈ ગયા. તે છતાં મોઢેથી તો એટલું જ બોલ્યા કે, ''અરે, આ તે કાંઈ બાયડિયુંનાં કામ છે? આફૂરડી થાકીને પડતું મેલશે!''

પણ ખાડો તો દિવસે દિવસે ઊંડો થતો ગયો. ચારેય બાઈઓને કૂવાની ધૂન એવી લાગી ગઈ હતી કે રોજ ઊઠીને ઊંધે માથે ખોદ્યે જ જતી હતી. બે જણિયું અંદર ઊતરીને ખોદે, તો બીજી બે માટીના સૂંડલા બહાર ઠાલવી આવે.

પછી તો અડખેપડખેનાં છોકરાંઓ ને બીજી થોડી બાઈઓને પણ ચાનક ચડી... ફક્ત ગામના મૂછાળા મરદો જ હાંસી કરતા અળગા રહ્યા.

મૂરત કર્યા પછીના વીસમા દિવસે બ્રહ્મોદેવી ને શિવદેઈ ખાડાને તળિયે ઊભી ઊભી તીકમ ચલાવી રહી હતી, ત્યાં એના પગ તળેથી શીતલ જળની સરવાણી ફૂટી. એમ વાતમાં ને વાતમાં આખો કૂવો ખોદાઈ ગયો. ટાબરિયાંઓએ કિકિયાટા કર્યા. ગામની સ્ત્રીઓએ હરખનાં ગીતો ગાયાં. હવે તો પુરુષોએ પણ તારીફ કરી. આખા ગામમાં આનંદની લહરી ફરી વળી. પંચાયત ભેગી થઈ ને તેણે કૂવા પર પથ્થર-સિમેન્ટનું પાકું મંડાણ મુકાવવાનો ખર્ચ મંજૂર કર્યો.

આપણું સૌભાગ્ય છે કે બ્રહ્મોદેવી અને તેની આવી સહિયરો ગામેગામ પડેલી છે. ''ખોદી લે તારી મળે!'' કહીને કોઈ વાર એને ચાનક ચડાવી જોજો!

(અરધી સદીની વાચનયાત્રા, સંપાદકઃ મહેન્દ્ર મેઘાણી,
લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર, એપ્રિલ, ૨૦૦૪)

# ફૂલ વિનાની વેલ

## કિરીટ ગોસ્વામી

**(આપણા યુવાન, સંવેદનશીલ સર્જક અને શિક્ષક શ્રી કિરીટ ગોસ્વામીની આ લુઘનવલ શિક્ષણના પરિવેશમાંથી પાત્રો લઈને માનવહૃદયના વિવિધ ભાવોનું નિરૂપણ કરે છે. 'વિ'માં તેનાં પ્રકરણો ક્રમશઃ પ્રગટ થતાં રહેશે. સુજ્ઞ વાચકોનો પ્રતિભાવ અપેક્ષિત છે.)**

(ગતાંકથી ચાલુ)

(૧૦)

આખરે બકુલ, બધાંની વાત માની ગયો – માલતીની પાસે ડિવોર્સ પેપરમાં સહી કરાવીને તેણે અંબાની સાથે બીજું લગ્ન કરી લીધું.

માલતી હવે હૉસ્પિટલમાં રહેતી હતી.

વાસ્તવમાં માલતી પાગલ થઈ જ નહોતી! આ નાટક તો ફક્ત તેણે દીપુને પાછો મેળવવા અને ખાસ તો બકુલનું બીજું લગ્ન કરાવવા માટે કર્યું હતું! આ યોજનામાં, તેને, ડૉક્ટરસાહેબે ભરપૂર સહયોગ આપ્યો હતો. હવે તે પાગલખાનામાં રહેતી હતી ત્યાં પણ ડૉક્ટર અનામિકા, તેને પૂરેપૂરી મદદ કરી રહ્યાં હતાં...

છ મહિના જેટલો સમય પસાર થઈ ગયો.

એક સાંજે, માલતી ઉદાસ બેઠી હતી. અનામિકા ત્યાં આવી ને તેની સાથે વાતો કરવા લાગી.

'માલતી, તું ક્યાં સુધી આમને આમ, ચૂપ અને ઉદાસ બેસી રહીશ? ને ક્યાં સુધી આ બધું નાટક કરતી રહીશ?' અનામિકાએ પૂછ્યું.

માલતીએ વેદનાભરી આંખે, તેની સામે જોઈને કહ્યું – 'દીદી, તમે તો બધું જ જાણો છો...'

'હા, જાણું છું! ને એટલે જ કહું છું, માલતી! સમય અને જિંદગી, આગળ વધે છે! તો પછી તું આમ, એકને એક વળાંક પર શા માટે સ્થિર થઈ ગઈ છે?!' અનામિકાએ તેને ઢંઢોળતાં કહ્યું.

'એ વળાંક, મારો મનગમતો વળાંક છે, દીદી! હું ત્યાંથી આગળ વધી જ નથી શકતી! હું, મારા દીપુને –' માલતી એટલું બોલી, ત્યાં જ તેને અટકાવીને અનામિકાએ કહ્યું – 'એ બધી વાતો હવે ભૂતકાળ બની ગઈ છે, માલતી! ને ભૂતકાળ ગમે તેટલો સુંદર હોય તોય એનો શો અર્થ?!' એને પાછો તો ના જ લાવી શકાયને?!

'ભૂતકાળને ભલે, પાછો ના લાવી શકાય! પણ મારા દીકરા, દીપુને તો પાછો લાવી શકાયને!' માલતીએ કહ્યું.

અનામિકા જરા ઉગ્ર થઈને બોલી – 'માલતી! માલતી! ફરી પાછી એની એ જ વાત?! તારો દીકરો નથી – એ વાત, તું કેમ સ્વીકારી લેતી નથી?! એ સત્યને તું કેમ માની લેતી નથી?! તું, દીપુને પાછો મેળવવા માટે આ બધું કરી રહી છે – તે મને ઠીક નથી લાગતું, માલતી!'

'તો તમેય થાકી ગયાંને, દીદી?! તમેય મને સહાય કરવાના નથીને હવે?!' માલતીએ તૂટતા અવાજે પૂછ્યું.

'ના, એવી વાત નથી, માલતી! હું તો હંમેશાં તારી સાથે જ છું! પણ વાસ્તવિક પરિસ્થિતિનોય જરા વિચાર કરવો જોઈને?' અનામિકાએ દલીલ કરતાં કહ્યું.

તેની લદીલને ફગાવતાં, માલતી બોલી – 'મારા માટે તો એક જ વાસ્તવિકતા છે! એક જ સચ્ચાઈ છે! ને એ છે, મારો દીપુ! કોઈપણ ભોગે હું, તેને પાછો મેળવવા માગું છું! ભલે, પરિસ્થિતિઓ ગમે તેટલી બદલાય, સંજોગો ગમે તેવા વિકટ આવે પણ મારો દીકરો તો મને જોઈએ જ! ને મને વિશ્વાસ છે કે, મારી મમતા, તેને એક દિવસ જરૂર પાછો ખેંચી લાવશે!'

'આ બધો તારો મોહ છે, માલતી! દીપુ તરફનો તારો નક્કામો મોહ! મારું માન તો તું, તેને ભૂલી જા! અત્યાર સુધીમાં દીપુને પાછો મેળવવા માટે તેં કેટકેટલું સહન કર્યું! તારા જ પગર પર તેં કુહાડો માર્યો! તારા પ્રાણપ્રિય, બકુલને ત્યજી દીધો! તેનું બીજું લગ્ન કરાવ્યું! પાગલપનનું નાટક કરીને અહીં પાગલખાનામાં પડી છો પણ...' અનામિકા બોલતાં-બોલતાં જરા અટકી એટલે તરત જ માલતીએ તેને પૂછ્યું – 'પણ શું? દીદી, બોલોને!'

અનામિકાએ ઉગ્રતાભેર કહ્યું – 'પણ તોય તારો દીપુ ક્યાંય દેખાયો?! જેવી રીતે તું, તેને ચાહે છે! તેને મેળવવા માગે છે! એવી ચાહત, એવો પ્રેમ, એના દિલમાં છે ખરો? ના, બિલકુલ નહીં! જો એમ હોય તો – તો તે ક્યારનોય પાછો આવી ગયો હોય, તારી પાસે! પણ તેના તરફથી તો કોઈ સમાચાર પણ નથી

આવ્યા! કેટકેટલી તપાસ કરાવી આપણે! પણ બધું જ વ્યર્થ!'

'ના, દીદી! બધું જ વ્યર્થ નહીં જાય! એક દિવસ આપણી આશા જરૂર ફળશે! જોજો, તમે! મારો દીપુ, મને ક્યારેક તો પાછો મળી જ જશે!' માલતીએ જુસ્સાભેર કહ્યું.

'સાચું કહું, માલતી!? હવે મને લાગે છે કે, તું ખરેખર, પાગલ થઈ ગઈ છે! એક પારકા બાળકના મોહમાં, તેં તારી જિંદગીને રફેદફે કરી નાખી છે! ને હવે સાવ કેવી રઢ લઈને બેસી ગઈ છે! તેં જોયું ને! આ બકુલ પણ કેવો સ્વાર્થી નીકળ્યો! અંબાની સાથે લગ્ન કરીને કેવો ખોવાઈ ગયો છે! એકેય વખત, તે અહીં, તારી ખબર કાઢવા પણ નથી આવ્યો!' અનામિકા, રોષભેર બધું, એકીશ્વાસે જ બોલી ગઈ.

'હું પણ એ જ તો ઇચ્છું છું કે, બકુલ, મને ભૂલી જાય! એનોય ક્યાં વાંક છે કંઈ?! મેં, તેને ક્યાં કોઈ સુખ આપ્યું છે?! હવે સારું જ થયું કે, તે, અંબાની સાથે સુખ ભોગવે છે...' માલતીએ ગળગળા અવાજે કહ્યું.

અનામિકા, ઘડીભર માલતીની સામે, ચૂપચાપ તાકતી રહી. પછી તેણે કહ્યું – 'તો તું, આમને આમ, આવી જિંદગી ક્યાં સુધી જીવીશ? માલતી! ક્યાં સુધી તું, દીપુની રાહ જોયા કરીશ?!'

'જ્યાં સુધી, તે, મને પાછો ના મળી જાય, ત્યાં સુધી...' માલતીએ દૃઢતાથી કહ્યું.

'ઓહ...' અનામિકા કશુંક બોલવા ગઈ પણ અનાયાસે જ તેના હોઠ સિવાઈ ગયા. તેને લાગ્યું કે, તેની બધી જ સમજાવટ હવે વ્યર્થ છે! માલતી કોઈ હિસાબે, માનવાની જ નથી!

થોડીવાર સુધી બન્ને ચૂપ બેસી રહ્યાં.

એવામાં અચાનક વિનોદભાઈ ત્યાં આવ્યા. આવતાંવેંત જ તેમણે, અનામિકાને કહ્યું – 'અનુદીદી, તમે મને, આ માલતીબેનનાં દીકરા, દીપુને શોધવાનું કામ સોંપ્યું હતુંને?!'

'હા, હા, બોલને ભાઈ...' અનામિકાએ ઉત્સાહભેર કહ્યું.

'એની ભાળ મળી ગઈ છે...' વિનોદભાઈ બોલ્યા.

'સાચ્ચે?!' અનામિકા અને માલતી, બન્ને એકીસાથે, હર્ષાવેશમાં બોલી ઊઠ્યાં.

'હા!' વિનોદભાઈ એટલું બોલ્યા ત્યાં તો માલતી, હરખભેર, તેમને પૂછવા લાગી – 'ક્યાં છે, મારો દીપુ! જલદીથી કહોને, ભાઈ! શું કરે છે તે?! ચાલોને, ઝટ આપણે દીપુની પાસે જઈએ...'

'હા, હા, જરૂર જઈશું, માલતીબેન! પણ અત્યારે તમે શાંત થાવ! ને તમારો દીપુ, એકદમ બરાબર છે! તે પૂના ગયેલો, ભણવા! પણ હમણાં, તેના મિત્રોને ત્યાં રાજકોટ છે! લાંબી રજાઓ ગાળવા આવ્યો છે...' વિનોદભાઈએ બધી વાતની ચોખવટ કરી.

'હેં! મારો દીપુ, રાજકોટમાં જ છે?! આટલો નજીક જ છે! તો તો આપણે જલદીથી તેને મળી શકીશું!' માલતી હરખાઈ ગઈ.

'આપણે આવતીકાલે તેને મળવા જઈશું, હોં માલતીબેન!' વિનોદભાઈ બોલ્યા.

'કાલે કેમ? આજે, અત્યારે જ ચાલોને!' માલતીની ધીરજ હવે ખૂટવા લાગી.

'અત્યારે તો રાત પડી ગઈ છે, બેન! એક જ રાત આડે છે! કાલે સવારે આપણે જઈશું...' વિનોદભાઈએ કહ્યું.

'ઓહ! હજી એક રાત કાઢવાની છે?!' માલતીનું મોં પડી ગયું.

'આમ, નિરાશ શીદને થાય છે? માલતી, તારા દીકરાનો પત્તો તો મળી જ ગયો છે... બસ, હવે આજની રાત કાઢી નાખ! કાલે સવારે આપણે સૌ સાથે જ જઈશું!' અનામિકાએ, તેને આશ્વાસન આપતાં કહ્યું.

માલતીની આંખોમાંથી દડ-દડ કરતાં, આંસુ વહી નીકળ્યાં, તે બોલી – 'હા, દીદી! રાત તો હમણાં વીતી જશે! હમણાં હું, મારા દીપુની સામે પહોંચી જઈશ! જોજોને, મારી સામે આવતાં જ, એ મને નાના બાળકની જેમ વળગી પડશે! હું પણ તેને ધરાઈને વ્હાલ કરીશ! ને એ સામેથી જ મારી સાથે ચાલી નીકળશે! પછી અમે, મા-દીકરો હંમેશ માટે સાથે જ રહીશું! હું અને મારો દીપુ! બસ, બીજાં કોઈની જરૂર નથી! કોઈની નહીં...'

માલતી હરખઘેલી થઈ ગઈ. તેનો આ હરખ જોઈને, અનામિકા અને વિનોદભાઈની પાંપણો પણ અનાયાસે જ ભીની થઈ ગઈ...

(ક્રમશઃ)

(એફ-૨૦/૬૬૬, પ્રથમ માળ, રણજિતનગર, જામનગર – ૩૬૧ ૦૦૫. મો.: ૯૮૭૯૪૦૧૮૫૨)

# સ્વામી વિવેકાનંદ: પ્રખર રાષ્ટ્રવાદી વિભૂતિ

**આર. સી. દેસાઈ**

ગુલામીની બેડીથી બંધાએલ ભારતની સંસ્કૃતિ અને હિંદુ ધર્મ ઉપર વિદેશી આક્રમણથી મુંઝાયેલા ભારતવાસીઓને આત્મસન્માન બક્ષીને સ્વામી વિવેકાનંદે વિશ્વના પટ ઉપર હિંદુરાષ્ટ્રનું એક જુદું જ ચિત્ર ઉપસાવ્યું અને ભારતની સંસ્કૃતિ અને સમાજની અનોખી ઓળખ પ્રસ્થાપિત કરી છે.

સ્વામીજીએ ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩માં વૈશ્વિક ધર્મસંસદના તખ્તા ઉપરથી ભારતની સંસ્કૃતિ અને હિંદુ ધર્મ પાસે જગતને પ્રદાન કરવાનો અણમોલ ખજાનો છે તેવો બુલંદનાદ જગાવ્યો અને પછી આ વિશ્વવિજેતા સંન્યાસીએ વર્ષો સુધી અમેરિકા અને ઈંગ્લેન્ડમાં સતત સત્સંગ, ઉદ્‌બોધન અને કાર્યો દ્વારા વિશ્વના રાષ્ટ્રોની પ્રથમ હરોળમાં ભારતનું સ્થાન સુનિશ્ચિત કર્યું હતું. ચાલીસ વર્ષથી પણ ઓછા આયુમાં સ્વામી વિવેકાનંદે ભારતની એક આગવી પ્રતિમા ઘડી અને રાષ્ટ્રપુનર્નિર્માણની શક્તિનો અગ્નિ પ્રગટાવ્યો હતો. આ પ્રખર રાષ્ટ્રવાદી વિભૂતિનું જીવન, વિચારશૈલી અને કાર્યોનો અભ્યાસ કરી તેમની ૧૫૦મી જન્મજયંતીના વર્ષમાં આપણી માતૃભૂમિનું ગૌરવગાન કરીએ.

સ્વામીજી આદર્શોની પળોજણમાં પડ્યા વગર સર્વસામાન્ય લોકોના વિકાસ માટે કાર્ય કરવામાં માનતા હતા. રાષ્ટ્રપિતા ગાંધીજીએ પણ આ જ રીતે ભારતના માનવસમૂહની ચેતનાને જગાવીને આઝાદીના જંગમાં વિશાળ લોકસમુદાયને સામેલ કર્યો હતો. સ્વામીજીએ વિદ્વાનોની ભાષામાં પ્રવચનો કરીને નહીં, પણ સમગ્ર માનવસમાજ અને વિશેષે ગરીબ અને તરછોડાયેલા માનવ માટે સાચી સમજ અને કરુણાભર્યા કાર્યોને પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. ભગવાન બુદ્ધ તેમનો આદર્શ હતા અને તાત્ત્વિક મીમાંસાને બદલે હાર્દિક કરુણા અને પ્રેમ દ્વારા, કલકત્તાના આધુનિક સમાજને બદલે, છેવાડાના મનુષ્યની જરૂરિયાત પૂરી કરવા વિવેકાનંદ કટિબદ્ધ હતા.

સ્વામીજીને મહાત્મા ગાંધીની જેમ ગરીબો માટે હમદર્દી અને મૈત્રીભર્યો પ્રેમભાવ હતો. એમને પ્રતીતિ હતી સર્વે ચેતન જીવસૃષ્ટિની એકતાનું તત્ત્વજ્ઞાન સામાજિક વિકાસ કરવામાં નિષ્ફળ નીવડ્યું છે. પોતાના દેશભરના પ્રવાસ દરમ્યાન થાકેલા અને ભૂખથી પીડાતા સ્વામી વિવેકાનંદને એક મજૂરનો સામાન્ય રોટલો મેળવી અને નાતજાતની પરવા કર્યા વગર પોતાની ચલમ આપનાર ચમાર દ્વારા સંતોષ અને તૃપ્તિનો પ્રત્યક્ષ અનુભવ હતો. માટે જ તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે, ''ફક્ત આધ્યાત્મિક જ્ઞાન ઉપરનો આધાર અદ્વૈતવાદની ખામી છે, હવે તેને વધુ વ્યવહારુ સ્તર ઉપર દોરવાની જરૂર છે.'' વિવેકાનંદ જાણતા હતા કે પશ્ચિમને આધ્યાત્મિક પ્રકાશની જરૂર છે અને આ જ્ઞાન ભારત પાસેથી મળી શકે તેમ છે. તેઓ કહેતા કે સાંસારિક સિદ્ધિ અને સમૃદ્ધિને કારણે ઈંગ્લેન્ડ અને અમેરિકાના લોકોનું મન આધ્યાત્મિકતા માટે ફળદ્રુપ જમીન છે. સ્વામીજી વારંવાર કહેતા કે ''ભૂખ્યા પેટે ભક્તિ ન થાય.''

સ્વામીજી છેવાડાના માણસના સામાજિક ઉત્થાન માટે શક્તની સાથે હરેક વ્યક્તિમાં માનવ સહજ આત્મશ્રદ્ધા અને ગૌરવ નિષ્પન્ન થાય તેવો પ્રયત્ન અચૂક કરતા. સમાજના તરછોડાયેલા વર્ગનું સામાજિક ઉત્થાન થાય તે સ્વામીજીનો સિદ્ધાંત હતો. ખ્રિસ્તી પાદરીઓની જેમ વિકાસ માટે શિક્ષણ ઉપર સ્વામીજી વિશેષ ભાર મૂકતા હતા. અનંત અને અખૂટ ઈશ્વર શ્રદ્ધા સાથે એકાદ લાખ સ્ત્રી-પુરુષ, ભારત વર્ષનો ખૂણેખૂણો ખૂંદી મુક્તિ, મદદ, માનવ ઉત્થાન અને માનવ સમાનતાનો મહામંત્ર સહુના કાનમાં ફૂંકે તેવી મહેચ્છા અને યોજના સ્વામી વિવેકાનંદે ઘડી કાઢી હતી.

આદિ શંકરાચાર્યના અદ્વૈતવાદના ચેલા હોવા છતાંએ સ્વામીજી શાસ્ત્રચર્ચા અને જ્ઞાન કરતાં અંતઃપ્રજ્ઞાના અનુભવને ઊંચું સ્થાન આપતા હતા. આ ઉપરાંત પોતાના ગુરુ રામકૃષ્ણ પરમહંસના વર્ણાશ્રમ પ્રમાણે 'અધિકારભેદ'ના વિચારનો અસ્વીકાર કરી તેમણે પૃથક રાહ સ્વીકાર્યો હતો. આ બંને સંદર્ભમાં ત્યારની (અને કદાચ આજની પણ) પરિસ્થિતિમાં સહુનો સમાવેશ કરવાની સામાજિક હિંમત દર્શાવી વિવેકાનંદે 'આધ્યાત્મિક લોકશાહી' સ્થાપિત કરી હતી. સમાજસુધારણાના દૃષ્ટિકોણની સાથે સાથે વ્યક્તિગત ધોરણે અસામાન્ય પરિવર્તન સ્વામીજીની દૃષ્ટિ બહાર નહોતું. તેઓ માનતા કે માનવની સ્વતંત્રતા બહારની દુનિયામાંથી નહીં પણ તેના પોતાના અંતરમાં મહેસૂસ કરીને મેળવી શકાય છે. માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન નહીં પણ સ્વાનુભવ માનવ માત્ર માટે અગત્યનો છે. માણસ પોતે જ્યાં સુધી મુક્તિની ઝાંખી ન કરે ત્યાં સુધી તેને માટે કોઈ મોઝીઝ, જીસસ કે બુદ્ધની મુક્તિનો કશો જ અર્થ નથી, આથી સ્વામીજીની કાર્યસૂચિમાં માનવને સાચા અર્થમાં માણસ બનાવવાનો મુદ્દો પ્રાથમિક હતો. આ મુદ્દામાં ભૌતિક અને આધ્યાત્મિક બંને ક્ષેત્રે વિકાસનો સમાવેશ થાય છે. સ્વામી વિવેકાનંદના મત પ્રમાણે માનવીએ અભય, અહિંસા, અસંગ તથા આનંદ આ ચાર પ્રાથમિક ગુણ હાંસલ કરવા જોઈએ.

અંતરમાં દિવ્યતાના અનુભવથી અભય પ્રગટે છે. અને અભયને અહિંસા, અસંગ, તથા આનંદ અનુસરે છે. આ પાર્થિવ જગતમાં માનવૃત્તિ દુષ્કૃત્ય અને પાપ આચરવાની હોય છે. પરંતુ તે દિવ્યતાના પંથે વળે તો આ વૃત્તિનો સંયમિત કરી પોતાની જાત ઉપર કાબૂ મેળવે છે.

વિવેકાનંદ માનતા હતા કે આધ્યાત્મિક માર્ગનો પ્રવાસી અનૈતિક કાર્યોથી બચી જાય છે. સર્વમાં પરમ વસે છે એવી માન્યતા વ્યક્તિને હિંસાથી બચાવે છે. સ્વામીજીના મતે અસંગનો અર્થ સામાજિક સંબંધોથી દૂર રહેવાનો નહીં પરંતુ સ્વાર્થથી દૂર રહી અને કાર્યમાં તામસી લાગણીઓને હઠાવવાનો થાય છે. જગનિર્માતાની કૃતિ, આ દુનિયા  તેમને મન આનંદનો સ્રોત હતો. આપણા જીવનની ભૌતિક ઘટનાઓમાં પણ આધ્યાત્મિકતાની શોધ ચાલુ રહે તો જ પાર્થિવ દુનિયાની હસ્તી અર્થપૂર્ણ બની શકે. દુનિયાના સર્વ અંગોમાં પરમની લીલા છે એવી શ્રદ્ધા હોય તો જ આપણે મૂર્ખાઈભર્યા કાર્યો અને ભૂલોને ઉદાત્તતામાં પલટી શકીએ.

વિવેકાનંદના મતે 'ધર્મ' વ્યાપક અર્થમાં જીવનના બહુવિધ ક્ષેત્રોને સ્પર્શે છે. એક વેદાંતી લેખે તે ઉત્કટતાથી 'મોક્ષ' (મુક્તિ)ની સાધનાના હિમાયતી હતા, પરંતુ એક કરુણાસભર માનવી લેખે મુક્તિની મહેચ્છામાં મહદ્‌જન સમાજને, તેમના પાર્થિવ દુઃખોને નજરઅંદાજ કરતો વ્યવહાર અસ્વીકાર્ય હતો. ૧૮૯૪માં તેમના ગુરુભાઈને પાઠવેલા એક પત્રમાં તેમણે લખ્યું છે કે "માત્ર આધ્યાત્મિક સાધનામાં પ્રવૃત્ત વ્યક્તિ પ્રત્યે લક્ષ આપીને હિંદુ સમાજે બીજા સહુને બાકાત રાખ્યા છે. ઈશ્વરે સર્જેલા આ જગતમાં સામાન્ય માણસ આનંદ મેળવવા ક્યાં જાય?" આ જ સંદર્ભમાં પૂર્વ બંગાળના રાષ્ટ્રવાદી નેતા અશ્વિનીકુમાર દત્તને તેમણે કહ્યું હતું કે, "જ્યાં સુધી માતૃભૂમિનું એક કૂતરું પણ ભૂખે મરતું હોય ત્યાં સુધી તેને ખોરાક પૂરો પાડવો એ મારો 'ધર્મ' છે, અને બાકી સહુ અધર્મ અથવા ખોટો ધર્મ છે." સ્વામીજીનું માનવ પ્રત્યે અનુકંપા ભરેલું હૃદય આ જગતમાં અન્યના દુઃખે આંસુ સારતું હતું અને માનવની આર્થિક સ્થિતિમાં સુધારો થાય ત્યારે સુખનો અનુભવ કરતું હતું. વિવેકાનંદને, ૧૦-૧૨ વર્ષની કાચી ઉંમરે હિંદુ બાળાને માતા બનાવતા બાળ લગ્નનો તીવ્ર વિરોધ હતો અને જે ધર્મ વિધવાના આંસુ અટકાવી અથવા લૂછી ના શકે તે ધર્મ, તેમના મતે નિરર્થક હતો.

આજીવન બ્રહ્મચારી વિવેકાનંદને બાળાઓનાં યથોયોગ્ય લગ્ન ગોઠવાય તે આવશ્યક લાગતું હતું. સ્વામીજી સ્ત્રી સંબંધી કુપ્રથામાં સુધારો કરવા સ્ત્રીઓએ જ ચળવળ કરવી જોઈએ અને પુરુષો સહાનુભૂતિ દાખવે, પણ તેમણે ચળવળોમાં સક્રિય ભાગીદાર થવાનું ટાળવું જોઈએ, એમ માનતા હતા.

સ્વામીજીના મત અનુસાર હિંદુ ધર્મ એ આદિઅનંત સનાતન ધર્મ છે. તેની સ્થાપાના કોઈક ઐતિહાસિક ઘટના અથવા વ્યક્તિ ઉપર આધારિત નથી. સાથે સાથે વિવેકાનંદ એમ માનતા કે જ્ઞાતિપ્રથા એક સામાજિક રચના છે, તેને ધર્મ સાથે કોઈ સંબંધ નથી.

તેમના પાર્થિવ દેહ ત્યાગયના એકસોદસ વર્ષ પછી, સ્વામી વિવેકાનંદનો ખુલ્લા દિલનો અભિગમ અને ભારત તથા ભારતીયો માટે જ સમર્પિત જીવન, આજે પણ ઉદાહરણરૂપે પ્રસ્તુત છે. તેમના પૂર્વગ્રહ વગરના માનસિક વલણને કારણે 'કુરુક્ષેત્રમાં અર્જુનને ઉદ્‌ભવેલ વિષાદ યોગના મૂળમાં વિશાળ કૌરવસેનાની સામે હારનો ડર હતો' એવી સ્પષ્ટતા હિંમતભેર તેઓએ કરી હતી. એકવીસમી સદીની ગુરુ પરંપરા અને અદ્યતન હિંદુ ધર્મ સ્વામી વિવેકાનંદના દેશ-પરદેશમાં વ્યક્ત કરેલા વિચારો અને જીવન ઉપર મહદ્‌અંશે આધારિત છે.

સ્વામીજી પ્રખર રાષ્ટ્રભક્ત હતા પરંતુ રાજકારણી નહોતા.. તેમની દેશભક્તિ 'વોટબેંક' માટે નહોતી. તત્કાલીન ભારતનો વિકાસ તેમની ઝંખના હતી. તેમના રાષ્ટ્રપ્રેમમાં કોઈને પણ બાકાત કર્યા વગર સર્વ દેશવાસીનો પ્રિયજનોમાં સમાવેશ થયો હતો. તેમની રાષ્ટ્રભક્તિ પાયાની સુધારણા માટે હતી. નહીં કે આમઆદમીથી પરહેજ શિષ્ટ સંસ્થાઓ માટે. તેમની દેશભક્તિ અન્યની ઉછીની સંસ્કૃતિ પર નહીં પણ જન્મજાત સંસ્કારો દ્વારા વ્યક્ત થઈ હતી. પરંપરાગત સંન્યાસીથી જુદું વર્તન હોવા છતાં, સ્વામી વિવેકાનંદ હિંદુ સંન્યાસી પરંપરા અનુસાર જવાબદારીનું પાલન કરતા હતા. તેમના મતે સાચા અને લાંબાગાળા સુધી ટકાઉ સુધારા માત્ર સંન્યાસી જ લાવી શકે. નહીં કે સંસારી; કારણ કે સાંપ્રત જગતમાં સંન્યાસીને કોઈ સ્થાપિત હિત નથી હોતા કે નથી હોતી સ્વાર્થવશ વહાલાદવલાવૃત્તિ. સ્વામીજી દૃઢપણે માનતા કે રાગદ્વેષ વગર સમગ્ર સમાજનું હિત માત્ર સંન્યાસી જ સેવી શકે. તપના પાયા પર સ્થાપિત અને સંપૂર્ણ સ્વાર્થહીન કાર્ય માત્ર સંન્યાસી માટે જ શક્ય છે. તેમના માત્ર ચાલીસ વર્ષના પૃથ્વીવાસ દરમ્યાન સ્વામી વિવેકાનંદનું જીવન સતત તપસ્યામય રહ્યું હતું અને આજીવન સર્વ ભારતીયો વિશેષ કરીને હિંદુઓને માતૃભૂમિ અને જનસાધારણ માટે કાર્ય કરવા પ્રેરણાદાયી હતું. અને આજે પણ પ્રખર રાષ્ટ્રવાદી વિભૂતિ સ્વામી વિવેકાનંદ આપણા સહુ માટે પ્રેરણાનો સ્રોત છે.

('ફ્રન્ટલાઈન' સામાયિકમાં અમિયા સેનના લેખ ઉપર આધારિત)

(નિયામકઃ એચ.એમ. પટેલ કરિયર ડેવલપમેન્ટ સેન્ટર,
વલ્લભ વિદ્યાનગર. ફોનઃ ૦૨૬૯૨-૨૩૪૩૬૬)

# ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજી ભટ્ટ : જીવન અને કાર્ય (૧૮૩૯-૧૮૮૮)

હસમુખ વી. મકવાણા




## ૧. જન્મ, અભ્યાસ અને કારકિર્દીની શરૂઆત :

પુરાતત્ત્વવિદ્, સંશોધનના જીવ, ડૉ. ભાઉ દાજીના પરમ શિષ્ય અને બ્યુલર જેવા વિદેશી સ્કોલર પણ જેમના સંસ્મરણો લખવા પ્રેરાયા તે ભગવાનલાલ ઈન્દ્રજી ઈતિહાસના પ્રખર સંશોધક હતા. તેમનો જન્મ ૭ નવેમ્બર, ૧૮૩૯ના રોજ જૂનાગઢમાં થયો હતો.[૧] તે પ્રશ્નોરા નાગર જ્ઞાતિના હતા અને કુટુંબના સૌથી નાના પુત્ર હતા. તેમનું મોટાભાગનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુરત અને ભરૂચમાં થયું હતું. તેમના પિતાજી જ્યોતિષી અને મોટાભાઈ વ્યાકરણશાસ્ત્રી અને વેદાંતી હતા. તેમણે મુંબઈમાં રહીને પોતાનું અંગ્રેજીનું શિક્ષણ વિસ્તૃત બનાવ્યું હતું.[૨] તેમણે કરેલા પ્રાચીન સંશોધનમાં સંસ્કૃત ભાષામાં મેળવેલ પ્રાવીણ્ય તેમની પ્રતિભામાં ઉમેરો કરે છે. ઈ.સ. ૧૮૫૪ થી ૧૮૬૧ના વર્ષોમાં અંગ્રેજી વાંચી–સમજી શકે તેટલું પર્યાપ્ત જ્ઞાન તેમણે પ્રાપ્ત કરી લીધું હતું. ભગવાનલાલે પોતાના મોટાભાઈ પાસેથી સંસ્કૃતનું શિક્ષણ લીધું હતું. અશોક અને બીજા પ્રાચીન લેખોની ભાષા સમજવાની જરૂરિયાત ઊભી થતાં તેમણે ભાઉદાજી પાસે રહીને પાલિ અને પ્રાકૃત ભાષાનો અભ્યાસ કર્યો હતો.

બ્લુલર નોંધે છે કે પ્રાકૃત ભાષાનો અભ્યાસ ભગવાનલાલે ઈ.સ. ૧૮૭૫માં ગોરજી પાસે કર્યો હતો.[૩] મોટેભાગે મુંબઈમાં રહેતા તેથી મોટેભાગે ધર્માર્થે વૈદું (વૈદરાજ તરીકેનો વ્યવસાય) કરતા હતા. તેમના બીજા મોટાભાઈ રઘુનાથજી જામનગરમાં ઝંડું ભટ્ટજી (વૈદ્યશ્રી વિઠ્ઠલ ભટ્ટજી) પાસે વૈદકશાસ્ત્ર શીખેલા એટલે રઘુનાથજીએ ભગવાનલાલને વૈદકશાસ્ત્રનું જ્ઞાન પણ આપ્યું હતું.[૪]

## ૨. ગિરનારના શિલાલેખની લિપિ ઉકેલવામાં મળેલી સફળતા :

ભગવાનલાલ કિશોરાવસ્થામાં અભ્યાસકાળ દરમિયાન પોતાના વતન જૂનાગઢ જતા ત્યારે જૂનાગઢ શહેરથી પૂર્વમાં દોઢ કિ.મી. દૂર ૧૨ ફૂટની ઊંચાઈએ આવેલ અને ૭૫ ફૂટના પરિઘવાળી વિશાળ શંકુ આકારની ગ્રેનાઈટ પથ્થરની શિલા જોતા અને તેના પરનું લખાણ ધ્યાનથી જોતા. ૨૨ સદીઓથી આ ખડક અહીં પડેલો હતો. આ શિલા પર હિંદના પ્રાચીન સમયના જુદા – જુદા સમયના પ્રાચીન ઈતિહાસના ત્રણ મહત્ત્વના અભિલેખો કોતરેલા હતા. તે વિચારતા કે આ કઈ ભાષામાં કોતરેલા હશે ? કારણ કે ત્રણેય અભિલેખની લિપિ એક ન હતી. સૌથી જૂનો અશોકનો શિલાલેખ પ્રાકૃત ભાષાની બ્રાહ્મી લિપિમાં, બીજો સંસ્કૃત ભાષામાં અને ક્ષત્રપકાલીન બ્રાહ્મી લિપિમાં કોતરાયેલો મહાક્ષત્રપ રુદ્રદામાનો (ઈ.સ. ૧૫૦ માં કોતરેલો) અને ત્રીજો ગુપ્તકાલીન બ્રાહ્મી લિપિમાં ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તનો (ઈ.સ. ૪૬૫ – ૫૭) હતો.

ભગવાનલાલ ઈન્દ્રજી લિપિવિદ્યાના નિષ્ણાત હતા. ભગવાનલાલે આ લિપિ ઉકેલવાનો ભગીરથ પ્રયાસ આદર્યો. આ પહેલાં જેમ્સ પ્રિન્સેપે ઈ.સ. ૧૮૩૭ માં અને ઈ.સ. ૧૮૨૨માં કર્નલ ટોડે આ અંગેનો પ્રયાસ કર્યો હતો. ભગવાનદાસે આ લિપિ ઉકેલવામાં રાત–દિવસ એક કર્યાં હતાં. શિલાલેખની છાપ તેલિયા કાગળ પર લઈ અને એ મૂળાક્ષરોને વાંચવાની મહેનત કરી. પરંતુ લેખોમાં આવતા જોડાક્ષરો અને માત્રાઓ બરાબર બંધ બેસતા ન હતા. તેથી વાંચવામાં તકલીફ થતી હતી. આ માટે ખાસ મુંબઈથી પત્ર લખી અને બ્રાહ્મી લિપિના સંશોધન ગ્રંથો મંગાવ્યા હતા.

ભગવાનલાલ ગિરનારની તળેટીમાં રોજ સવારે પહોંચી જતા અને સાંજે પાછા આવતા. આમ, ભારે પરિશ્રમ, મહેનત અને લગનથી શિલાલેખના ત્રણ લેખો વાંચવાનું અને તેની અધિકૃત નકલ તૈયાર કરવાનું દુષ્કર કાર્ય પાર પાડ્યું હતું. ભગવાનલાલે શિલાલેખ ઉકેલવામાં જ બ્રાહ્મી લિપિનો વિશેષ પરિચય થયો હતો. કર્નલ લેંગ અને તેના સમકાલીન અંગ્રેજ અધિકારી સર એલેકઝાંડર

કિન્લોક ફાર્બસ પણ અક્ષર ઉપાસક ભગવાનલાલથી ખૂબ પ્રભાવિત થયા હતા.

### ૩. ડૉ. ભાઉદાજીના શિષ્ય અને સહકાર્યકર તરીકેની કામગીરી :

ભગવાનલાલે નિઃસ્પૃહભાવે ઇતિહાસ સંશોધન, ડૉ. ભાઉદાજીના શિષ્ય અને સહકાર્યકર તરીકેની કામગીરી કરી હતી. તેઓ મુંબઇમાં પુરાતત્ત્વ વિદ્યાના રસિક ડૉ. ભાઉદાજીના પરમ શિષ્ય હતા અને એમના જ કહેવાથી ભારતભરના ૨૬ જેટલા સ્થળોના અવશેષીય સાધનો એકત્ર કરવાનું અતિ દુષ્કર કાર્ય ખૂબ ઉત્સાહથી ઉપાડ્યું હતું. તેમણે ભારતભરમાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન અને ઓરિસ્સા જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. ઇ.સ. ૧૮૭૪ માં ડૉ. ભાઉદાજીના અવસાનથી એક ગુરુ, માર્ગદર્શક, હમદર્દ અને વડીલ ગુમાવ્યાનો આઘાત લાગ્યો.

### ૪. ભગવાનલાલ ઇન્દ્રજીની ઇતિહાસલેખન અને ઉત્ખનન પ્રવૃત્તિ :

ભગવાનલાલ ભટ્ટની ઉત્ખનન પ્રવૃત્તિ, લેખનવિદ્યા, તેમના ગ્રંથો અને લેખોમાં તેમની વિદ્વતાનો પરિચય થાય છે. તેમનો સૌપ્રથમ લેખ ઇ.સ. ૧૮૭૭માં 'ગુજરાત અને માળવાના ગધૈયા સિક્કા' નામનો પ્રકટ થયો હતો. તેમના નાના–મોટા લખાણોની સંખ્યા લગભગ ૩૬ ની છે. કુલ ૩૬ લખાણોમાં લગભગ ૨૫ લખાણો ઉત્કિર્ણ લેખોને લગતા છે. સમગ્ર દેશમાં ફોટોગ્રાફી અને સિક્કાઓની શોધની રઝળપાટથી આર્થિક રીતે ઘસાઇ ગયા હતા. તેમ છતાં તેમના આ કાર્યમાં ઉત્સાહની ઓટ આવવા દીધી ન હતી.

### ૧. ગુફા મંદિરોના સ્થાપત્ય પ્રત્યેનું આકર્ષણ :

ગુફા મંદિરોના આકર્ષણની શરૂઆત જૂનાગઢના ઉપરકોટની બૌદ્ધ ગુફાની તેમણે કરેલી શોધથી થઇ ચૂકી હતી. ઐતિહાસિક અભિલેખોમાં ભગવાનલાલને વધુ રસ હોવાથી તે અભિલેખો અને ઐતિહાસિક સ્મારકો સાથે અત્યંત ગાઢ રીતે સંકળાયેલા હતા. તેમાં પણ જૂનાગઢ, નાસિક, જુન્નર, અજન્તા અને બોધ ગયાની ગુફાઓ પ્રત્યે તેમને વિશેષ લગાવ હતો. નાસિકની પાંડુ લેણા ગુફાઓના ભગવાનલાલે કરેલા વર્ણનોમાં તેના મૂળ ક્ષેત્રની ભૂગોળ તેની આસપાસની પ્રકૃતિ, એમાંના અભિલેખો, ગુફાઓના વિગતવાર વર્ણનો, તેની લિપિ, તેનો ઇતિહાસ, અભિલેખોમાં ઉલ્લેખાયેલા પ્રદેશો, નદીઓ, પર્વતો, ગામડાઓ, નગરો વગેરેનું વિગતવાર વર્ણન કરેલું છે.[૫] ભગવાનલાલે જે સંવેદનશીલતા તેના વર્ણનોમાં દર્શાવી છે તેને બહુ ઓછા લોકો પામી કે આંબી શક્યા છે. નાસિક પાસેની વીસ નંબરની ગુફાના ખડકમાં કોતરેલા મંદિરનું તેમનું સાંપ્રત વર્ણન ૧૯મી સદી સુધી સ્થાનિક લોકો દ્વારા પુજાતી બૌદ્ધ મૂર્તિઓના સ્થાનિક લોકોએ કરેલા વિવિધ અર્થઘટનની પણ વિદ્વતાપૂર્ણ નોંધ છે.

### ૨. ભારતીય પુરાતત્ત્વના ઇતિહાસનું સીમાચિહ્ન – સોપારા ઉત્ખનન :

ભગવાનલાલે ઇ.સ. ૧૮૮૨ માં સોપારા ખાતે તેમણે હાથ ધરેલા ઉત્ખનનનો અહેવાલ પ્રકાશિત થયો હતો. આ પ્રકારનું કામ કરનાર તેઓ સૌપ્રથમ ભારતીય હતા એટલે તેમના આ કાર્યને ભારતીય પુરાતત્ત્વવિદ્યાના ઇતિહાસમાં એક સીમાચિહ્ન તરીકે ઓળખાય છે.[૬] નાની શોધોનું વિગતવાર દસ્તાવેજીકરણ, ઉત્ખનન દરમિયાન અશોકકાલીન શિલાખંડને શોધી કાઢીને અભિલેખની વાચના તૈયાર કરવા સહિત પ્રાપ્ત થયેલા અન્ય અભિલેખો અને સિક્કા સામગ્રી ઉપર પ્રકાશ પાડવો, સમગ્ર કાર્યસ્થળ વિશે અર્થસભર નોંધ તૈયાર કરવી એ ભગવાનલાલના કાર્યનાં મહત્ત્વનાં લક્ષણો હતાં. સોપારાના અવશેષો દ્વારા ભગવાનલાલે પુરવાર કર્યું છે કે ઇ.સ. ની બીજી સદીમાં સોપારામાં સુરુચિપૂર્ણ કારીગરો હશે, ઈંટો ખૂબ ઊંચી ગુણવત્તાવાળી વપરાતી હશે, પિત્તળની મૂર્તિઓને ખૂબ સારી રીતે ઢાળવામાં આવતી હશે. આધુનિક પિત્તળની હિંદુ મૂર્તિઓની સરખામણીમાં સ્પષ્ટ, ધારદાર અને જીવંત જેવી લાગતી હતી. સોના અને ચાંદીના કામ કરનાર સોની કારીગરોની કુશળતા તેમના ચાંદીના સિક્કાઓમાં, સોનાના ફૂલની નમણાશમાં અને નાના સૂવર્ણપાત્ર ઉપરના સુંદર ઘાટમાં દેખાય છે.[૭]

### ૩. જૈન સ્તૂપ :

ભગવાનલાલે ઇ.સ. ૧૮૬૯ માં મથુરામાં એક અભિલેખ શોધી કાઢ્યો હતો જેમાં સ્તૂપ દર્શાવવામાં આવ્યો હતો. આ એક એવી શોધ હતી જેના વિશે તો જૈન ધર્મ અને કળાના વર્તમાન વિદ્વાનો પણ જાણકારી ધરાવતા ન હતા. આ જૈન સ્તૂપ વિશેની વધારે વિગતો તેમના જ શબ્દોમાં જોઇએ. ''મથુરામાં મેં શોધી કાઢેલા કોતરેલા લખાણવાળા એક શિલ્પમાં લખાણની મધ્યમાં એક સ્તૂપ કોતરેલો હતો. એની આજુબાજુ ફરતે એક કઠેરો અને વચ્ચે એક દરવાજો હતો. સ્તૂપની ઉપર બે

કઠેરા કોતરેલા હતા – એક મધ્યના ભાગમાં અને બીજો એનાથી થોડા ઉપરના ભાગમાં સ્તૂપની બન્ને બાજુએ એક એક નૃત્યાંગનાનું શિલ્પ હતું અને નૃત્યાંગનાની પાછળના ભાગમાં એક એક સ્તંભ હતો. જમણી બાજુના સ્તંભ ઉપર એક સિંહ અને ડાબી બાજુ પરના સ્તંભ ઉપર ધર્મચક્ર કોતરેલાં હતાં. ઉપરની બાજુએ મુકાયેલા સાધુઓ અને કિન્નરોને જાણે સ્તૂપની દિશા તરફ ઊડતા હોય એવી રીતે કોતરેલા હતા. એના આકાર અને દેખાવની દૃષ્ટિએ આ સ્તૂપ અત્યાર સુધીમાં મળી આવેલા અન્ય બૌદ્ધ સ્તૂપને સાવ મળતો આવે તેવો છે, પરિણામે એ બૌદ્ધ સ્તૂપ હોય એવું માની લેવાય તેવું જ છે. પરંતુ કોતરેલા બે કઠેરા વચ્ચેના અભિલેખની છ લીટીઓ એ સ્તૂપ જૈન છે એવું નિયત કરવામાં કોઈ શંકા રહેતી નથી.''[૮]

**૪. મથુરા :**

ભગવાનલાલનું લક્ષ્ય ગુફાઓમાં કોતરાયેલા સંકુલોને પણ વટાવી જાય છે. ઇ.સ. ૧૮૬૮ ના સમયે એટલે કે સાવ આરંભકાળ કહેવાય એવા સમયે તેમણે જૂનાગઢમાં ઉત્ખનનનું કાર્ય કર્યું હતું. એ ઉત્ખનનના પરિણામે જેને ગ્રેકો – ગેક્ટ્રિયન કહેવામાં આવે છે એવાં શિલ્પો મળ્યાં હતાં. એ પછીના વર્ષે તેમણે મથુરાની મુલાકાત લીધી હતી તેમાં ઘણી શોધો કરી કરી હતી તેમાંની એક મહત્ત્વની શોધ એટલે રાણી કંબોજિકનું શિલ્પ અને એક સિંહાકૃતિવાળા સ્તંભની શોધ. રાણી કંબોજિકાના શિલ્પ વિશે અને ઉત્તરના ક્ષત્રપો વિશે લખેલા તેમજ તેમના મરણોત્તર પ્રકાશિત થયેલા એક શોધપત્રમાં ભગવાનલાલે વિગતે વર્ણન પણ કર્યું છે.

વોગલે તેમની આ શોધને મહત્ત્વની ગણાવતાં જણાવે છે કે ''આ શિલ્પ અંગેની સૌથી નોંધપાત્ર હકીકત એ છે કે શૈલી અને સામગ્રી શિલ્પને ગાંધાર શિલ્પ હોવાનું દર્શાવે છે. આ શિલ્પ મથુરામાં મળી આવ્યું એ બૌદ્ધકાળના ઇતિહાસની એક અત્યંત રસપ્રદ ઘટના છે. એ પછીના તરતના ગાળામાં સંકુલ લખાણો ધરાવતો સિંહાકૃતિવાળો સ્તંભ રાણીની મળી આવેલી મૂર્તિના દક્ષિણ ભાગમાં દટાયેલો મળી આવ્યો હતો'' ભગવાનલાલની અન્ય એક મહત્ત્વની શોધને પણ કનિંકહામે ઇ.સ. ૧૮૮૦ માં પ્રકાશિત કરી હતી તે એક ઇ.સ. ૪૪૮–૪૯ વર્ષની કશાન શૈલીની અત્યંત વિશિષ્ટ ગુપ્તકાલીન બુદ્ધપ્રતિમા હતી જે માનકુંવરની ઉત્તરપૂર્વમાં થોડા અંતરે ભગવાનલાલને મળી હતી.

**૫. ભગવાનલાલ ઇન્દ્રજીનું વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન :**

ભગવાનલાલ ઇન્દ્રજીની પુરાતત્ત્વીય, સંશોધકીય અને ઇતિહાસલેખન પ્રવૃત્તિને કારણે તેમને દેશ અને પરદેશની વિવિધ સંસ્થાઓએ પણ સન્માન્યા છે. તેથી જ વિશ્વના પુરાતત્ત્વવિદો અને બીજા નામી ઇતિહાસકારોએ તેમને સન્માન્યા અને સત્કાર્યા છે. ડૉ. બ્યુલહર, ડૉ. જે. એ. કેમ્પબેલ, ડૉ. કાડ્રિંગ્ટન,ડૉ. પીટરસન અને ડૉ. બર્જેસ જેવા મોખરે છે. ઇ.સ. ૧૮૭૭માં 'રૉયલ એશિયાટિક સોસાયટી' મુબઇ શાખાએ તેમને 'માનદ સભ્ય' ચૂંટ્યા ઉપરાંત ૧૮૮૪માં 'ફેલો' તરીકે પણ નીમ્યા, લીડન યુનિવર્સિટીએ ૧૮૮૪ માં તેમને માનદ 'ડૉક્ટરેટ'ની પદવી આપી. ઇ.સ. ૧૮૮૨ માં 'મુંબઇ યુનિવર્સિટીના ફેલો' તરીકે નીમાયા હતા.[૯]

**૬. ભગવાનલાલ ઇન્દ્રજી ભટ્ટનું ગુજરાતના સમર્થ ઇતિહાસકાર તરીકે મૂલ્યાંકન :**

'બોમ્બે ગેઝેટિયર – વોલ્યુમ' માં 'ગુજરાતનો ઇતિહાસ' ૧૮૯૦ માં છપાયો તે પણ ડૉ. ભગવાનલાલની સંશોધન નોંધને આધારે જ પ્રગટ થયો હતો. ભવ્ય ગુજરાતની યશગાથા ઉકેલનાર આ ઇતિહાસકારના કાર્યો આપણને ગૌરવ અપાવે તેવા છે. ભગવાનલાલ ઇન્દ્રજીને ગુજરાતના સૌપ્રથમ વૈજ્ઞાનિક ઇતિહાસકાર ગણી શકાય. તેઓએ પુરાતત્ત્વ, સિક્કાઓ, અભિલેખો ઉપરાંત ઉપલબ્ધ તમામ સાધનોનો ઉપયોગ કરી વૈજ્ઞાનિક ધોરણે ઇતિહાસલેખન કરી ગુજરાતના ભાવિ ઇતિહાસકારોનો માર્ગ પ્રશસ્ત કર્યો હતો.

ભગવાનલાલ ઇન્દ્રજીએ 'વીલ' કર્યું એમાં પોતાનાં જૂનાં પુસ્તકો મુંબઇની રૉયલ એશિયાટિક સોસાયટીને આપી દીધાં. પુસ્તકો ઉપર 'ડૉ. ભાઉદાજીના શિષ્ય ભગવાનલાલ ઇન્દ્રજી સંગ્રહ' એમ લખાવ્યું. જે પોતાના ગુરુ-શિષ્ય અંગેનો ભાવ છતો કરે છે. સિક્કાઓ અને મથુરામાંથી મળેલો ખરોષ્ઠિ લિપિનો લેખ, નેતા સિંહના ચિહ્નવાળા અશોક સ્તંભનો ઉપરનો ભાગ બ્રિટિશ મ્યુઝિયમને ભેટ આપ્યું અને તામ્રપત્રો અને શિલાલેખો તેની મૂળ વ્યક્તિઓને પાછું આપી દેવું એમ ઠરાવ્યું.

ભગવાનલાલે સંશોધનનું તત્ત્વ પોતાના ચિત્તમાં ઉતારી લીધું હતું. પુરાતત્ત્વના ક્ષેત્રમાં ભગવાનલાલના સમકાલીનો કે.ટી.તેલંગ, ડૉ. આર. જી. ભાંડારકર, ઝવેરીલાલ ઉમાશંકર યાજ્ઞિક હતા. ભગવાનલાલની અંતિમ અવસ્થા વખતે તેમની આર્થિક પરિસ્થિતિ અસહ્ય ખરાબ હતી. રહેવા માટેની કોઇ ખાસ વ્યવસ્થા ન હતી. તેથી કાઠિયાવાડના રાજાઓ, શ્રીમંતોની

મદદથી ભાટિયાઓએ રૂ. ૧૦,૦૦૦/- નો ફાળો કરી અને મુંબઈમાં એક મકાન ખરીદી આપ્યું.

ખરી કરુણતા તો એ હતી કે મહાન પુરાતત્ત્વવિદે પોતાની કમાણીમાંથી મકાન પણ ન બનાવ્યું અને આજે જેની કિંમત કરોડોમાં થાય છે એવા સિક્કા અને મૂર્તિ, શિલાલેખોની હસ્તપ્રતનો સંગ્રહ કર્યો હતો. અંતિમ દિવસોમાં તેમની વતન જૂનાગઢ આવવાની બહુ ઈચ્છા હતી પણ એ પૂરી થઈ શકી ન હતી. છેવટે ઓગણપચાસ વર્ષની નાની ઉંમરે ભગવાનલાલ ઈન્દ્રજીનું ૧૬/૩/૧૮૮૮ ના રોજ અવસાન થયું હતું.[૯] ૧૯ માર્ચ, ૧૮૮૮ના મુંબઈ સમાચારે પણ ભગવાનલાલ ઈન્દ્રજીના અવસાનની નોંધ લેતાં લખ્યું હતું કે ''ડૉ. ભગવાનલાલ મુંબઈ ઉપરાંત સમગ્ર હિંદમાં પુરાતતત્ત્વવેત્તા અને સિક્કાશાસ્ત્રી તરીકે મશહૂર હતા, અને યુરોપમાં પણ તેમની નામના હતી તેઓ તદ્દન નિખાલસ, પ્રેમાળ અને આનંદી સ્વભાવના સજ્જન હતા. તેમનું અવસાન થતાં સમગ્ર હિંદે તેનો મહાન સપૂત ગુમાવ્યો હતો''[૧૦]

**Journal B.B.R.AS. માં ભગવાનલાલ ઈન્દ્રજીના છપાયેલા લેખો**

1. Gadhaia Coins of Gujarat and Malva, Vol. XII, p. 325.
2. Revised Facsimile, Transcript and Translation of Inscription, Vol. XII, p. 329.
3. On Ancient Nagari Numeration from an inscription an Nanaghat, Vol. XII, p 404.
4. A New Andhrabhritya King from a Kanheri Cave Inscription, Vol. XII, p 407
5. Copper-plate of a Silahara Dynasty, Vol. XIII, p. 1.
6. Coins of the Andhrabhritya Kings of Southern India, Vo. XIII, p. 303.
7. Antiquarian Remains at Sopara and Padana, Vol. XV, p. 273.
8. A new Copper – Plate Grant of the Chalukya dynasty found at Navasari, Vol. XVI, p. 1.
9. A Copper – Plate grant of the Traikutaka King Dahrasena, Vol. XVI, p. 346.
10. Transcipt and Translation fo the Bhitari Lat Inscription, Vol. XVI, p. 349.
11. An Inscription of king Asokawalla, Vol. XVI, p. 351.

**Indian Antiquary માં છપાયેલા ભગવાનલાલ ઈન્દ્રજીના લેખો**

1. Ancient Nagari Numerals, with a not by Dr. Buhler, Vol, VI, p. 42.
2. The Inscription of Rudradaman at Junagadh, Vol. VI, p. 257.
3. The Shaiva Parikrama, Vol. IX, p. 144.
4. Inscription from Nepal, Vol. IX, p. 163.
5. Inscription from Kam of Kamvan, Vol. X, p. 125.
6. Inscriptions of Asoka, Vol. X, p. 106.
7. The Kahaum Inscription of Skandagupta, Vol, X, p. 125.
8. An Incription at Gaya, Dated in the year 1813 of Buddha – Nirvan, with two other of the same period, vol. X, p. 341.
9. A Bectro – pali Inscription of Silahar, Vol. XI.
10. A New Yadav Dynasty, Vol. XII, 119.
11. A New Gujarat Copper-Plate Grant, Vol. XIII, p. 70.
12. Some Considerations on the History of Nepal edited by Dr. Buhler, Vol. XIII, p. 411.
13. International Congress of Orientalists held at Leyden 1833 – The Hathigumpha and three other Inscriptions in the Udayagiri Caves.
14. I.C.O. Viena 1887 – Two New Chalukya Inscriptions.

**Bombay Gazetteerમાં છપાયેલા ભગવાનલાલ ઈન્દ્રજીના લેખો**

1. Early History of Gujarat, (Vol. I, Part I)
2. Thana Places of Interest, (Vol. XIV)
3. Early History of Thana, Bombay Ghazetteer, Vol. XIII.
4. Pandu Lena Caves, Nasik in B.G., Vol. XVI.
5. Archaeological Survey of Western India, Vol. IV.
6. Western Kshatraps, J.R.A.S., 1890.
7. Mathura Lion – Pillar Inscription, J.A.R.S. 1894.

**પાદટીપ**


૧. શાસ્ત્રી દુર્ગાશંકર, ભગવાનલાલ ઈન્દ્રજી : જીવનચરિત્ર, અમદાવાદ, ૧૯૪૫.
૨. ખાચર પ્રદ્યુમ્ન, ઈતિહાસ એટલે શું ?, સણોસરા, ૨૦૦૩, પૃષ્ઠ-૧૪૩.
૩. પથિક ત્રૈમાસિક, જુલાઈ – સપ્ટેમ્બર, અમદાવાદ, ૨૦૦૩, , પૃષ્ઠ – ૯૯.
૪. મહેતા મકરંદ, ગુજરાતના ઘડવૈયા : ભગવાનલાલ ઈન્દ્રજી, અમદાવાદ, ૨૦૦૯.
૫. ખાચર પ્રદ્યુમ્ન, પૂર્વોક્ત.
૬. સમીપે – ચૌદ, પુસ્તિકા ૪, વડોદરા, ૨૦૦૯, પૃષ્ઠ – ૭૪.
૭. એજન
૮. એજન
૯. પથિક, ત્રૈમાસિક, પૂર્વોક્ત, પૃષ્ઠ – ૧૦૨.
૧૦. મહેતા મકરંદ, ગુજરાતના ઘડવૈયા, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૧, પૃષ્ઠ-૧૧૮.
૧૧. સમીપે – ચૌદ, પુસ્તિકા ૪, વડોદરા, ૨૦૦૯, પૃષ્ઠ – ૭૪.



(Assistant Professor, Dept. of History,
Shri Vani Vinayak Arts & Comm. College,
Bhachau – Kachchh. M.: 9712999983
Email : hasmukh.hasmukh2008@gmail.com)

# Social custom of merchant communities

**Monika Sharma**

In the coastal region of Gujarat, merchants were vigorously involved in marine trade and other commercial activities. Many merchants who had settled down here became popular as Gujarati merchants. These merchants had a social life and were following their traditions, rituals and all the ceremonies according to their religion. They were enjoying their social life and social activities.

Marriage is one of the oldest institutions of society. It is not only a bond of people but a bond of two families. A set of adjustments, peculiar to human beings, which arises from the fundamental fact of necessity for the preservation of the race, developed into an institution which is called 'Marriage and family'.

The present paper intends to explore operative customs and mores of Gujarati merchants which are sparingly mentioned in the regional sources as well as find mention in travelogues.These observations make an interesting study of a hitherto untapped area.

Among the Vaishnava/Meshri Banias, marriage was regarded as a sacred custom even the Gods were married and had a consort.[1] The above was a hard-working class, attached to trade and merchandise, with an extra-ordinary devotion towards religious matters.[2]It is noteworthy that they did not worship a bachelor or virgin. Shiva is '*Ardhanarishwra*', and his image signifies the co-operative, interdependent, separately incomplete but jointly complete masculine and feminine functions of the Supreme Being.[3]

Second marriage was allowed in some cases, as Ovington explains, in case of Banias of Surat: "*second marriage, which was indulged to the men, was solemnly prohibited to the women.*"[4] About the polygamy, Ovington says that besides the second marriages, polygamy was allowed to wanton husbands.[5] Abul Fazl says that -"*nor does his majesty approve of everyone marrying more than one wife, for this ruins a man's health and disturb the peace of home.*"[6] He issued orders that a man of ordinary means should not have more than one wife unless the first proved to be barren.[7]

Girls were married when they were seven, nine or eleven years old.[8] The Banias sometimes marriedtheir mistress at six or seven years of age.[9] Among the '*Kapol*'[10] Banias, some girls remain unmarried till they were fourteen or sixteen.[11] The marriage-day was fixed between the eleventh of the '*kartak-sud*' (October-November) and the eleventh of the '*asad-sud*' (June-July).[12] A few days before the marriage, father of the girl invited friends, relatives and an astrologer who decides an auspicious day for the ceremony and presented by husked rice and a rupee. The marriage-day was written on a roll of paper, which was sent by the girl's family-priest to the boy's father. The priest was invited to a feast and given a present to him.[13]

Three or five days before the marriage, Ganapati was worshiped at both the houses. One or two days before the marriage-day a ceremony in honour of ancestors and propitiation of the planets, was performed at the house of the bride and bridegroom.[14]

On the marriage-day at the bride's house a place generally in front of the entrance door

of the house, about four feet square, was enclosed by four bamboo-posts one at each of the corners. At each of the four corners three bamboos were set in the ground leaving between them a space of about eight inches and round the three bamboos a red string was tied. In the space between the three bamboos, seven plain empty earthen pots were piled, the largest at the foot the smallest at the top. In the square, between the four piles of pots, which was called the '*chouri*', the bride and bridegroom sit and the marriage ceremonies were performed.[15] Caste-dinners were given at the house of both- the bride and bridegroom, on the marriage-day or on some day before or after the marriage.[16]

As among the Meshri Banias, marriage was forbidden between '*dasa*' and '*visa*', Shravakas (Jains) also followed the same custom. A *dasa* Shrimali Bania never married with a *visa* Shrimali, and a *dasa* Porvad never marries a *visa* Porvad. But unlike Meshris, member of corresponding minor divisions, sometimes intermarry. A *dasa* Shrimali marries a *dasa* Porvad and a *dasa* Oswal marries a *dasa* Porvad or a *dasa* Shrimali.[17] But Ovington observed that all marriage limited to one sect, and contracted only between persons of the same profession. The merchant was debarred from entering into any league of love with a daughter of a goldsmith, shoemaker, or any other different professions. All persons were under a strict confinement, in their matrimonial ties and addresses to direct their passions and affections to those only of their own opinion and trade.[18]

In some cases in north Gujarat the difference of religion was not considered a bar to marriage. *Dasa* Shrimali Shravaka marries with *dasa* Shrimali Meshri. The *dasa* and *visa* Porvad Shravakas marry with *dasa* and *visa* Porvad Meshris.[19]

With a few exceptions, the Shravaks Bania marriage ceremony was the same as that performed by Meshri Banias. In Shrvaka Banias, on the second day of marriage, bridegroom and his friends were involved to a feast by the bride's father. The marriageable age of a boy was seven and upwards and of a girl from seven to twenty in some parts of north Gujarat.[20]

In the Ghanchi community, marriages were prohibited between near relations and within seven degrees of relationship. Marriage with wife's sister was allowed after the death of the wife. Marriage was generally at early age.[21] In the marriages of Ghanchis, the bridegroom went to bride's house covered in a flower veil. The bride and bridegroom worship Hanuman immediately after they got married.[22]

In the marriages of the Sunni Bohras of Gujarat, bridegroom and bride both had a conversation prior to the date of marriage. A thread was put on their wrists. A *mandap*[23] was made at bride's house and bride had to sit there for her *nikah*, then they had to pray in a mosque. After that the crest of flowers was divided into several parts and distributed among the people.[24]

Before the *nikah* ceremony, bridegroom procession starts from his house riding a horse or an elephant, with drumbeats (*parhgham*). When he came out from his house, boys of village tied a rope around his waist to take some amount of money, then only they allow bridegroom to go ahead.[25] After all the ceremonies of marriage, arrangements were made for music (*qawwali*) and dance party, which continued till morning.[26]

In the Khoja community, the male members of bride and bridegroom family meet at the *Jamaatkhanah* or assembly lodge, three or four days before the date of marriage, in the presence of their friends, relatives, and *Mukhi*

or *Jamaat* officer. The officer enters the names of the bride and bridegroom in a register. The father of the bridegroom gives Rs. 5 ¼ to the father of the bride. The sum received by the girl's father was handed over to *Jamaat* officer as the marriage contribution to the fund. The friends of bridegroom offer a copper or brass tray to *Jamaat* officer, containing from five to ten *seers* of sugar.[27] The *Jamaat* officer, after repeating the hallowed names of the five or *Panj-tan*, that was Mohammad, Ali, Fatima, Hasan and Hussain; declares – "I do hereby begin the wedding of (bridegroom's name), the son of (father's name), with (bride's name), the daughter of (father's name), to wed as did Fatima, the bright faced lady, daughter of our Lord and Prophet Mohammad with the Lord and the leader, the receiver of the testament of the chosen and pure, the Lord Ali, the son of Abu Talib."[28] Then the sugar tray placed before the bride's father, who, in token of ratifying the compact, tastes a pinch of sugar which was then distributed among the people. This was the verbal compact.[29]

On the next morning, the written agreement was prepared. A thick parchment-like sheet of blank paper was taken together with trays full of dried fruit and sugar to the bride's house by the bridegroom's father, his friends accompanied by *Jamaat* officers. The *Jamaat* scribe begins the writing with the names of four archangels in the four corners. Then entered the names of parties with their fathers and grandfathers, the names of the chief *Jamaat* officers of the day, and the dates on which the chief marriage ceremonies were to be performed. Saffron water was sprinkled over the sheet of paper, which, together with the sugar and dried fruit, was laid before the bridegroom's father, who laid the sheet on the ground and on it places an iron nail and four betel nuts and throws some rice over it and betel nuts in an unused silk or cotton handkerchief and takes it away.[30]

In Parsi community, they were not allowed to marry out of caste, but they can marry their cousins, even with first cousin. This kind of alliance was always preferred.[31] They were the monogamist; polygamy obtains amongst the highest class or the lowest the highest class or the lowest.[32] According to E. Kulke ( in his 'The Parsees in India') – in terms of strict rules of endogamy and commensality, it continued to constitute a single multifunctional caste as before in relation to the society at large. But internally, it also continued to maintain freedom of choice of occupation for all. Increased division of labour did not take the form creating hereditary castes and sub-castes through tendencies towards such formations were altogether absent. The hereditary clerical (*Mobed*) clan did tend to crystallize into a caste by setting up marriage barriers between themselves and the laity (*Behdin*) during the 18th century, but failed to emerge as such. The corpse-bearer (*Nasalar*), working at the tower of silence, continued to be treated almost as untouchables in the matter of religious and social intercourse.[33]

'*Kissa-i-Sanjan'* gives details about Gujarati *Garba*, group songs and dances, composed by the Parsis and sung by Parsi women on such occasions like '*Navjote'*[34] and wedding ceremonies.[35]

Among the Europeans, Dutch did their trading activities over here but did not leave much impact on social and cultural life of the people of India.[36] But Italian traveler P. Della Valle gives some interesting sidelights on the social aspect of Dutch colonial system. He says that special privileges were granted by the state to those Hollanders in the east who married and settled down in the Dutch colony of New Batavia, in Java, with their wives and families. For this reason many of those who could not secure European partners, had taken Indian,

Armenian and Syrian women and they were baptized Christians.[37] Further he gives another incident that an Armada from Portugal was on its way to India and it was attacked by Dutch, some of the ships sunk and rest was captured. Among other booty on captured ships, there were three maidens and poor orphans of good descent.[38] These three maidens were taken by their captors to Surat, where the most eminent among the Dutch merchants strove to marry them.[39]

One can thus discern versatile social customs operative among the Gujarati merchants which was complimentary to their status and Sect. Such a study facilitates the comprehension of credence accorded to the social mores such as marriage. It also reveals the influence of religion, region and sect on the social institutions.

**Endnotes:**

1 Majmudar, R.N. *Cultural history of Gujarat*, Popular Prakashan, Bombay, 1965, p. 143.

2 Commissariat, M.S.,*Mandelslo's Travels in Western India*, Oxford, 1931, p.10.

3 *Cultural History of Gujarat*, op. cit., p. 143.

4 Ovingon, J., *A Voyage to Surat*, Ed. H.G. Rawlingson, London, 1929 (Reprint- New Delhi, 1994), p. 191.

5 Ovington, op. cit., p. 191.

6 Fazl, Abul, *Ain-i-Akbari*, Tr. Blochman and Jarrett, 3 Vols., I, Low Price Publication, Delhi, 2011 (reprint), p. 46.

7 Badaoni, Abdul Qadir, *Muntakhab-ut-Tawarikh*, II, Tr. Wolsley Haig, Asiatic Society, Calcutta, 1925 (Reprint-1973, New Delhi), p. 367.

8 Campbell, James M., *Gazetteer of Bombay Presidency*, Vol. IX, part-I, 'Hindu Castes and Tribes of Gujarat (vol. II)', Bombay, 1901 (reprint-1988), p. 90.

9 Ovington, p.189.

10 The *Kapol* Banias, an important subdivision of Meshri Bania community came from Surat and they were the followers of *Shreenathji*. It was a *Puhtimargi* sect of Vaishnavism.

11 'Hindu Castes and Tribes of Gujarat (vol. II)', op. cit., p. 90.

12 Ibid.

13 Ibid.

14 Ibid.

15 Ibid., pp. 90-91.

16 Ibid., p. 93.

17 Ibid., p. 100.

18 Ovington, p.165.

19 'Hindu Castes and Tribes of Gujarat (vol. II)', p. 100.

20 Ibid.

21 Enthoven, R.E., *The Tribes and Castes of Bombay*, 3 Vol., II, Bombay, 1922, p .1.

22 *The Tribes and Castes of Bombay*, II, op. cit., pp. 1-2.

23 A particular place to perform marriage ceremony and rituals, which was made of four bamboos covered with a roof of palms and flowers, and in a square shape.

24 Bardolikar, Deepak, *Sunni Vahora*, Bohra Prakashan, Malir City, Karachi, 1984, p. 49.

25 *Sunni Vahora*, op. cit., p. 49.

26 Ibid., p. 50.

27 *The Tribes and Castes of Bombay*, II, p. 224

28 Ibid., pp. 224-225.

29 Ibid., p. 225.

30 Ibid., p. 225.

31 Malabari, B. M., *Gujarat and Gujaratis*, London,1882, p. 226.

32 *Gujarat and Gujaratis*, op.cit., p. 227.

33 *Cf.* Guha, Amlendu, 'More About the Parsi Sheths: Their Roots Entrepreneurship, and Comprador Role,1650-1918', Ed. DwijendraTripathi, *Business Communities in India: A Historical Perspective*, Delhi, 1984, pp. 113-114.

34 The **Navjote** ceremony is the ritual through which an individual is inducted into the Zoroastrian religion and begins to wear the *Sedreh* (a holy thread) and *Kushti* (shirt). The term navjote is used primarily by the Zoroastrians of India , while *sedrehpushi* is used primarily by the Zoroastrians of Iran. The word 'navjote' is a Latinized form of the Parsi Gujarati compound of *nav* "new" and *jote* "reciter of prayer", "invoker", "sacrificer".

35 *Cf.* Nanavutty, Piloo, *The Parsis, Delhi, 1977 (reprint-1980), p. 40.*

36 Raychoudhary, S.C., *Social Cultural and Economic History of India (Modern Times)*, Surjeet Publication, Delhi, 1995, p. 2.

37 Valle, Pietro Della, *The Travels of Pietro Della Valle in India*, 2 Vols., II, ed. Edward Grey, Haklyut Society, London, 1892, p. 24.

38 These were sent out from Portugual every year at the King's expense and with a royal dowry, with a view to their getting married in India and to help the people of the Portuguese colonies.

39 P. Della Valle, op. cit., p. 25.

*(C/o. Dr. P.B. Sharma, 18/3, Khirni Gate,*
*Aligarh - 202 001. M.: 09319358886*
*E-mail: monica.dolly74@gmail.com)*

# અમારે જીવવું શી રીતે?

આચાર્ય ભાણદેવ

**(નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજના ૫૪મા વાર્ષિક દિન નિમિત્તે મુખ્ય મહેમાન તરીકે પધારેલા શ્રી આચાર્ય ભાણદેવનું વ્યાખ્યાન અહીં પ્રસ્તુત છે.)**

કૃષ્ણં વંદે જગત ગુરુમ્ !

એકવાર સ્પેન જવાનું બન્યું. સ્પેનનું પાટનગર મેડ્રિચ. મેડ્રિચમાં એક આવી જ યુનિવર્સિટી છે. કૉમ્પ્યુટન્ટ યુનિવર્સિટી. કૉમ્પ્યુટન્ટ લેટિન ભાષાનો શબ્દ છે. અર્થાત્ કમ્પલિટ યુનિવર્સિટી. એ યુનિવર્સિટીમાં એક લાખ વિદ્યાર્થીઓ ભણે છે. લેટિન અમેરિકન કન્ટ્રિઝમાં બ્રાઝિલ સિવાયના બધા દેશોમાં સ્પેનિશ ભાષા બોલાય છે. એટલે એ વિદ્યાર્થીઓ અહીં ભણવા આવે છે. યુનિવર્સિટીના મનોવિજ્ઞાનના પ્રાધ્યાપકના ઘરે મારો ઉતારો હતો. એ પ્રાધ્યાપક મિત્રે એ યુનિવર્સિટીમાં મારું વ્યાખ્યાન ગોઠવ્યું હતું. વ્યાખ્યાનનો વિષય હતો 'જીવન અને અધ્યાત્મ.' વ્યાખ્યાનને અંતે પ્રશ્નોત્તરી થાય એવી ત્યાંની પરંપરા. તદનુસાર પ્રશ્નોત્તરીનો પ્રારંભ થયો. ધડાધડ પ્રશ્નો અને ફડાફડ ઉત્તરોનો મારો ચાલી રહ્યો હતો. શ્રોતામંડળમાં વિદ્યાર્થીઓની સાથે પ્રાધ્યાપકો પણ હતા; સફેદ દાઢીવાળા પણ ઘણા હતા. કારણ કે યુરોપમાં પ્રાધ્યાપકો સાઠ વર્ષે નિવૃત્ત થાય તેવું નથી. ઍંશી વર્ષના પ્રાધ્યાપકો પણ હોઈ શકે. એ વખતે એક વિદ્યાર્થી આંગળી ઊંચી કરી પ્રશ્ન પૂછે છે. એ પ્રશ્ન બહુ મૂલ્યવાન છે. એ આપણા આજના વિષયને સ્પર્શે છે એટલે અક્ષરશઃ કહું છું.

વિદ્યાર્થીએ પ્રશ્ન પૂછ્યોઃ "These foolish professors are teaching us how to fill this stupid belly and nobody teaches us how to live?"

(આ મૂઢ પ્રધ્યાપકો અમને એટલું શીખવે છે કે અમારે આ પાપી પેટ ભરવું કેમ? અમને કોઈ એ શીખવતા નથી કે અમારે જીવવું કેમ?) વિદ્યાર્થીનો આ પ્રશ્ન મને ચોટ આપે છે કારણ કે હું પહેલેથી શિક્ષક છું. આમ તો આડત્રીસ વર્ષથી શિક્ષક નથી પણ મારી અંદર શિક્ષક જીવતો જાગતો બેઠો છે. એને દાબી રાખવાનો પ્રયત્ન કરું છું પણ દાબ્યો દબાતો નથી. એ બહાર આવી જ જાય છે. એ પ્રશ્નએ મારા હૃદયને હચમચાવી મૂક્યું. પ્રશ્ન ભલે એક વિદ્યાર્થીએ પૂછ્યો પણ જાણે બધા જ વિદ્યાર્થીઓ મને હાથ પછાડી પછાડીને પ્રશ્ન પૂછી રહ્યા છેઃ તમે કહો અમારે જીવવું કેમ? આ એક પ્રશ્ન સતત મારા મનમાં ઘૂંટાતો રહ્યો છે.

બીજી વાર એક ઘટના ઘટી. આશ્રમની બાજુમાં એક મોટું સરોવર છે. મચ્છુ ડેમ. સાંજે એ સરોવરને કિનારે કિનારે ફરવા નીકળ્યો હતો. બાજુમાં એક શિક્ષણસંસ્થા આવેલી છે, એમાં બી.એડ્. કૉલેજ ચાલે છે. બી.એડ્. કૉલેજના ચાર વિદ્યાર્થીઓ પણ ફરવા નીકળ્યા હતા. અમારી મુલાકાત થઈ ગઈ. વિદ્યાર્થીઓ મને પોતાના નિજજનો લાગે છે. અમે ડેમને કિનારે રેતી પર બેસી ગયા. એક વિદ્યાર્થીએ મને પ્રશ્ન પૂછ્યોઃ 'તમે અમને કહો કે અમારે જીવવું કેમ?' ફરીથી એ પ્રશ્ન મારા મનમાં આવ્યો અને મનની અંદર ઘૂંટાતો રહ્યો. મને એમ લાગે છે કે બધા વિદ્યાર્થીઓ – બધા યુવાનો જાણે રાત-દિવસ મને પ્રશ્ન પૂછી રહ્યા છે કે – 'અમારે જીવવું કેમ?' એ પ્રશ્નના ઉત્તરરૂપે મેં એક પુસ્તક તૈયાર કર્યું છેઃ 'અમારે જીવવું શી રીતે.' એ પુસ્તકની કેટલીક મૂલ્યવાન વાતો હું આપની સમક્ષ રજૂ કરું છું.

મિત્રો, બહેનો હું તમને કહું છું અને યુવાનોને વિશેષતઃ કહું છું કે તમે ધારો છો એના કરતાં અપરંપાર શક્તિઓ તમારામાં ભરેલી છે. જેની તમને ખબર નથી. ભગવાન કોઈને ખાલી હાથે મોકલતો નથી. કાંઈક ને કાંઈક આપીને મોકલે છે. શક્ય છે ખબર ન હોય તો એનો ઉપયોગ ન થાય કે અભિવ્યક્તિને તક ન મળે એવું બને ખરું. હું તમને જોઈને કહી શકું છું કે અપરંપાર શક્તિઓ તમારામાં છે.

રામચરિત માનસમાં એક પ્રસંગ આવે છે. ભગવતી સીતાજીનું અપહરણ થયું. ભગવાન શ્રીરામ સુગ્રીવ સાથે મૈત્રી બાંધે છે અને વાનરયુથોને સીતાની શોધ માટે મોકલે છે. ચાર ટુકડીઓ બનાવી ચારે દિશાઓ – પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ –માં મોકલે છે. દક્ષિણ દિશામાં જાંબુવાનજી, હનુમાનજી મહારાજ, અંગદ અને નીલ જેવા મોટા મોટા મહાનુભાવો છે. વાનરોના રાજા સુગ્રીવનો આદેશ છે કે સીતાજીની શોધ કર્યા

વિના પાછા આવશો તો મારી નાખીશ. અને અમુક તિથિ પહેલાં શોધ કરીને પાછા આવી જવાનું કહે છે. ચારે બાજુ તપાસ શરૂ કરે છે. અરણ્યમાં, પર્વતોમાં, ખીણમાં, નદીઓમાં, ગામમાં અને શહેરમાં ચારે બાજુ તપાસ થાય છે પણ સીતાજીની ક્યાંય ભાળ મળતી નથી. બધા મૂંઝાયા શું કરવું? રામેશ્વરના સમુદ્ર કિનારે બધા ગમગીન ચહેરા લઈ બેઠા છે. ત્યારે જટાયુનો ભાઈ સંપાતિ આવે છે. જટાયુનું નામ સાંભળી સંપાતિ કહે છે કે એ તો મારો ભાઈ છે. તમે કોણ છો? બધા જવાબ આપે છે કે અમે રામના સેવકો છીએ અને સીતાની શોધ માટે નીકળ્યા છીએ. ત્યારે સંપાતિએ કહ્યું 'એ તો હું જોઈ શકું છું. લંકામાં અશોકવાટિકામાં સીતાજી બેઠાં છે.' ગીધની દૃષ્ટિ લાંબી હોય છે. જટાયુનો ભાઈ સંપાતિ ગીધ હતો. સંપાતિએ કહ્યું જાઓ તમે તપાસ કરી આવો. પણ સેતુબંધ તો હજુ બંધાયો ન હતો. ત્યાં જાય કોણ? એટલી મોટી છલાંગ મારે કોણ? દરેક મહાનુભાવ પોતાની શક્તિ વિશે કહે છે કે અમો દશ વારની છલાંગ મારી શકીએ; કોઈ કહે અમો વીશ વારની છલાંગ મારી શકીએ. અંગદ કહે છે કે હું છલાંગ મારીને લંકામાં પહોંચી શકું છું પણ પાછો ન આવી શકું. કોઈની એવી તૈયારી નથી કે છલાંગ મારીને લંકામાં પહોંચે અને પાછા આવી શકે. બધા મૂંઝાઈ ગયા હતા કે હવે શું કરવું? તે વખતે જાંબુવાનજી જુએ છે કે હનુમાનજી સૌથી છેલ્લે એક ખૂણે નીચું મસ્તક કરીને બેઠા છે. ત્યારે જાંબુવાનજી કહે છે કે 'અરે મારા બાપ હનુમાનજી! તારા માટે તો આ ખાબોચિયું છે. તારી શક્તિની તને ખબર નથી; મને ખબર છે. તું ભૂલી ગયો બાળસમયે રવિભક્ષયો – તું નાનો હતો ત્યારે તેં મોઢામાં સૂર્યને ગ્રહણ કર્યો હતો. તું ભૂલી ગયો. તારા માટે તો સમુદ્ર કશું નથી. ઊઠ માર છલાંગ!' અને હનુમાનજીએ ભૂદેવસમ રૂપ બનાવ્યું. સોનાનો મેરુ પર્વત હોય એવું રૂપ બનાવ્યું અને એક છલાંગે લંકામાં પહોંચી ગયા.

મિત્રો, બહેનો! આ હનુમાનજી માટે જ સાચું નથી. આ તમને પણ લાગુ પડે છે. તમારામાં એટલી બધી શક્તિઓ છે કે જેની તમને ખબર નથી. એક પ્રાધ્યાપક તરીકે વર્ષો સુધી અને જીવનભર વિદ્યાર્થીઓ સાથે સમય ગાળી ગાળીને હું કહું છું કે વિદ્યાર્થીઓને ખબર ન હોય; યુવાનોને ખબર નથી હોતી કે એમનામાં કેટલી બધી શક્તિઓ પડેલી હોય છે.

એકવાર એક પ્રિન્સિપાલ સાહેબ આશ્રમ પર આવ્યા હતા. પીએચ.ડી. થયેલા હતા. મેં એમને પૂછ્યું કે તમે પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે તમને ખબર હતી કે તમે પીએચ.ડી. થશો? ત્યારે તેમણે કહ્યું. નહીં. મારે માટે તો જેવી તેવી નોકરી - ક્લાર્ક કે શિક્ષકની મળી જાય તો ઘણું. આપણને ખબર નથી હોતી કે આપણામાં કેટલી શક્તિ હોય છે. હનુમાનજી મહારાજને પણ ખબર નહોતી કે મારામાં કેટલી શક્તિ છે. એને એના જાંબુવાન મળી ગયા ત્યારે પોતાની શક્તિનું ભાન થયું અને છલાંગ મારી.

તો શું આપણે આપણા જાંબુવાન માટે રાહ જોઈને બેસવાનું? આપણી પાસે જાંબુવાન આવે તેની રાહ જોઈને બેસવાનું નંઈ. આપણે આપણા જ જાંબુવાન થવાનું છે. ના થઈ શકો તો હું તમારો જાંબુવાન છું. હું તમને કહું છે 'મારો છલાંગ!' તમને અને તમારા શિક્ષકોને ખબર હોવી જોઈએ કે તમારામાં અપરંપાર શક્તિઓ છે. તમે તમારી શક્તિઓનો ઉપયોગ ન કરો તો એમને એમ દબાઈને પડી રહેશે અને ભગવાનને અફસોસ થશે કે મેં એને આપેલી શક્તિઓનો ઉપયોગ કર્યા વિના પાછો આવ્યો અને બીજી વાર શક્તિ આપતાં સંકોચ અનુભવશે. તમે ધારો તો પીએચ.ડી. થઈ શકો; પ્રાધ્યાપક થઈ શકો; વૈજ્ઞાનિક થઈ શકો. બસ તમારે તમારી શક્તિઓને પિછાણવાની જરૂર છે.

આપણા સામ પિત્રોડા વિશ્વની ટેલિકોમ ક્ષેત્રની વિભૂતિ ગણાય છે. એને તમે પૂછો કે નાનપણમાં તમારી શું ઈચ્છા હતી? તો કહેશે કે 'જેવી તેવી નોકરી મળે; પેટ પૂરતું મળે તો ઘણું.' અને એને કોઈક જાંબુવાન મળી ગયા અને એણે એક છલાંગ મારી. દરેક વ્યક્તિ છલાંગ મારે તો એનામાં રહેલી અપરંપાર શક્તિનો પરિચય મળે. વિદ્યાર્થીઓને એની શક્તિનું ભાન કરાવવાની જવાબદારી પ્રાધ્યાપકોની-શિક્ષકોની છે.

બીજી વાતઃ પ્રત્યેક માનવી વિશિષ્ટ છે. અહીં બે માણસો સંપૂર્ણ સરખા ન હોઈ શકે. આપણે કોઈના જેવા બનવાનું નથી; આપણે આપણા જેવા બનવાનું છે. ભગવાન માણસોને બીબામાં ઢાળીને બનાવતો નથી. અને બીબામાં ઢાળીને બનાવતો હોત તો પણ પ્રત્યેક માનવી નવું બીબું ધારણ છે. આ વસ્તુ એક વાર હું લોકભારતી, સણસોરામાં કૉલેજના વિદ્યાર્થીઓને સમજાવતો હતો. મેં વિદ્યાર્થીઓને કહ્યું કે લીમડાના

બે પાન પણ સરખા નથી તો બે માણસ સરખા કેવી રીતે હોઈ શકે? એક સાથે ચાર પાંચ વિદ્યાર્થીઓએ આંગળી ઊંચી કરી અને કહ્યું કે અમે લીમડાના સરખા પાન લાવીએ તો? સંજોગોવસાત વર્ગ પણ લીમડાના ઝાડ નીચે ચાલતો હતો. લોકભારતીમાં લીમડા નીચે વર્ગો ચલાવવાની પરંપરા આજે પણ ચાલે છે. વિદ્યાર્થીઓ ચાલુ વર્ગે લીમડા ઉપર ચડ્યા અને કહે કે બે પાન સરખા શોધી લાવીએ તો? મેં કહ્યું – હું મારું વિધાન પાછું ખેંચી લઈશ. સરખા પાન શોધી લાવીને કહેવા લાગ્યાઃ  આ બે પાન સંપૂર્ણ સરખા છે. એની લંબાઈ, એની પહોળાઈ, એનો વર્ણ સંપૂર્ણ સરખા છે. લીમડાના પાનની બંને બાજુ ખાંચા હોય છે. મેં કહ્યું કે ખાંચા ગણો જોઉં સરખા છે? ખાંચા ગણ્યા તો સરખા ન નીકળ્યા. એનો અર્થ એમ કે લીમડાના બે પાન સરખા નથી. પણ વિદ્યાર્થીઓ તો વિદ્યાર્થીઓ છે. તેઓ કહે – અમને બે દિવસનો સમય આપો. અમે સંપૂર્ણ સરખા બે પાંદડા શોધી લાવીએ તો? મેં ફરી કહ્યું – 'હું મારું વિધાન પાછું ખેંચીશ. કરો પ્રયત્ન. સણસોરામાં તો કટેલા બધા લીમડા છે. વિદ્યાર્થીઓએ ડાળીએ ડાળીએ શોધ કરી અને બીજા દિવસે વર્ગમાં આવ્યા અને કહે – 'સાહેબ! લો આ બે સંપૂર્ણ સરખા પાન. વર્ણ સરખો, લંબાઈ સરખી, અને બંને પાનના ખાંચા પણ સરખા છે.' મેં કહ્યું – 'જાઓ, લેબોરેટરીમાં વજન કરીને આવો? ચાર વિદ્યાર્થીઓ લેબોરેટરીમાં વજન કરવા ગયા અને આવીને કહેઃ 'વજન સરખું નથી.' વજન સરખું હોત તો પણ મારી પાસે બીજા અનેક મુદ્દા હતા. લીમડાના પાનમાં નસોની ડિઝાઈન હોય છે. શું એ ડિઝાઈન સરખી હોય? ના. તો શી રીતે કહી શકાય કે લીમડાના બે પાન સરખા હોય! લાખો પાંદડાઓમાં પણ બે પાંદડા સરખા ન હોઈ શકે. જો લીમડાના બે પાન સરખા ન હોય તો બે માણસો સરખા કેવી રીતે હોઈ શકે!

જુઓ મિત્રો! પૃથ્વી ઉપર છસો કરોડથી પણ વધુ માણસો છે. તમે શોધી કાઢો. સંપૂર્ણ સરખા બે ચહેરા મળી શકે! અને સંપૂર્ણ સરખા ચહેરા હોય તો પણ સંપૂર્ણ સરખું શરીર, સંપૂર્ણ સરખું મન, સંપૂર્ણ સરખી રુચિ-અરુચિ, લાગણી, દુઃખ-સુખ, બધું સંપૂર્ણ સરખું હોઈ શકે નહિ. God is fond of variety – પરમાત્માને પણ વિવિધતાનો શોખ છે. ભૂતકાળના બધા માણસો ગણો; વર્તમાનકાળના બધા માણસો ગણો; ભવિષ્યના બધા માનવો ગણો તો પણ બે માણસો સંપૂર્ણ સરખા કદી ન હોઈ શકે. એનો અર્થ એમ કે આપણે કોઈના જેવા બની શકીએ નહિ. બનવાની જરૂર પણ નથી. રમણ મહર્ષિ પછી હજારો માણસોએ રમણ મહર્ષિના ઉપદેશો વાંચ્યા એને રસ્તે ચાલ્યા પણ બીજા રમણ મહર્ષિ ન થયા. માટે આપણે કોઈના જેવા થવાની જરૂર નથી. આપણે આપણા જેવા થવાનું છે.

એક સૂફી કથા છેઃ એક સૂફી ફકીરના અંતિમ દિવસો આવ્યા. ઉંમર મોટી. નેવુંની આસપાસ. એમણે કહ્યું – મારો જવાનો સમય થયો છે. ગુરુ મહારાજના દર્શન કરી લેવા બધા જ શિષ્યોને બોલાવી લેવામાં આવ્યા. બધા શિષ્યો ગુરુમહારાજની પથારીની આસપાસ ગોઠવાઈ ગયા. ગુરુમહારાજની આંખમાં આંસુ આવી ગયાં. એ જોઈ શિષ્યોને નવાઈ લાગી. શિષ્યોએ પૂછ્યું – 'આપ આવું પવિત્ર અને ઉદાત્ત જીવન જીવ્યા છો; અનેક માણસોનું જીવન આપે ઉજાળ્યું છે. આપની આંખમાં આંસુ કેમ?' ત્યારે સૂફી ફકીર જે જવાબ આપે છે તે સમજવા જેવો છે. એમણે જવાબ આપતાં કહ્યું – 'હું રડું છું તેનું એક કારણ છે. હું ઉપર જઈશ ત્યારે ખુદા મને પૂછશે. તું તારા મહાન સંત જેવો કેમ ન થયો? તેનો ઉત્તર મારી પાસે છે. હું કહીશ કે તમે મને એના જેવો ન બનાવ્યો માટે એના જેવો ન થયો. જો મને ખુદા એમ પછશે કે તમે મહાન વિદ્વાન જેવો કેમ ન થયો?' તેનો મારી પાસે ઉત્તર છે. હું  કહીશ કે વિદ્વાન જેવો તમે મને બનાવ્યો નહિ એટલે હું એના જેવો ન થયો. પેલા મહાન યોગી જેવો કોમ ન થયો? તેનો પણ ઉત્તર મારી પાસે છે. હું કહીશ કે આપે મને એના જેવો બનાવ્યો નહિ માટે. પણ જો ખુદા મને એમ પૂછશે કે - તું તારા જેવો કેમ ન થયો? તો મારી પાસે એનો જવાબ નથી માટે મારી આંખમાં આંસુ છે.'

માટે હું કહું છું અહીં કોઈ કોઈના જેવા નથી; કોઈએ કોઈના જેવા બનવાનું નથી. તમારે માત્ર તમારા જેવા બનવાનું છે. પરમાત્માએ પ્રત્યેક વ્યક્તિમાં વિશિષ્ટ તત્ત્વ મૂક્યું છે – I am telling you with guarantee. તમારી અંદર પરમાત્માએ વિશિષ્ટ તત્ત્વ મૂક્યું છે આ વિશિષ્ટ તત્ત્વનો આવિષ્કાર થાય; એ અભિવ્યક્તિ થાય; એનો વિકાસ થાય એ એક માત્ર જીવનમાં કરવા જેવું છે. આપણે કોઈના જેવા નહિ; આપણે આપણા જેવા બનવાનું છે.

ત્રીજી એક વાતઃ એક વાર એક કૉલેજના પ્રાધ્યાપક આશ્રમ પર આવ્યા. અવાર-નવાર આવે. અમારી સારી મૈત્રી. મેં પૂછ્યું – કંઈ કહેવાનું છે? એમણે કહ્યું – હા, મારે કહેવાનું છે – 'મને જીવવું ગમતું નથી; મઝા આવતી નથી.' મેં કહ્યું કંઈ દુઃખ છે? તો કહે – 'કંઈ દુઃખ નથી. M.Sc., Ph.D. થયો છું; વિજ્ઞાનનો પ્રાધ્યાપક છું. સારો પગાર છે. અનુકૂળ ધર્મપત્ની છે; માતા-પિતા છે અને એક દીકરો છે. બધું બરાબર છે.' મેં પૂછ્યું – 'તો શું તકલીફ છે?' તો કહે – 'બધું બરાબર છે પણ કાંઈ જ બરાબર નથી.' એમનું બરાબર સમજવા જેવું આ વાક્ય છે – 'બધુ બરાબર છે પણ કાંઈ બરાબર નથી.' આવો અનુભવ પ્રત્યેક માનવીને થાય છે. બધું બરાબર હોય તો એવું લાગે કે બધું બરાબર છે પણ બધું બરાબર ન હોય તો એવું લાગે કે કાંઈ જ બરાબર નથી. મેં પૂછ્યું – 'કારણ શું?' તો કહેઃ 'કારણની મને ખબર નથી. કારણ સમજવા માટે હું આપની પાસે આવ્યો છું.' મેં પૂછ્યું – 'પહેલાં તમારું જીવન કેવું હતું?' તો કહે – 'કૉલેજમાં ભણતા'તા ત્યારે તો બહુ મઝા પડતી. ભણવાનું, ચેલેન્જ, પરીક્ષા, વાર્ષિક ઉત્સવ, રમત-ગમત... ધડાધડ પ્રવૃત્તિઓ ખૂબ મઝા પડતી. પણ હવે મઝા આવતી નથી. બે-ચાર વર્ગો લઈ લઈએ છીએ ચીલાચાલુ. ગોખેલું ભણાવી દઉં છું.'

મેં તેમને કહ્યુંઃ 'તમે એક અપરાધ કર્યો છે માટે તમને જીવનમાં રસ પડતો નથી. તમે એક અપરાધ કર્યો છે માટે તમારે એવો અનુભવ લેવો પડે છે કે બધું બરાબર છે છતાં કાંઈ બરાબર નથી, એમાં અપરાધીપણું છે.' તેમણે પ્રત્યુત્તરમાં કહ્યું – 'મેં તો કોઈ અપરાધ કર્યો નથી. મેં કોઈનું કશું બગાડ્યું નથી. જીવનમાં કોઈ પાપ કર્યા નથી. બને એટલી લોકોની સહાય કરું છું. પ્રામાણિકતાપૂર્વક જીવું છું. મેં શો અપરાધ કર્યો છે?' મેં કહ્યું – 'તમે એક અપરાધ કર્યો છે; તમે જીવનદેવતાનો અપરાધ કર્યો છે.' તેઓ પૂછે છે – 'જીવનદેવતા કોણ?' મેં જવાબ આપ્યો – 'જીવનદેવતા એ જીવનના દેવ છે અને તમે જીવનદેવતાનો અપરાધ કર્યો છે.' જીવનનો એક ધર્મ છે. તેઓ પૂછે છે – 'શો ધર્મ જીવનનો?' મેં કહ્યું – 'જીવનનો ધર્મ છે વિકાસ. To live is to grow. જીવવું હોય તો વિકસવું. THose who are growing are living, other are just vegitating. જેઓ વિકસે છે, તેઓ જીવે છે. બાકી માત્ર શોષે છે. મેં કહ્યું – 'પ્રાધ્યાપક સાહેબ! તમે વિકાસનો ધર્મ ચૂકી ગયા છો. તમે કૉલેજમાં ભણતા હતા ત્યારે તમે સુખી હતા કારણ કે તમારો વિકાસ થઈ રહ્યો હતો. તમે ભણતા હતા, વાંચતા હતા, પરીક્ષા આપતા હતા, કૉલેજમાં કંઈક પ્રવૃત્તિ કરતા હતા. તમે ફીલ કરતા હતા કે અમે વિકસી રહ્યા છીએ. હવે તમારો વિકાસ ઠપ થઈ ગયો છે. જીવનદેવતાનો મૂલ્યવાન સિદ્ધાંત છે વિકાસ. વિકાસના ધર્મને તમે ચૂકી ગયા એ અપરાધ કર્યો માટે તમે દુઃખી છો.' જે વિકાસ નથી કરતો એ જીવતો નથી પણ જીવનદેવતાનો અપરાધ કરે છે. અને એટલે એના જીવનમાં વૈફલ્ય અને વિષાદ આવે છે.

એક પ્રશ્ન હું વારંવાર બધાને પૂછું છુંઃ 'જીવનમાં વિષાદ કેમ છે? જીવનમાં હતાશા કેમ છે? વિદ્યાર્થીઓ આટલાં બધાં તોફાન કેમ કરે છે? ચારેબાજુ અરાજકતા કેમ છે? ચારે બાજુ આટલી બીમારી-શરીરની-મનની-કેમ છે? કારણ એક જ છેઃ તમે વિકાસનો માર્ગ ચૂકી ગયા. જે વિકાસશીલ છે તેને કદી નિરાશા-હતાશા ન હોઈ શકે. વિકાસશીલ છે તેને મનની-શરીરની બીમારી ન હોઈ શકે. જે વિકાસનો ધર્મ ચૂકી જાય છે એને શરીરની-મનની બીમારી આવે છે. આપણે ત્યાં સંઘર્ષો, હરીફાઈ, માન-અપમાન, ટાંટિયાખેંચની પ્રવૃત્તિ કેમ ચાલે છે? કારણ કે આપણે વિકાસનો ધર્મ ચૂકી ગયા છીએ.'

માટે મિત્રો! તમે યાદ રાખજો. To live is to grow. કારણ કે જીવનનું સ્વરૂપ જ છે ઉત્ક્રાંતિ. જ્યારે સમગ્ર જીવન ઉત્ક્રાંત થઈ રહ્યું છે; વિકસી રહ્યું છે ત્યારે આપણે પણ ઉત્ક્રાંતિની પ્રક્રિયાનો જ એક ભાગ છીએ. આપણે ઉત્ક્રાંતિ ન કરીએ તો જીવનનો ધર્મ - વિકાસનો અનાદર કરીએ છીએ એમ ગણાશે. અને એનું ફળ આપણે ભોગવું પડતું હોય છે.

બીજી એક વાતઃ જીવનમાં આવતી વિટંબણા, મુશ્કેલી, દુઃખ અને અગવડતા શું છે? આપણે એકદમ કંટાળી જઈએ છીએ કે જીવનમાં ધાર્યું થતું નથી. સતત આપણે કોઈ પ્રકારની અસુવિધા, વિટંબણા, દુઃખ-વેદના અનુભવતા રહીએ છીએ. આપણે ફરિયાદ કરીએ છીએ કે – 'ભગવાને જીવનમાં દુઃખ શા માટે કર્યું છે? વિટંબણા શા માટે કરી છે? મુશ્કેલી શા માટે ઊભી કરી છે? ભગવાને શા માટે દુઃખ ઊભું કર્યું છે? ભગવાન પોતે તો આનંદસ્વરૂપ છે તો પછી આ સૃષ્ટિમાં દુઃખ, વેદના, અગવડ, વિટંબણા આ બધું શા માટે રચ્યું છે. મિત્રો! જીવનમાં એનું પણ પ્રદાન છે.'

શ્રીમદ્ ભાગવતમાં એક પ્રસંગ આવે છેઃ મહાભારતનું યુદ્ધ પૂરું થયું છે. ભગવાન હવે દ્વારિકા જવાની તૈયારી કરે છે. રથ તૈયાર થયો છે. પાંડવો – પાંચે ભાઈઓ, કુંતાજી અને દ્રૌપદી બધાં જ વિદાય આપવા રથ પાસે ઊભાં છે. ભગવાન શ્રીકૃષ્ણ રથના પગથિયા ઉપર પગ મૂકવા જાય છે ત્યાં જ ઉત્તરા ત્રાહિમામ ત્રાહિમામ પોકારતી દોડતી આવે છે અને કૃષ્ણને કહે છેઃ જુઓ આ મારા ગર્ભ ઉપર કોઈએ બ્રહ્માસ્ત્ર છોડ્યું છે. પાંડવ વંશનું છેલ્લું બીજ મારા ઉદરમાં છે એને બાળી નાખશે. અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર છોડ્યું હતું એનું ભગવાન નિવારણ કરે છે અને પાંડવ વંશનું છેલ્લું બીજ કે જે પરીક્ષિત રૂપે જન્મ ધારણ કરવાનું છે તેને બચાવી લે છે. તે વખતે બધા પાંડવો ભગવાનની સ્તુતિ કરે છે. છેલ્લે કુંતાજી ભગવાનની સ્તુતિ કરે છે. સમજવાની વાત અહીં છે. કુંતાજીએ ભગવાન પાસે શું માગ્યું? આમ જોવા જઈએ તો કુંતાજી જનમ દુખિયારાં અનેક વેદનાઓ આ બાઈએ ભોગવી છે. હવે જ્યારે સુખના દિવસો આવ્યા ત્યારે કુંતાજી ભગવાન શ્રીકૃષ્ણ પાસે વરદાન માંગે છેઃ

विपदा सन्तुनाहाः तत्रतत्र जगत्गुरु ।
भवतो दर्शनस्याः पुनर्भवेदर्शनम् ॥

હે ભગવાન! વિપત્તિઓ આપતો રહેજે. ક્યારેક ક્યારેક નહિ, વારંવાર તું મને વિપત્તિ આપતો રહેજે. એને કારણે તારું દર્શન થાય છે; તારી યાદ આવે છે. કુંતાજી ભગવાન પાસે વિપત્તિ માંગે છે; દુઃખ માંગે છે; વેદના માંગે છે; વિટંબણા માંગે છે.

મિત્રો, બહેનો! સુખ માનવીને સુવાડી દે છે; દુઃખ માનવીને જગાડે છે. કરોડોપતિના દીકરાઓ સવારે દસ વાગે ઊઠે છે. એને ખબર નથી હોતી કે વેદના - મુશ્કેલી - વિટંબણા શું છે? જે ઝઝૂમી-ઝઝૂમીને, વેદના સહન કરીને ભણતા હોય છે એ તેજસ્વી તારલા બને છે. દુઃખ માનવીને જાગૃત કરે છે. ભગવાને દુઃખ આપ્યું છે જીવનવિકાસના માધ્યમ તરીકે; જીવનવિકાસના સોપાન તરીકે. દુઃખ આવે ત્યારે કહેવુંઃ 'વેલકમ.' તારો હું જીવનવિકાસના સોપાન તરીકે ઉપયોગ કરી લઈશ.

વૃંદાવનમાં એક સંત થઈ ગયા. એનું નામ શમણાનંદજી સ્વામી. તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. અવધૂત પુરુષ હતા. અનેકવાર એમના દર્શન થયાં છે. એમનાં અનેક પુસ્તકો પ્રકાશિત થયાં છે. દુઃખ આવે ત્યારે તેઓ એમ બોલેઃ

आओ आओ, मेरे प्यारे दुःख, तुम्हारा स्वागत है । तुम आये भगवान की याद आई । तुम आये तो जीवन-विकास का एक सोपान मिल गया ।

જુઓ એમની ભાવના! માટે મિત્રો, વિટંબણાથી પાછા ન હટશો. દુઃખ આવે ત્યારે હલી જશો નહિ. દુઃખ આવે ત્યારે રાજી થજો કે દુઃખ આવ્યું છે, નક્કી મારા ઉપર ભગવાનની કૃપા થઈ છે. દુઃખ મારા જીવનવિકાસનું એક સોપાન છે; જીવનવિકાસનું એક માધ્યમ છે. એનો ઉપયોગ કરીએ તો ભગવાન રાજી થાય છે અને પછી દુઃખ આપતા નથી.

પણ જો દુઃખનો બરાબર ઉપયોગ ન કરીએ અને ભયભીત બની જઈએ તો દુઃખનું કદ વધી જાય છે. માટે તમે દુઃખને એમ કહો કે – 'આવો આવો! સ્વાગત છે તમારું.' તો દુઃખ સાવ નાનું બની જાય છે. પણ બાપ રે આ મુશ્કેલી ક્યાં આવી પડી? તો દુઃખ હોય છે એના કરતાં અનેકગણું વધી જાય છે. વસ્તુતઃ દુઃખ મોટું નથી પણ આપણું મન ફરિયાદ કરી કરીને એને મોટું સ્વરૂપ આપે છે. માટે મિત્રો, જીવનમાં દુઃખ છે; વિટંબણા છે; મુશ્કેલી છે – એ બધાં આપણા જીવનવિકાસ માટેના આવશ્યક માધ્યમો છે. એનો ઉપયોગ કરી લેવાની કળા શીખી લેવાની જરૂર છે.

હવે મારે તમને એક પ્રશ્ન પૂછવાનો છેઃ 'સૌથી મોટી વીરતા કઈ?' સરહદ પર બંદૂક લઈને લડવા જવું; શહીદ થઈ જવું એ મોટી વીરતા છે? હા, આ વીરતા તો છે પણ સૌથી મોટી નહીં. તો પછી કરોડોનું દાન કરી દેવું એ સૌથી મોટી વીરતા છે? હા, વીરતા છે પણ સૌથી મોટી વીરતા નથી. કોઈને લોહીની જરૂર હોય અને લોહી આપવું, કોઈને આંખનું દાન કરવું, કોઈને કિડની આપી દેવી... આ બધી વીરતા છે પણ સૌથી મોટી વીરતા નહીં. સૌથી મોટી વીરતા છે – 'ગમે તેવા વિકટ સંજોગોમાં ભાંગી ન પડવું.' ગમે તેટલી મુશ્કેલીઓ હોય, દુઃખના પહાડો હોય તો પણ ભાંગી ન પડવું. મેરુવત અચળ રહેવું એ સૌથી મોટી વીરતા છે. બધી વીરતાના પાયામાં આ વીરતા રહેલી હોય છે. મિત્રો! યાદ રહે, ગમે તેવા વિકટ સંજોગોમાં ભાંગી ન પડવું; હતાશ ન થવું. નિષ્ફળતા અને હતાશા એક વસ્તુ નથી. નિષ્ફળતા એ આપણા હાથની વાત નથી. સંજોગોને આધીન હોય છે. પણ હતાશ થવું કે ન થવું એ આપણા હાથની વાત છે.

હવે જુઓ! બીજો એક પ્રશ્નઃ 'સૌથી મોટી સ્વતંત્રતા કઈ?' વિદ્યાર્થીઓ પોતાના માતા-પિતાને કહેતા હોય છે કે હવે હું મોટો થયો. મારી સ્વતંત્રતા નહીં! એવી જ રીતે વિદ્યાર્થીઓ શિક્ષકો, પ્રિન્સિપાલ, હોસ્ટેલના રેક્ટરને કહેતા હોય છે – અમારી સ્વતંત્રતા નહીં! તમારી સ્વતંત્રતા ભલે રહી. હું સ્વતંત્રતાનો વિરોધક નથી. તમે વિચારજો કેટલીક સ્વતંત્રતા આપણા હાથમાં છે. બાકીની સ્વતંત્રતા પૂરેપૂરી આપણા હાથમાં નથી. કેમ કે આપણે સમાજમાં રહીએ છીએ તેથી સમાજના શાસનનો સ્વીકાર કરવો પડે છે અને એટલે વ્યક્તિની સ્વતંત્રતા અમુક અંશે બાધિત થાય છે. જુઓ! કોઈ તમને અપમાનિત કરે છે. અપમાનિત કરવા કે ન કરવા એ એની સ્વતંત્રતા છે પણ તે વખતે પણ અપમાનિત થવું કે ન થવું એ મારી સ્વતંત્રતા છે. કોઈ અપમાનિત કરે તો ભલે કરે પણ અપમાનિત ન થવું એ સૌથી મોટી સ્વતંત્રતા છે. અપમાનિત જ નહિ કોઈ દુઃખી કરે ત્યારે પણ દુઃખી થવું કે ન થવું એ મારી ઈચ્છાની વાત છે. ખરી સ્વતંત્રતા પણ એ જ છે. કેમ કે બીજો માણસ આપણને અપમાનિત કરી જાય એનો અર્થ એ થાય કે આપણે આપણા જીવનનો કમાન્ડ એને સોંપી દીધો છે. મિત્રો! જીવનનો કમાન્ડ કોઈને સોંપશો નહિ. જીવનનો કમાન્ડ પોતાના હાથમાં રાખજો. કોઈ ગમે તેટલો અપમાનિત કરે તો પણ મારે અપમાનિત થવું નથી. કોઈ ગમે તેટલો દુઃખી કરવાનો પ્રયત્ન કરે તો પણ હું અંદરથી હલી ન જાઉં. ખરી સ્વતંત્રતાનો વિનિયોગ કરવાથી જીવન વિકાસની પ્રક્રિયામાં આગળ વધતું રહે છે.

આજકાલ સમાજમાં અન્યોન્ય વિરોધ અને સંઘર્ષની વાતો બહુ ચાલે છે. સંઘર્ષ જાણે જીવનનો ભાગ બની ગયો છે. લોકસભા-વિધાસભાથી લઈ શિક્ષણસંસ્થાઓમાં, શેરીઓમાં, કુટુંબોમાં, રાજ્યમાં, દેશમાં અને વિશ્વમાં સર્વત્ર સંઘર્ષ ચાલે છે. આ સંઘર્ષનું કારણ શું છે? સંઘર્ષ દ્વારા આપણે શું પામીએ છીએ? નેશનલ સંઘર્ષનું તો આપણે કશું ન કરી શકીએ પણ આપણા જીવનમાં આવતા સંઘર્ષો વિશે આપણે જરૂર વિચારી શકીએ અને તેનો ઉકેલ પણ શોધી શકીએ. વિનોબાજીએ જીવનનું સત્ય સુંદર શબ્દોમાં આપ્યું છેઃ 'વિરોધ નહિ અવિરોધ.' જીવનમાં અવિરોધનું તત્ત્વ આવે તો સંઘર્ષથી બચી શકાય છે. એક સરસ વાક્ય છેઃ 'Don't waste your time and energy in fighting with stupid people.' આપણું જીવન મૂર્ખ લોકો સાથે ઝઘડો કરી, જીવનની શક્તિ અને સમય વેડફી નાખવા માટે નથી. તમારે મારી સાથે ઝઘડો કરવો છે તો ભલે કરો પણ મારે ઝઘડો કરવો નથી એનું શું? તમારે વિરોધ કરવો હોય તો ભલે કરો પણ મારે વિરોધ કરવો નથી એનું શું? આપણને બધાને એ વાતની બીક લાગે છે કે હું ઝઘડો નહિ કરું તો હું નિર્માલ્ય ગણાઈશ; નમાલો ગણાઈશ; બીકણ ગણાઈશ માટે પોતાની બહાદુરી બતાવવા નાછૂટકે ઝઘડો કરવો પડે છે. કોઈ મને ગાળ દે અને હું સામી ગાળ ન દઉં; કોઈ મને લાફો મારે અને હું સામો લાફો ન મારું તો હું નમાલો ગણાઉં. ભલેને હું નમાલો ગણાઉં પણ સામી ગાળ ન દઉં અને લાફો પણ ન મારું. નમાલા ગણાવું કે ન ગણાવવું એ આપણી ઈચ્છાની વાત છે.

એકવાર નજરે જોયેલો કિસ્સો કહુંઃ એક શેરીમાં બે છોકરા ઝઘડો કરતા હતા. બાઝાબાઝી બથ્થંબથ્થા કરતા હતા. હું દૂર ઊભો રહી જોતો હતો. એક છોકરો એમ કહે તું પહેલાં મૂકી દે તો હું મૂકી દઉં. બીજો કહે તું પહેલાં મૂકી દે તો હું પણ મૂકી દઉં. બંનેમાંથી એકેયે ઝઘડો કરવો નથી; ઝઘડો છૂટો પડે એવું બંને ઈચ્છે છે પણ છોડી શકતા નથી. કારણ કે જે પહેલાં મૂકી દે તે નમાલો-બીકણ ગણાય. આ બંનેમાંથી એકેયે ઝઘડો કરવાની ઈચ્છા નથી પણ પોતે બહાદુર છે એમ સિદ્ધ કરવા માટે નાછૂટકે ઝઘડો ચાલુ રાખવો પડે છે. મેં એમને કહ્યું – 'તમે બંને બહાદુર છો. ઝઘડો પડતો મૂકો. આપણે ઝઘડો-વિરોધ એટલા માટે કરીએ છીએ કે આપણને બીક લાગે છે કે હું ઝઘડો નહિ કરું તો લોકો મને નમાલો ગણશે; બીકણ ગણશે. ભાઈ, લોકોના પ્રમાણપત્રની જરૂર નથી. લોકો નમાલો ગણે તો ભલે ગણે. હું જે છું તે છું. નમાલાપણાના સર્ટિફિકેટમાંથી બચવા માટે અને બહાદુરપણાના સર્ટિફિકેટ મેળવવા માટે ઝઘડો કરવો પડે એ સૌથી મોટું નમાલાપણું છે; એ સૌથી મોટું નિર્માલ્યપણું છે.'

છેલ્લી એક વાતઃ સૌથી મોટી કળા કઈ? સંગીતકળા, ચિત્રકળા, નૃત્યકળા, સાહિત્યકળા, નાટ્યકળા, ફોટોગ્રાફી... એમ અનેક કળાઓ છે. પણ સૌથી મોટી કળા 'માનવસંબંધોની કળા' છે. – The Art of Human Relationship. મિત્ર સાથે, શિક્ષક સાથે, આચાર્ય સાથે, વડીલો સાથે કેમ વર્તવું? જો માનવસંબંધોની કળા આવડી ગઈ તો તમે સૌથી મોટા

કલાકાર છો. બાકીની કળાઓ ન આવડે એમ હું નથી કહેતો પણ માનવસંબંધોની કળા અંકે કરેલી હશે તો જીવન દીપી ઊઠશે.

છેલ્લે એટલું જરૂર કહીશ, જીવનમાં યોગ અને અધ્યાત્મને થોડુંક સ્થાન આપજો. તમે સાધુ-બાવા થઈ જાઓ એમ હું નથી કહેતો. તમે જે થવાના હોવ એ જરૂર થાવ પણ અધ્યાત્મ વિના એ અધૂરું છે. સાહિત્યકાર થાવ, વૈજ્ઞાનિક થાવ, M.A., Ph.D. થાવ પણ જીવનમાં યોગ અને અધ્યાત્મને થોડુંક સ્થાન આપશો તો તમારું જીવન મઘમઘી ઊઠશે. મિત્રો, આપણે જો એમ માનતા હોઈએ કે અધ્યાત્મ એટલે જીવનનો નકાર. તો એ વાત સાચી નથી. અધ્યાત્મ એટલે જીવનનો નકાર નહિ પણ જીવનની પરિપૂર્ણતા. To live life totally is real spirituality. જીવનને યથાર્થ સ્વરૂપે જીવવાની કળા અધ્યાત્મ આપે છે. તમે કહેશો કે પ્રાણાયામ વૃથા એક્સરસાઈઝ છે. પ્રાણાયામ શું છે? તેની એક નાની કથા શાસ્ત્રમાં છેઃ

એક હતો રાજા. રાજાને એક દીવાન. દીવાનનો કંઈક અપરાધ થયો. રાજાએ મોતની સજા ફરમાવી. આખા રાજ્યમાં હાહાકાર મચી ગયો. આ સાંભળી રાજાના પુરોહિત, મહાઅમાત્ય અને સેનાપતિએ રાજાની મુલાકાત કરી અને કહ્યું – 'મહારાજ, ગમેતેમ તોય એ આપણો દીવાન છે. વર્ષોથી આપની અને આપના રાજ્યની સેવા કરી છે. એનો વાંક છે એ સાચું. એને સજા કરો પણ ફાંસી જેટલી મોટી સજા નહિ; હળવી સજા કરો.' રાજા બહુ ચતુર હતા. દીવાનને મારી તો નાખવો છે પણ એમની વાત પણ માન્ય રાખવી પડશે. એટલે રાજાએ કહ્યું, ભલે બીજી સજા કરીએ. રાજાએ ગામની બહાર ૨૦૦ ફૂટ ઊંચો મિનારો ઊભો કરાવ્યો. એના ઉપર એક પ્લેટફોર્મ બનાવી, સિંહાસન મુકાવ્યું. એના ઉપર દીવાનને બેસાડ્યા અને અન્નજળ ન મોકલવાનો આદેશ કર્યો. અન્નજળ મળશે નહિ એટલે આપોઆપ તે મરી જશે. રાત્રે અંધકારમાં દીવાનનાં પત્ની એને મળવા આવ્યાં. ચતુર બાઈ. એણે નીચેથી બૂમ પાડીઃ 'હું આપને કંઈ મદદ કરી શકું.' દીવાન કહે, 'હા. આવતી કાલે રાત્રે બાર વાગ્યે તું એકલી આવજે અને હું કહું છું એટલી વસ્તુઓ લઈ આવજે. એક વાંદો (બે મૂંછોવાળું નાનકડું જીવડું), એક સાવ પાતળી રેશમની દોરી, એક એનાથી જાડી દોરી, એક એનાથી પણ જાડું દોરડું અને એક જાડું ગાંઠોવાળું દોરડું અને એક મધની શીશી.' દીવાનની પત્ની આટલી સામગ્રી લઈ બીજી રાત્રે પહોંચે છે. દીવાન પત્નીને કહે છે – 'તું પ્રથમ વાંદાની મૂંછને મધ લગાડી દે અને વાંદાની પૂંછડીને સાવ પાતળી રેશમની દોરી બાંધી દે. અને વાંદાનું મોઢું મારા તરફ રહે એ રીતે પીલર પર મૂકી દે.' વાંદાની મૂંછ પર મધ લગાડ્યું છે એટલે મધની લાલચે ઉપર ચઢવા લાગ્યો. છેવટે ઉપર પહોંચી ગયો અને દીવાને વાંદાને પકડી લીધો. રેશમની પાતળી દોરી એના હાથમાં આવી ગઈ. તે પછી દીવાનની સૂચના પ્રમાણે દીવાન-પત્નીએ રેશમની દોરીને ક્રમશઃ પાતળી દોરી, જાડું દોરડું અને ગાંઠવાળું દોરડું બાંધ્યું. એ રીતે દીવાનના હાથમાં જાડું દોરડું આવી ગયું. દોરડાને ઉપર બાંધી દીધું. એ રીતે દોરડાના સહારે દીવાન નીચે ઊતર્યા અને બંને ચાલ્યાં ગયાં.

આ પ્રાણાયામની કથાનો શો અર્થ થાય તે તમને સમજાવું – આપણી અંદર પણ ફિંડલાં છે. એક ચિત્તનું ફિંડલું છે જે જાડું છે. વાંદાની પૂંછડીને જો જાડું દોરડું બાંધવામાં આવ્યું હોત તો વાંદો ઉપર ચડી ન શક્યો હોત. આપણે ચિત્તને ડાયરેક્ટ કંટ્રોલ કરી શકતા નથી. આપણે રોજ સંકલ્પ કરીએ છીએ કે હવે હું વહેલો ઊઠીશ. હવે હું ક્રોધ નહિ કરું. પણ થોડા વર્ષોમાં આપણે પાછા હતા ત્યાં ને ત્યાં. કારણ કે આપણે ચિત્તને સીધું જાડું દોરડું બાંધીએ છીએ. બીજું દોરડું છે પ્રાણરૂપી દોરડું. એ પણ જાડું દોરડું છે. એને પણ ડાયરેક્ટ કંટ્રોલ કરી ન શકાય. જો પાતળી રેશમની દોરી હાથમાં આવી જાય તો જાડું દોરડું હાથમાં આવી જાય. ચિત્ત અને પ્રાણ આપણી અંદર પડેલા જાડા દોરડા સમાન છે. પાતળું દોરડું ભગવાને દરેકને આપ્યું છે. એનો એક છેડો બહાર લટકે છે. એનું નામ છે શ્વાસ. શ્વાસને પ્રાણ અને ચિત્ત સાથે સંબંધ છે માટે પ્રથમ શ્વાસને પકડો એનાથી પ્રાણ અને ચિત્તને પકડો. શ્વાસને પકડી પ્રાણ અને ચિત્તને નિયંત્રિત કરવાની કળાનું નામ છે પ્રાણાયામ. શ્વાસ, પ્રાણ અને ચિત્ત અન્યોન્ય સંબંધથી જોડાયેલાં છે. સૌ પ્રથમ પાતળી રેશમની દોરી સમાન શ્વાસને નિયંત્રિત કરો, એનાથી પ્રાણનું અને ચિત્તનું નિયંત્રણ સિદ્ધ થશે. શ્વાસ, પ્રાણ અને ચિત્તને નિયંત્રિત કરવાની વિદ્યાનું નામ પ્રાણાયામ છે.

કૃષ્ણ વંદે જગત ગુરુમ્ !

(સંકલનઃ ગિરીશ ચૌધરી)

(સરસ્વતી આશ્રમ, રંગપર, મચ્છુ ડેમ પાસે, મોરબી)

# ગુજરાતની બદલાતી ભૂગોળ

**કલ્પના આર. માલવત**[1]
**રહીમ એસ. માલવત**[2]

૧લી મે ૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યમાંથી ઉત્તરના સત્તર જિલ્લાઓ અમદાવાદ, અમરેલી, સાબરકાંઠા, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, ડાંગ, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, પંચમહાલ, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર અને વડોદરા જિલ્લાના વિસ્તારોનો સમાવેશ કરી અલગ 'ગુજરાત રાજ્ય' તરીકે રચના કરવામાં આવી. નવું રચાયેલું ગુજરાત રાજ્ય દેશના રાજ્યોની ભાષાવાર પુનર્રચનાનું પરિણામ હતું.

ગુજરાતની હદ અત્યારે છે તે પ્રમાણે ભૂતકાળમાં ન હતી. રાજકીય અને ઐતિહાસિક બદલાવોની સાથે ગુજરાતની સીમાઓમાં પણ સમયાંતરે પરિવર્તનો આવ્યાં છે. પુરાત્ત્વવિદોના મતે 'સિંધુ સંસ્કૃતિ' અથવા 'હડપ્પા સંસ્કૃતિ'ના ભાગરૂપે ગુજરાતમાં પણ પ્રાગઐતિહાસિક કાળમાં[1] માનવ સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવતી હતી, જે સિંધથી લઈને મધ્યગુજરાતના સાબરમતી અને મહી નદી સુધી ફેલાયેલી હતી. એ સમયે ગુજરાતમાં અનેક બંદરો તથા શહેરો સુરકોટડા, બગસરા, કન્ટાસી, કાનમેર, દેસળપર, શિકારપુર, લોથલ, ધોળાવીરા જેવા ૬૦ મોટા શહેરો અસ્તિત્વમાં હતા. જે મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય વ્યાપારનાં કેન્દ્રો હતાં.[2] સિંધુ સંસ્કૃતિનો મોટાભાગનો વિસ્તાર હાલના પાકિસ્તાનમાં છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કચ્છના ધોળાવીરામાં થયેલા ઉત્ખનન અને સંશોધનોનાં પ્રારંભિક તારણો પરથી એ વાતને પ્રબળ વેગ મળે છે કે ધોળાવીરા એ સિંધુ સંસ્કૃતિનું એક ખૂબ જ અગત્યનું કેન્દ્ર હશે.[3] કારણ કે ધોળાવીરામાંથી મળેલા અવશેષો એવું નિર્દેશ કરે છે કે ધોળાવીરા એ કદાચ રાજધાનીનું કેન્દ્ર હોય. એટલે સમગ્ર સિંધુ સંસ્કૃતિનું કેન્દ્રબિંદુ હાલના ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતું  હશે.

આ સિવાય સાબરમતી નદીના મુખ પાસે આવેલું 'લોથલ' ઈ.સ. પૂર્વે ૪૦૦૦માં દુનિયાનું સૌપ્રથમ બંદર હોવાનું મનાય છે.[4] જેના દ્વારા અરબી સમુદ્ર મારફતે અખાતના દેશો, આફ્રિકાના દેશો, ઈજિપ્ત, તથા યુરોપ સુધી જળમાર્ગે વેપાર ચાલતો હતો. આ પછીના સમયમાં સુરત, ખંભાત, ભરૂચ જેવા બંદરો મારફતે દુનિયાના ઘણા દેશો જોડે વેપાર થતો હતો. ગુજરાતના બંદરોએથી પ્રાચીન કાળથી જ સુતરાઉ કાપડ, ગરમ મસાલો, ગળી, સૂંઢ, મલમલ, કિનખાબ, જીરું, લાખ, હરડે, આંબળા, અફીણ, સુરોખાર અને મધ જેવી ચીજવસ્તુઓની અરબસ્તાન, ઇરાન, ઈજિપ્ત, તથા અન્ય દેશોમાં નિકાસ થતી હતી અને ગુજરાતના વેપારીઓ જાવા, સુમાત્રા, અને બોર્નિયો સુધી વેપાર કરતા હોવાના અનેક પુરાવાઓ ઇતિહાસમાં મળે છે. મધ્યગુજરાતનું ખંભાત બંદર એક સમયનું ગુજરાતનું સૌથી વ્યસ્ત બંદર ગણાતું હતું. ખંભાત બંદરેથી સુતરાઉ કાપડ, અકીકના ઘરેણાં, ગરમ મસાલાની નિકાસ થતી હતી.[5]

જાણીતા આરબ ભૂગોળવેત્તા અલમસૂદીએ ઈ.સ. ૯૧૫માં તથા વિખ્યાત સંશોધક માર્કોપોલોએ ઈ.સ. ૧૨૯૩માં ખંભાત બંદરની મુલાકાત લઈ પોતાના પ્રવાસવર્ણનોમાં ખંભાત બંદરની સમૃદ્ધિનો ઉલ્લેખ કરેલો છે. થેવે અને મેન્ડેલ્સો નામના ગ્રીક મુસાફરોએ પોતાના મુસાફરી વર્ણનોમાં સરખેજની ગળીની ખેતી તથા ગુજરાતમાં બનતા રેશ્મી ગાલીચા અને છીંટના કારખાના તથા પતાસાની નિકાસ થતી હોવાનો ઉલ્લેખ કરેલા છે.[6]

મધ્યપૂર્વ એશિયામાં આવેલા અક્કાડના રાજા શરરુકીને ઈ.સ. પૂર્વે ૨૩૫૦માં ગુજરાત જોડે વ્યાપારી સંબંધ બાંધવાની હિમાયત કરતા પુરાવઓ મળે છે. એ સમયની અનેક પ્રાચીન સંસ્કૃતિના દેશો ગુજરાત સાથે જળ માર્ગે વ્યાપાર કરતા હતા. ગુજરાતનો વેપાર મુખ્યત્વે સૌરાષ્ટ્ર તથા મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના બંદરો જેવા કે પારડી, કુન્ટાસી (ભીનો ટીંબો) બેટદ્વારકા, માલવણ, ભરૂચ, માંડવી જેવા બંદરો દ્વારા થતો હતો. કચ્છમાં એ સમયે જખૌ, લખપત, કોટેશ્વર અને મુંદ્રા મુખ્ય બંદરો હતાં.[7]


પ્રસિદ્ધ ગ્રીક ભૂગોળવેત્તા સ્ટ્રેબોએ નોંધ્યું છે કે 'ગુજરાતના બંદરોએથી મોટા પ્રમાણમાં કપાસની નિકાસ થાય છે.' સ્ટ્રેબો સૌરાષ્ટ્રને સેરોસ્ટસ કહે છે. પ્રસિદ્ધ ગ્રીક ઈતિહાસકાર હેરોડોટ્સ[૯] સિંધુ સંસ્કૃતિની કપાસની ખેતી વિશે 'ભારતના લોકો વૃક્ષ પર 'ઉન' ઉગાડે છે.' એવી નોંધ કરે છે. હકીકતમાં એ સમયે સમગ્ર યુરોપમાં અને તેમાંય ખાસ કરીને ગ્રીક અને રોમમાં ઉનમાંથી અથવા અન્ય વનસ્પતિના રેસામાંથી વસ્ત્રો બનાવવામાં આવતા હતા. સમગ્ર વિશ્વમાં કપાસની ખેતી તથા કપાસમાંથી વસ્ત્રો બનાવવાની શોધ ગુજરાત અને સિંધના હિંદુઓને ફાળે જાય છે.[૯] કારણ કે કાપડ બનાવવાની કળા તથા કપાસની ખેતી વિશે તો સૌપ્રથમ ઉલ્લેખ ભારતીય પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં ઈ.સ. પૂર્વે ૧૫૦૦માં મળે છે. જોકે એ સમયની દક્ષિણ અમેરિકાની પ્રાચીન સંસ્કૃતિઓના અવશેષો પરથી એ વાતને પુષ્ટિ જરૂર મળે છે કે એ સમયે ત્યાંની સંસ્કૃતિઓમાં કપાસની ખેતી થતી હશે. પરંતુ જ્ઞાત દુનિયામાં કાપડ બનાવવા તથા કપાસની ખેતી કરવામાં સિંધ અને ગુજરાતના લોકો અગ્રેસર હતા અને તેના આધારભૂત પુરાવાઓ પણ મળે છે. આ કારણે જ ગ્રીક, રોમ અને બેબિલોનમાં ભારતનું સુતરાઉ કાપડ (Sindi) સીન્ડી અથવા Sindoni (સીન્ડોની) તરીકે ઓળખાતું હતું.[૧૦] ઈજિપ્તના જગવિખ્યાત પિરામીડોના 'મમી'ને વિંટાળવા માટે ગુજરાતનું સુતરાઉ કાપડ ઉપયોગમાં લેવાતું હોવાના અનેક પ્રમાણો ઉપલબ્ધ છે. ઈજિપ્ત અને આફ્રિકાના દેશોમાં થતી કપાસની ખેતી ગુજરાતમાંથી જ સ્થળાંતરિત થયેલી છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ પશ્ચિમ ભારત અટલે કે ગુજરાતમાં થતા ઉચ્ચ પ્રકારના કપાસની ખેતીનો ઉલ્લેખ મળે છે.[૧૧]

ઈ.સ. પૂર્વે ૧૭૨૫માં હડપ્પા અને ચનહુડેરો (હાલ પાકિસ્તાન)માં સૌપ્રથમ રેશમનું ઉત્પાદન શરૂ થયું હતું. જ્યારે ચીન દ્વારા પ્રસિદ્ધ રેશમ માર્ગ દ્વારા યુરોપ સુધી રેશમના વ્યાપારની શરૂઆત ઈ.સ. પૂર્વે ૧૦૦માં થઈ હતી તે અત્રે ઉલ્લેખનીય બાબત છે.

આરંભિક ઐતિહાસિક કાળમાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના પ્રદેશને 'આનર્ત' તરીકે ઓળખવામાં આવતો. જોકે ટોલેમી અને પેરિપ્લસ સૌરાષ્ટ્રને 'સુરાષ્ટ્રીન'[૧૨] તરીકે તથા ચીની મુસાફર હ્યુઆન શાંગ 'સુલ-કા' અર્થાત્ સોરઠનો ઉલ્લેખ કરે છે.

નવમી અને દસમી સદીમાં દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત માટે 'લાટ' શબ્દનો પ્રયોગ થતો હતો. દસમી સદીમાં ઉત્તર ગુજરાતમાં સોલંકી કાળની શરૂઆત થઈ ત્યારે અગાઉ દક્ષિણ રાજસ્થાનના પ્રદેશ માટે (ગુજ્જર જાતિ પરથી પડેલું) ગુર્જરનામ ઉત્તર ગુજરાતના પ્રદેશો માટે પ્રચલિત બન્યું અને 'લાટ' નામ દક્ષિણ ગુજરાત પૂરતું મર્યાદિત બન્યું. સમયાંતરે જેમ જેમ સોલંકી રાજ્યની સત્તા પ્રસરતી ગઈ તેમ તેમ 'ગુર્જર' નામનો પ્રયોગ પણ વિસ્તરતો ગયો અને છેવટે 'ગુર્જર' નામ સમસ્ત તળગુજરાત માટે પ્રચલિત બન્યું. જે ત્યાર બાદ ગુજરાત તરીકે પ્રચલિત થયું. આમ લગભગ છેલ્લી ૮ સદીથી ગુજરાત નામ પ્રચલિત છે. આ માટેનો સૌ પ્રથમ જ્ઞાતઉલ્લેખ 'આબુરાસ' (ઈ.સ. ૧૨૩૩)માં[૧૩] મળે છે. માર્કોપોલો (ઈ.સ. ૧૨૫૪-૧૩૨૪)ના લખાણોમાં ગુજરાત નામનો ઉલ્લેખ મળે છે. મુસ્લિમ શાસનકાળ દરમિયાન 'ગુજરાત' નામ વધુ પ્રચલિત બન્યું. જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છનો પણ સમાવેશ થતો હતો. આ નામ મોગલકાળ (ઈ.સ. ૧૨૦૬)થી મરાઠાકાળ (ઈ.સ. ૧૮૧૮) સુધી પ્રચલિત રહ્યું. પરંતુ બ્રિટિશકાળમાં ગુજરાતનો સમાવેશ (મુંબઈ) રાજ્ય ઈલાકાના જિલ્લા રૂપે થયો. આમ છતાં ભાષાકીય અને સાંસ્કૃતિક દષ્ટિએ ગુજરાતની આગવી ઓળખ અકબંધ રહી. આઝાદી પછી ઈ.સ. ૧૯૪૭માં મુંબઈ ઈલાકામાંથી 'મુંબઈ રાજ્ય' બન્યું અને ગુજરાત મુંબઈ, સૌરાષ્ટ્ર અને કચ્છ એમ ત્રણ વિભાગોમાં વહેંચાયું. બંધારણના અમલ બાદ ગુજરાત મુખ્યત્વે ત્રણ વિભાગોમાં વહેંચાયેલું હતું. જેમાં વર્ગ (અ) શ્રેણી જેના અંતર્ગત પૂર્વ બ્રિટિશ ગવર્નર કે પ્રોવિન્સના ભાગો આવતા હતા. જેમાં મુંબઈ રાજ્ય ઉપરાંત મધ્યપ્રદેશ, પં. બંગાળનો સમાવેશ થતો હતો. દક્ષિણ ગુજરાત તથા મધ્ય ગુજરાતનો મોટાભાગનો વિસ્તાર મુંબઈ રાજ્યમાં આવતો હતો. વર્ગ (બ) રજવાડાઓ જેનો વહીવટ રાજાઓ કરતા હતા. તેમાં સૌરાષ્ટ્રનો સમાવેશ થયો હતો. સૌરાષ્ટ્ર ઉપરાંત આ શ્રેણીમાં હૈદરાબાદ, મૈસૂર, પટીયાળા જેવાં રજવાડાં આવતાં હતાં. તથા વર્ગ (ક) ભૂતપૂર્વ ચીફ કમિશ્નરના પ્રોવિન્સ હેઠળના રજવાડાઓના અંતર્ગત કચ્છનો પ્રદેશ આવતો હતો.

ઈ.સ. ૧૯૫૬માં મુંબઈ રાજ્યનું વિસ્તરણ થયું તથા મુંબઈ રાજ્યમાં કચ્છ, સૌરાષ્ટ્ર, હૈદરાબાદ તથા





**ગુજરાત ઈ.સ. પૂર્વે ૩૫૦૦, સિંધુ સંસ્કૃતિ**

મધ્યપ્રદેશનો સમાવેશ થયો. આમ સમગ્ર ગુજરાતનો પ્રદેશ કચ્છ સૌરાષ્ટ્ર સહિત મુંબઈ રાજ્યનો ભાગ બન્યું અને ત્યારબાદ 'મહાગુજરાત' આંદોલન બાદ ઈ.સ. ૧૯૬૦માં ગુજરાત અલગ રાજ્ય બન્યું.

આમ દસમી સદીમાં સોલંકી યુગમાં 'ગુજરાત' નામનો પ્રયોગ શરૂ થયો અને એકવીસમી સદી સુધીમાં એક વિકસિત પ્રદેશ તરીકે ગુજરાતે અનેક રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તનો અનુભવ્યાં, ગ્રીક, રોમન, આરબ, પોર્ટુગીઝ, પારસી (ઈરાની), આફ્રિકન, ઇટાલી અને પૂર્વ એશિયાના દેશો જોડે વ્યાપાર અને સાંસ્કૃતિક આદાનપ્રદાનથી ગુજરાતની સંસ્કૃતિમાં અનેક નવા પરિમાણો ઉમેરાયા છે. જેની સ્પષ્ટ અસર ગુજરાતની વર્તમાન સંસ્કૃતિ પર જોઈ શકાય છે.

૧૯૬૦માં નવનિર્મિત ગુજરાત રાજ્યમાં ૧૭ જિલ્લાઓનો સમાવેશ થતો હતો. ત્યારબાદ ઈ.સ. ૧૯૬૪માં અમદાવાદ જિલ્લા તથા મહેસાણા જિલ્લાના કેટલાક ભાગો એકત્ર કરીને પાટનગર ગાંધીનગર જિલ્લાની રચના થઈ. ઈ.સ. ૧૯૬૬માં સુરત જિલ્લામાંથી વિભાજન બાદ વલસાડ નવો જિલ્લો બન્યો. શ્રી શંકરસિંહ વાઘેલાના મુખ્યમંત્રીકાળ




Map no to scale

દરમિયાન ઈ.સ. ૧૯૯૬માં વહીવટી સરળતા કહો કે પછી પ્રજાની મહત્ત્વાકાંક્ષા કે પછી ચૂંટણીલક્ષી રાજકારણની મજબૂરીને ધ્યાનમાં લઈ ગુજરાતના જિલ્લાઓની પુનર્રચના કરવામાં આવી. જોકે એનો અમલ શ્રી કેશુભાઈ પટેલના કાર્યકાળ દરમિયાન એટલે કે ૧૯૯૭માં થયો, આમ ૧૯૯૭માં ખેડા જિલ્લાનું વિઘટન થયા બાદ આણંદ જિલ્લો, પંચમહાલ જિલ્લામાંથી દાહોદ જિલ્લો, ભરૂચ જિલ્લામાંથી નર્મદા જિલ્લો, વલસાડ જિલ્લામાંથી નવસારી જિલ્લો અને જૂનાગઢ જિલ્લામાંથી વિભાજન બાદ પોરબંદર નવા જિલ્લા તરીકે તથા ઈ.સ. ૨૦૦૦માં બનાસકાંઠા તથા મહેસાણા જિલ્લાના કેટલાક તાલુકાઓનો સમાવેશ કરીને પાટણ જિલ્લાની નવા જિલ્લા તરીકે રચના કરવામાં આવી.

સને ૨૦૦૭માં ચૂંટણીપૂર્વે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સુરત જિલ્લામાંથી વિભાજન બાદ તાપી જિલ્લો બનાવી ગુજરાતના જિલ્લાઓની કુલ સંખ્યા ૨૬ સુધી પહોંચાડી દીધી. જિલ્લાઓ તથા તાલુકાઓની પુનર્રચના કરવા પાછળ મોટેભાગે પછાત વિસ્તારો સુધી વિકાસ પહોંચાડવાનો તથા વહીવટી સુગમતા જેવા તર્કો અને બચાવો સરકારી બાબુઓ દ્વારા લોકોને બનાવવામાં આવે છે. પરંતુ મોટાભાગે આવા નિર્ણયો રાજકારણપ્રેરિત હોય છે. એ જ શૃંખલામાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિધાનસભા ચૂંટણી પૂર્વે ફરી એક વાર જિલ્લા તથા તાલુકાઓની પુનર્રચના તથા નવા જિલ્લાઓની ઘોષણા કરી; જે મુજબ ૨૬મી જાન્યુઆરી ૨૦૧૩ના

રોજ ૭ નવા જિલ્લાઓની રચનાને મંજૂરી મળી. જેમાં સાબરકાંઠા જિલ્લામાંથી અરાવલી જિલ્લો, અમદાવાદ અને ભાવનગર જિલ્લામાંથી બોટાદ જિલ્લો, વડોદરા અને પંચમહાલ જિલ્લામાંથી છોટાઉદેપુર જિલ્લો, જામનગર જિલ્લામાંથી દ્વારકા જિલ્લો, ખેડા અને પંચમહાલ જિલ્લામાંથી મોરબી જિલ્લો અને જૂનાગઢ જિલ્લામાંથી સોમનાથગીર જિલ્લો વિભાજન બાદ નવા રચાયેલા જિલ્લાઓ છે. આમ હવે ગુજરાતમાં ૩૩ જિલ્લાઓ અને ૨૪૫ તાલુકાઓ અસ્તિત્વમાં છે. નવા જિલ્લાઓ કે તાલુકાઓની રચના બાદ પણ જે તે પ્રદેશના પ્રાણપ્રશ્નો તો ઠેરના ઠેર છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના પ્રદેશમાં તથા કચ્છ અને ઉત્તર ગુજરાતના પ્રદેશમાં પાણીની અછત તથા કાયમી દુષ્કાળ જેવી ભૌગોલિક સમસ્યાઓ તથા દરિયા કિનારાના વિસ્તારોમાં દરિયાની ખારાશ ખેતીની જમીનોમાં પ્રસરવાની તથા કચ્છના દરિયા કિનારે ખાનગી કંપનીઓને SEZ માટે અપાયેલી જમીનથી દરિયાઈ પર્યાવરણ અને મેન્ગોવ વનસ્પતિને ખૂબ મોટું નુકસાન પહોંચી રહ્યું છે. હકીકતમાં ગુજરાતના પછાત વિસ્તારો જેવાં કે ભાલપ્રદેશ, ઉત્તર ગુજરાત તથા કચ્છના રણને અડીને આવેલા વિસ્તારો પૂર્વની પટ્ટીમાં આવેલા આદિવાસી વિસ્તારો તથા દરિયા કિનારે વસતા ખારવા તથા અગરિયાઓનો વિચાર કરી જે તે પ્રદેશની સ્થાનિક પરિસર (Local Ecology) તંત્ર તથા ખેતીકીય વિકાસને ધ્યાનમાં રાખી પ્રદેશોનું પુનર્આયોજન અથવા રચના કરવી જોઈએ. વિકાસની આંધળી દોટ પાછળ આપણે પાયાના પ્રશ્નોને કદાચ વધારે ગંભીર બનાવી રહ્યા છીએ.

ભારતના પશ્ચિમ ભાગમાં અરબી સમુદ્રના કિનારે ૨૦° ૦૬' ઉત્તર અક્ષાંશવૃત્તથી ૨૪° ૪૨' ઉત્તર અક્ષાંશવૃત્ત અને ૬૮° ૧૦' પૂર્વ રેખાંશવૃત્તથી ૭૪° ૨૮' પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે આવેલું ગુજરાત ૧૯૬,૦૨૨ ચો. કિ.મી.માં વિસ્તરેલું છે. જે ભારતના કુલ વિસ્તારના ૬% જેટલો વિસ્તાર ધરાવે છે.[૧૪] અને ભારતના અન્ય રાજ્યો કરતાં ગુજરાતને સૌથી લાંબો આશરે ૧૬૦૦ કિ.મી. લંબાઈનો દરિયા કિનારો મળ્યો છે તથા ગુજરાતનો મોટાભાગનો વિસ્તાર ઉષ્ણકટિબંધમાં અને બહુ થોડો વિસ્તાર સમશીતોષ્ણ કટિબંધમાં આવેલો છે. કર્કવૃત્ત ગુજરાતની લગભગ ઉત્તર ભાગમાંથી પસાર થાય છે. જેની અસર અહીંની આબોહવા પર જોવા મળે છે. આ ઉપરાંત ગુજરાતમાંથી મળતા ખનિજો, ખેતઉત્પાદન અને ગુજરાતીઓની સાહસિક વેપારીવૃત્તિએ ગુજરાતને એક સમૃદ્ધ રાજ્ય બનાવ્યું છે; એમાં કોઈ બેમત નથી. ખરેખર તો સમૃદ્ધ રાજ્ય તરીકે ગુજરાતનું નિર્માણ તેના ભૌગોલિક પરિબળોએ કર્યું છે. જેની સ્પષ્ટ અસર ગુજરાતના આર્થિક વિકાસ પર જોઈ શકાય છે.

**પાદ નોંધઃ**


૧. શાસ્ત્રી (ડૉ.) હરિપ્રસાદ ગંગાશંકર, 'પ્રાચીન ભારત' ભાગ-૧. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (૧૯૬૯) પૃ. ૧૫.

૨. Ancient port of Gujarat. www.gisdevelopment.net/application/archaclogy

૩. A.S. Gaur, K.H. Vora, 'Ancient Shore line of Gujarat, India during Indus civilization (Late Mid Holocene): A study based on Archeological evidence, – Nations Inst. of oceanoraphy, KOA, India.

૪. દવે (ડૉ.) મંજુલા બી., 'ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પૃ. ૩

૫. દવે (ડૉ.) મંજુલા બી., 'ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પૃ. ૫

૬. દવે (ડૉ.) મંજુલા બી., ઉપર્યુક્ત, પૃ. ૨

૭. भारतीय वसनों का इतिहास, - कोलिको वसन संग्रहालय, साराभाई फाउन्डेशन, अहमदावाद, पृ. २, ३

૮. એજન, પૃ. ૨,૩

૯. History of Textile in South Asia. www.zum.de/Whkmlk/Spl/1011

૧૦. History of Textile in South Asia

૧૧. History of Textile in South Asia

૧૨. રાજગોર શિવપ્રસાદ, 'ગુજરાતનાં બંદરો – એક પરિચય', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ (૧૯૮૬), પૃ. ૮૩

૧૪. 'નકશામાં ગુજરાત' – યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ (૧૯૭૩), પૃ. ૧, ૨

૧૪. દવે (ડૉ.) મંજુલા બી., ઉપર્યુક્ત, પૃ. ૨



(૧. અધ્યક્ષ, ભૂગોળ વિભાગ,
નલિની આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર
૨. મુલાકાતી અધ્યાપક, સીવીએમ આઈએએસ એકેડેમી,
વલ્લભ વિદ્યાનગર)

# સરદાર પટેલઃ એક નવી જ દૃષ્ટિએ

**ભદ્રાયુ વછરાજાની**

**(સીવીએમસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સેરલિપના ચતુર્થ વાર્ષિકોત્સવના મુખ્ય અતિથિ તરીકે આપેલા વ્યાખ્યાનના અંશ અહીં પ્રસ્તુત છે.)**

'ધર્મ એટલે શું?' એક જિજ્ઞાસુ શિષ્યએ પૂછ્યું.

'એ સમજાવવા માટે ચાલીશ વર્ષ જોઈએ.' ગુરુ બોલ્યા. 'પણ જલ્દી સમજવું હોય તો સામે બીજા ગુરુ છે...'

જિજ્ઞાસુ શિષ્યએ બીજા ગુરુનું દ્વાર ખટખટાવ્યું. પૂછ્યુંઃ 'ધર્મ એટલે શું?' તરત જવાબ મળ્યોઃ 'ધર્મ એટલે સૌનું કલ્યાણ...' શિષ્યએ ફરી પૂછ્યુંઃ 'સૌનું કલ્યાણ એટલે શું?' ગુરુ બોલ્યાઃ 'બેટા, એ સમજાવતાં તો મને ચાલીશ વર્ષ લાગે...'

કોઈ પૂછે કે સરદાર પટેલ એટલે કોણ?... તો બસ પેલા શિષ્યએ સાંભળ્યો એવો જવાબ સાંભળવો પડે.

સરદાર પટેલ એટલે રાષ્ટ્ર માટે સમર્પિત જીવન. પણ 'રાષ્ટ્ર માટે સમર્પિત જીવન એટલે શું?' એ પ્રશ્નનો જવાબ આપતાં ચાલીશ વર્ષ લાગે...!

આડીઅવળી ગલીકૂંચીઓ અને પચ્ચીસ હજારની વસતિ ધરાવતાં નડિઆદમાં જન્મ. જન્મતારીખ નક્કી નહીં... પોતે જ મેટ્રિકની પરીક્ષા વખતે કબૂલ કરેલું કેઃ 'મનમાં આવ્યું એટલે ૩૧-૧૦-૧૮૭૫ ઠોકી દીધું. મારી ઉંમર પૂછવામાં આવે ત્યારે મારે ગપ્પું મારવું પડે છે. સોગંદ લઈને કહેવું પડે ત્યારે હું હંમેશા 'આશરે' એવો શબ્દ ઉમેરી દઉં છું.'

- આખાબોલા ખરા, ખોટાબોલા નહીં.
- બિન્દાસ્ત ખરા, બેદરકાર નહીં.

લાડબા અને ઝવેરભાઈનું ચોથું સંતાન અને ચોથા દીકરા. (ઝવેરભાઈનું) કરમસદ, (લાડબાનું) નડિઆદ ઉપરાંત વસો, સોજિત્રા, ધર્મજ, ભાદરણ આ છ ગામનો ગોળ. આ ગોળના પાટીદારોનો રુઆબ ઝાઝો. વલ્લભભાઈને રુઆબ વારસામાં ને વાતાવરણમાં મળ્યો. પિતા પાસેથી રાષ્ટ્રપ્રેમ, શેતરંજ અને મૂંઝવણનો ઉકેલ શોધવા 'આંટા મારવાનું' શીખ્યા!

વલ્લભભાઈને મારી-તમારી જેમ ઘરમાં આંટા



મારવાની ટેવ. ગોધરા, બોરસદ, અમદાવાદ, બારડોલી, દિલ્હી કે મુંબઈના નિવાસસ્થાને બંને હાથ પાછળ ભેરવીને કે ખુમારીભરી અદબવાળીને વલ્લભભાઈ આંટા મારતા જાય ને સમાજના ને રાષ્ટ્રના પ્રશ્નોના ગૂંચળાં ઉકેલતા જાય...

- બેસે તેનું નસીબ બેઠું, ચાલે તેનું ભાગ્ય ચાલતું.
- ચાલે તેમ વિચારે, વિચારે તેમ વર્તે, વર્તે તેમ જ થાય તેનો હઠાગ્રહ પણ રાખે.

વલ્લભભાઈ પાતળા છતાં માયકાંગલા નહીં, ખડતલ. મોટા કાકાને અનુસરીને મહીને બે ઉપવાસ ખેંચી નાખે, પણ ત્યારે પાણી ય નહીં પીવાનું. Done means done. No compro! પોતે વચેટ, એટલે કપડાં કે મીઠાઈની વહેંચણીમાં 'ઉતરન' મળે અને કામ કરવામાં સૌ પહેલાં ક્રમે યાદ કરે. વલ્લભભાઈ સીધા અને ઊંડા ચાસે હળ ચલાવે, બિયારણ પેરે, ઢોરઢાંખર સાચવે, ખેતરમાં કામ કરતાં કરતાં ગણિતના પાડા શીખે. સ્વભાવે કરડાકી. સામે થાય એટલે ભાઈઓ એને 'ગાંડો બળદ' કહે!

- કરડાકી ખરી, પણ એ કામગરી. પરિશ્રમમાંથી પ્રગટેલી.

ગિલ્લીદંડા, હુતુતુતુ, ખોખો, ગેડીદડા અને આમલીપીપળી જેવી રમતોમાં માહિર. બાંધો પાતળો. રૂપાળા નહીં પણ ચહેરો ગંભીર. આરપાર વીંધી નાખતી આંખો અને ચહેરા પરની કડકાઈથી વકીલ થયા ત્યારે જોનારને ગભરાવી મૂકતા. 'તોફાનીઓના સરદાર' હતા. પેટલાદ-કરમસદ વચ્ચે છ ભાઈબંધો સાથે આવજા કરે ભણવા માટે ત્યારે રસ્તામાં મોટો પથ્થર નડે તો બીજા મિત્રો કૂદીને કે તારવીને નીકળે, પણ વલ્લભભાઈ જબ્બર મોટા પથ્થરને ઊંચકે ને બાજુએ ફગવી દે. ૧૯-૨૦ વર્ષે તો તેઓ સ્પષ્ટ વક્તા, જવાબદાર છતાં તોછડા, હિંમતબાજ અને મક્કમ મનના આગેવાન બની ગયા. ન્યાયનિષ્ઠા ભારોભાર, પણ દલીલબાજીની અને વિરોધીઓની નબળી કડી પારખી લેવાની આવડત જબરી.

- કડકાઈ ખરી, પણ પ્રભાવક, અભાવ કરે તેવી નહીં.
- તોફાન-તોછડાઈ ખરી, પણ પરગજુપણું ય હાજર.

વલ્લભભાઈ પાસે પ્રેરણાત્મક વાક્યો કે સૂત્રો નહીં. અવાજમાં મધુરતા કે સંગીતમયતા નહીં. અવાજ ગંભીર પણ સાંભળવો ગમે એવો. કલાત્કતા નહીં. પણ ભાવાત્મકતા ખરી. અંગ્રેજી ઘણું સારું. મોટા મોટા પૅરેગ્રાફ મોઢે કરી ભાષણોમાં બોલે તો વટ પડે. ગોળ ગોળ વાત નહીં, તડને ફડ. રોકડું પરખાવવાનું કારણ પેટમાં પાપ નહીં. રાષ્ટ્ર સર્વોપરિ, એની પાસે બધું હેઠું. ગામડાની કહેવત – રૂઢિપ્રયોગ – દ્વિઅર્થી સંવાદનો વાતેવાતે ઉપયોગ કરે. એટલે આકરા પાણીએ હોવા છતાં વલ્લભભાઈ સૌને પોતીકા લાગે... ખાસ જરૂર ન હોય તેવાં પુસ્તકો વાચંવામાં બહુ રસ નહીં. ભાષણોમાં ફક્કડ બોલે – તળપદી બોલીમાં ને અંગ્રેજીમાં પણ... પરંતુ તેથી અંગ્રેજી કે ગુજરાતીમાં લખવાની કોઈ ઇચ્છા તેમને નહીં.

- જેવા છો તેવા જ અભિવ્યક્ત થાવ, પણ દિલની સચ્ચાઈ સાથે.
- Person કરતાં Selfને મોટો કરો તો સૌ સુધી પહોંચાશે.

દિલના સ્ફટિક જેવા ચોખ્ખા. માણસ પ્રત્યેનો પ્રેમ અપાર. બેંતાલીસ વર્ષ પછી બાકરોલ આવ્યા તો બે જ પ્રશ્ન પૂછ્યાઃ 'અમુ મિયાં ક્યાં છે? લક્ષ્મીરામ ક્યાં છે?...' નડિયાદમાં મિત્ર કાશીભાઈના ઘરમાં રહેતા ત્યારે મિત્રનાં પત્ની છ મહિનાનું છોકરું મૂકીને ગુજરી ગયાં ત્યારે વલ્લભભાઈએ છોકરાંને સાચવ્યું, તેની બાજુમાં સૂતા, દૂધ પાતા અને તેનાં બાળોતિયાં પણ ધોઈ નાખતા...! પોતાને ઈંગ્લેન્ડ જવાનું હતું, પૈસા પોતે ભેગા કર્યા, કાગળિયા પોતાના કર્યા, મુસાફરીના દસ્તાવેજો અને ટિકિટવાળું કવર પહોંચ્યું, વિઠ્ઠલભાઈના ઘરે. કવર પર હતુંઃ વી.જે. પટેલ. પાસપોર્ટ અને ટિકિટ પર લખ્યું હતુંઃ વી.જે. પટેલ... ૧૯૨૧માં સાદીસીધી ભાષામાં આ વાત આમ કહી છે વલ્લભભાઈએઃ 'હું તારા કરતાં મોટો છું તેથી મને ઈંગ્લેન્ડ પહેલાં જવા દે. મારા આવ્યા પછી તું જઈ શકીશ, પણ તારા પછી મારાથી જવાશે નહીં... મેં મોટા ભાઈને પંદર દિવસની મહેતલ આપી ને તેઓ પંદરમે દિવસે ઈંગ્લેન્ડ જવા નીકળી ગયા...!'

- દિલ સ્ફટિક જેવુંઃ મૃદુનિ કુસુમાદપિ સમ.

મોટા ભાઈ પોતાની તૈયારી અને મહેનત પર ઈંગ્લેન્ડ ઉપડી ગયા! સત્તર વર્ષની ઉંમરે લગ્ન થયાં, અને તેંત્રીસ વરસની ઉંમરે પત્ની સાથ છોડી ગયાં. બે બાળકો ત્યારે, એક પાંચ વર્ષનું બીજું ત્રણ વર્ષનું! વલ્લભભાઈનાં પત્ની ૨૯ વર્ષનાં હતાં ત્યારે આંતરડામાં કેન્સરની ગાંઠને કારણે ગુજરી ગયાં, ત્યારે તેમની અંતિમ પળે તેમની પાસે તેમના પતિ કે માબાપ કોઈ ન હતું!! તેઓશ્રી આણંદની અદાલતમાં પૂરાં બળથી સાક્ષીની ઉલટતપાસમાં મગ્ન હતા. અવસાનનો તાર વાંચી ખિસ્સામાં મૂકી સાક્ષી ભાંગી પડે તેવા સવાલોનો મારો ચલાવ્યો. અદાલતમાં જીત્યા, કુટુંબજીવનમાં જીવનસંગિની પાસે હાર્યા!! દૃઢ મનોબળથી શોક પર કાબૂ. દુઃખ જાહેરમાં પ્રગટ નહીં પણ ફરી લગ્ન ન કરવાનો મક્કમ નિર્ણય! એક પત્રમાં માત્ર આટલું અભિવ્યક્ત થયાઃ 'બંને બાજુ દુઃખ છે. દુનિયાનો અનુભવ એવો છે કે સાવકી માનું દુઃખ ઓછું ગણવું નહીં અને નમાયાં છોકરાંનું દુઃખ પણ ઓછું હોતું નથી.'

પાંત્રીસમાં વર્ષે ઈંગ્લેન્ડ ગયા જ. પણ માત્ર બેરિસ્ટરની પદવી મેળવવાના અર્જુનલક્ષથી જ. અન્ય કશું નહીં. કલાત્મક કે શારીરિક સૌંદર્ય કે નાટકચેટક કે સહેલ સપાટાને સદંર તિલાંજલિ આપી. બધું છોડ્યું. મીડલ ટેમ્પલ સુધી ચાલતા જાય, લાયબ્રેરી ઊઘડે ત્યારથી અંદર ઘુસે તે સાંજે બંધ થતી વખતે બહાર નીકળે! ભૂખ લાગે તો ચા, દૂધ કે પાંઉ લેતા. સાંજે ચાલીને ઘરે. હુક્કાને બદલે સિગારેટ પીતા ને જિંદગીમાં પહેલીવાર માંસાહાર શરૂ કર્યો.

- મળે તે સ્વીકારો. સહજતાથી જતું કરો.
- અંગત દુઃખને ભૂલી વ્યાપક હિતને માન આપો.
- પ્રતિબદ્ધતા પ્રબળ હશે તો મનોબળ દૃઢ બનશે અને પરિસ્થિતિ અનુકૂળ...

સાર બિન્દુઃ

- જિંદગીના ત્રણ પડાવઃ
- સંઘર્ષની જિંદગી Life of Struggle
- સફળતાની જિંદગી Life of Success
- સાર્થકતાની જિંદગી Life of Significance
- જે સંઘર્ષ કરે છે અને હારતો નથી, તે સફળ થાય છે.

જે સફળતાથી છકી જતો નથી, સફળતાને જીરવી જાણે છે તે સાર્થક બને છે.

જે સંઘર્ષ-સફળતા-સાર્થકતાની આરપાર નીકળી ગયા પછી પણ અડીખમ રહે છે તે 'સરદાર' કહેવાય છે.

(પ્રોફેસર-ડાયરેક્ટર, એકેડેમિક સ્ટાફ કૉલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ - ૩૬૦ ૦૦૫.
ફોનઃ ૦૨૮૧-૨૫૭૭૬૭૯. મો.: 09898920333,
E-mail: bhadrayu2@gmail.com)

## આચાર્ય મમ્મટના કાવ્યપ્રકાશની પરંપરામાં સાંપ્રત સંસ્કૃત કવિતા

**માનસિંહ ચૌધરી**

વૈવિધ્યસભર કાવ્યરચનાઓ અને કાવ્ય ચમત્કૃતિઓથી શોભતા સંસ્કૃત વાઙ્મયમાં કાવ્યના શાસ્ત્રની પણ એક ઉજ્જવળ વિકાસ પરંપરા અંકાઈ છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્ર એની સૂક્ષ્મતા, મર્મગ્રાહિતા અને સર્વગ્રાહી વિચારચર્ચાને કારણે જગતના સૌંદર્યશાસ્ત્રમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. બેથી અઢી હજાર વર્ષના લાંબા પ્રસ્તારમાં આ શાસ્ત્રએ ઉત્તરોત્તર અનેક ઉત્કૃષ્ટતાઓ સિદ્ધ કરી છે, જેનો અભ્યાસ ખૂબ જ રસપ્રદ બને તેવો છે. સંસ્કૃત સાહિત્ય અનેક લક્ષણ શાસ્ત્રોથી સમૃદ્ધ છે. કાવ્ય સાથે સંબંધિત એવા અનેક તત્ત્વોનો સાંગોપાંગ ચર્ચા કરતું શાસ્ત્ર તે કાવ્યશાસ્ત્ર. કાવ્યને માટે સાહિત્ય શબ્દ પણ પ્રયોજાતો હોઈ તેને આપણે સાહિત્યશાસ્ત્ર પણ કહીએ છીએ.

વૈદિક સાહિત્ય આપણું જ નહિ પણ સમગ્ર જગતનું પ્રાચીનતમ સાહિત્ય છે. વેદો કે વેદાંગોનો કાવ્યશાસ્ત્ર સાથે કોઈ સીધો સંબંધ નથી, આમ છતાં આપણા વેદો અનેક અને ઉત્કૃષ્ટ કાવ્યચમત્કૃતિઓથી ભરપૂર છે. ઋગ્વેદમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, વ્યતિરેક, અન્વય, વિરોધભાસ વગેરે અનેક કાવ્યાલંકારો પ્રાપ્ત થાય છે એમાં યમક, અનુપ્રાસ, વગેરે શબ્દાલંકારો પણ છે.

આચાર્ય ભામહે પોતે કાવ્યની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે, शब्दार्थौ सहितौ काव्यम् । શબ્દ અને અર્થનું સાહિત્યત્વ તે જ કાવ્ય. આચાર્ય દંડી પણ કહે છે કે જો આ શબ્દરૂપી જ્યોત પ્રકાશતી ન હોત તો ત્રણેય લોકમાં અંધકાર છવાયેલો હોત. કવિતા માનવમનની સુકોમળ અનુભૂતિ છે. માનવમનનું સૌપ્રથમ આલેખિત શબ્દસ્થરૂપ છે. ભારતીય કાવ્યશાસ્ત્ર પરંપરામાં કવિતાને વિદ્યાનું સ્વરૂપ ગણવામાં આવે છે, ત્યાર બાદ તેનો સોસઠ કલાઓમાં સમાવેશ થયલો જોઈ શકાય છે. આ રીતે કવિતા ભારતીય પરંપરામાં વિશેષ સન્માન્ય સ્થાન મેળવે છે. વાસ્તવમાં કાવ્ય એ એક અદ્ભુત અનુભૂતિ છે.

સાંપ્રત કવિઓના મતે કવિતાની વિભાવનામાં કાવ્ય એટલે શું? આ પ્રશ્ન પૂછાતો આવ્યો છે. સીસ્મોગ્રાફિક મનોજગત ધરાવતા કવિના સંવેદનો ક્યાંક સ્થળ સાથે, ક્યાંક ભાવ સાથે, ક્યાંક વસ્તુ સાથે કે વ્યક્તિ સાથે શબ્દસ્થ બને છે અને સર્જાય છે એક કાવ્યસ્વરૂપ.

આચાર્ય મમ્મટ નિર્દેશે છે તેમ કાવ્ય એટલે यत्काव्यं लोकोत्तरवर्णानाम निपूणम् कविकर्म[1] કાવ્યસર્જનની ક્ષણ આવી ક્ષણ વિશેષ હોય છે, જેમાં વરસાદી વાતાવરણનો આવેગ અને આવેશ હોય છે, તે ક્ષણ વિશેષને, તે કાવ્યસ્વરૂપને વ્યાખ્યામાં બાંધવાના પ્રયત્નો પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય બંને વિવેચકોએ કર્યા છે, જે રસપ્રદ છે. कव અર્થાત્ વિશિષ્ટ રીતે કહેવું. એ રીતે कव ધાતુ પરથી કાવ્ય શબ્દ આવ્યો. જોકે કાવ્યનો સીધો સંબંધ માનવઅનુભૂતિ સાથે રહેલો છે. અને યુગેયુગે બદલાતા સમય અને સંજોગો સાથે માનવઅનુભૂતિઓ પણ બદલાતી રહી છે. આથી જ કાવ્યને એક ચોક્કસ વ્યાખ્યામાં બાંધવાનું અઘરું છે.

ભામહ કાવ્યની વ્યાખ્યા આમ આપે છે,

शब्दार्थौ सहितौ काव्यम् ।[2]
વામનની વ્યાખ્યા રીતિ પ્રધાન છે.

रीतिरात्मा काव्यस्य ।[3]
આનંદવરધન ધ્વનિને મહત્ત્વપૂર્ણ ગણે છે.

ध्वनि: आत्मा काव्यस्य ।[4]
વિશ્વનાથ રસને કાવ્યમાં જીવાતુભૂત તત્ત્વ ગણે છે.

वाक्यं रसात्मकम् काव्यम् ।[5]
જગન્નાથની કાવ્યની વ્યાખ્યા વધુ પ્રચલિત બની છે.

रमणीयार्थ प्रातिपदीकार्य: शब्द: काव्यम्[6] ખરેખર તો કવિતા માનવમનનું પ્રતિબિંબ છે. કારણ કે જ્યારે આદિમાનવ પાસે વહી, લિપિ કે ભાષા જેવું કશું નહીં હોય ત્યારે પણ તેણે હૃદયના, અતલ ઊંડાણથી ભાવોર્મિ અનુભવી હશે. જ્યારે ભાષા પ્રાપ્ય બની હશે

ત્યારે તેણે એ જ સ્પંદનોને શબ્દોના માધ્યમથી પ્રગટ કર્યા હશે અને જ્યાં બૌદ્ધિકતાનું જ વર્ચસ્વ છે તે યુગ પણ કાવ્ય વગરનો તો નથી જ! આથી જ વાલેરી કાવ્યને Donner કહે છે.

સાંપ્રત સમયને પોતાના શ્વાસમાં કવિચિત્તમાં જીવનના જે સંસ્કારો પડે છે તેનાથી તેનું મનોગત બંધાય છે. અને તેને અભિવ્યક્તિ મળે છે ત્યારે કાવ્ય સર્જાય છે. આ સંદર્ભમાં કેટલીક પાશ્ચાત્ય વ્યાખ્યાઓ અત્રે નોંધનીય બનશે.

"I have said that poetry is the spontaneous overflow of powerfull fillings.[૭]

"Poetry is the art of representing human experience.[૮]

આમ કાવ્યજગતમાં પરિવર્તનો સમાજનાં પરિવર્તનોથી પ્રભાવિત બને છે. એવું આ વ્યાખ્યાઓ અપ્રગટપણે સૂચવે છે.

विश्व और देश में बदलती राजनितिक, सामाजिक स्थितियों के बोध के साथ समग्र राष्ट्र के एकात्म्य के प्रति दृष्टि कम से कम एक व्यावर्तक है, जो काल और विषयवस्तु की दृष्टि से आधुनिक साहित्य का उपक्रम कराता है ।[९]

કારણ કે સાહિત્ય હંમેશાં સમય અને સમાજ બંનેથી પ્રતિબિંબિત બને છે. આથી જ કાવ્યના પ્રાચીન મૂલ્યો સાંપ્રતમાં પરિવર્તન પામે છે.

મમ્મટાચાર્ય કાવ્યના પ્રયોજનોની ચર્ચા કરતાં જે કારણો આપે છે, તે સુપ્રસિદ્ધ છેઃ

काव्यं यशसेयर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये ।
सद्यः पर निवृत्तये कान्ता सम्मिततयोपदेशयुजे ॥[१०]

સમયની સાથે સાથે સ્થાપિત મૂલ્યો બદલાતાં જૂના મૂલ્યો નાશ પામ્યા કે પરિવર્તિત થયાં, તો કેટલાંક સાવ નવાં જ મૂલ્યો પણ સ્થપાયાં. ફલતઃ સાહિત્યના પ્રયોજનોનું સ્વરૂપ પણ ફેરફાર પામ્યું અને તે માટેના ચોક્કસ કારણો પણ હતાં. સંસ્કૃત ભાષા પાસે લાંબો અને ભવ્ય ભૂતકાળ હતો. તો હજુ ગઈકાલ સુધી અસહ્ય બને તેવો વર્તમાન પણ હતો, જેમાં સંસ્કૃતભાષા લુપ્ત બનતી જતી હતી. ડૉ. વર્ણેકર કહે છે તેમ આ સાહિત્યકારો માટે સાહિત્ય સર્જનના મૂલ્યો બદલાયા હતા. પરંતુ સાંપ્રત સમયે સંસ્કૃતની વિષન્નાવસ્થામાં સંસ્કૃત સાહિત્ય નિર્માણ કરનારા સાહિત્યકારોને યશ અને અર્થ બંનેની પ્રાપ્તિ લગભગ અશક્ય જ છે.[૧૧] ને તો પછી આધુનિક સંસ્કૃત રચનાઓ પાછળનું પ્રેરકબળ કયું? એવો સહેજે પ્રશ્ન જન્મે છે. તેનો જવાબ સંસ્કૃત ભાષા પ્રત્યે અનન્ય શ્રદ્ધા.

ઘણા સંસ્કૃત કવિઓ અને વિવેચકની બાબતમાં બન્યું છે તેમ આચાર્ય મમ્મટના સમય અંગે એમના પોતાના ગ્રંથોમાંથી આપણને કોઈ માહિતી મળતી નથી. આચાર્ય મમ્મટ વિશે બીજી કોઈ ઐતિહાસિક વિગતો ઉપલબ્ધ થતી નથી. કાવ્યપ્રકાશની રચના બાદ ૬૦૦ વર્ષે થયેલા ભીમસેન નામના વિદ્વાને કાવ્યપ્રકાશ ઉપર સુધાસાગર અથવા સુધોદ્‌ધિ નામની ટીકા લખી. વિક્રમ સંવત ૧૭૭૯ એટલે કે ઈ.સ. ૧૭૨૩માં આવૃત્તિ પૂર્ણ થઈ, એમ ભીમસેને પોતે જણાવ્યું છે.[૧૨] આ ટીકાની ભૂમિકામાં આચાર્ય મમ્મટનો પરિચય આપ્યો છે, (૧) આચાર્ય મમ્મટ સાક્ષાત સરસ્વતીનો અવતાર હતા અને તેઓ કાશ્મીરમાં જન્મ્યા હતા.[૧૩] (૨) કાવ્યપ્રકાશની રચના પછી લગભગ ૬૦૦ વર્ષે લખાયેલી આ વિગતો કેટલે અંશે વિશ્વસનીય ગણાય તેવો પ્રશ્ન તેમણે ઉઠાવ્યો છે. એમને મતે ભીમસેને આપેલી વિગતો વાસ્તવિક હોવા છતાં કલ્પનાશીલ હોવાનો વિશેષ સંભવ છે. (૩) જૈન આચાર્ય હેમચંદ્રે પોતાના ગ્રંથ કાવ્યાનુશાસનમાં આચાર્ય મમ્મટનો ઉલ્લેખ કર્યો છે.

यथाह मम्मटः अगूढपरस्याडगम् ।

કાવ્યાનુશાસનમાં હેમચંદ્રે મહદ્‌અંશે કાવ્યપ્રકાશનો જ આધાર લીધો છે. હેમચંદ્રે કાવ્યાનુશાસનની રચના લગભગ ઈ.સ. ૧૧૪૩ની આસપાસ કરી છે. તેથી કાવ્યપ્રકાશ તેની પહેલાં રચાયું હતું તે નિશ્ચિત રીતે કહી શકાય.

આચાર્ય મમ્મટે પોતે પોતાના કાવ્ય પ્રકાશમાં કરેલા ઉલ્લેખો એમના સમયની પૂર્વમર્યાદા નિશ્ચિત કરવામાં ઠીકઠીક પ્રકાશ ફેંકે છે, (૧) કાવ્યપ્રકાશના દસમા ઉલ્લાસમાં વિવિધ અલંકારોના ઉદાહરણ તરીકે મમ્મટ પદમગુપ્તના નવસાહસાંક ચરિતમાંથી કેટલાક શ્લોકો ઉદ્ધૃત કર્યા છે. કાવ્યપ્રકાશના દસમા ઉલ્લાસમાં ઉદાહરણ ક્રમાંક ૧૨૩, ૧૪૬, ૧૪૮ અને ૧૫૭ અનુક્રમે નવસાહસાંકરચરિતાના ૬-૬૦, ૧૬-૨૮,

૧-૬૨ અને ૧-૧૫ શ્લોકો છે. નવસાહસાંકચરિતની રચના ઈ.સ. ૧૦૨૦માં થયેલી છે. તેથી કાવયપ્રકાશની રચના ઈ.સ. ૧૦૨૦ પછી થઈ હોવી જોઈએ.

આચાર્ય મમ્મટે દસમા ઉલ્લાસમાં ઉદાત્ત અલંકારના ઉદાહરણ તરીકે મહારાજા ભોજના ઔદાર્ય અંગેનો આ શ્લોક ઉદ્ધૃત કર્યો છે.

मुक्ताः केलिविसुत्रहारगलिता... भोजनृपतेस्तत्यागलीलायितम् ।

મહારાજ ભોજનો સમય ઈ.સ. ૧૦૫૪ની પહેલાં હશે એ મહામહોપાધ્યાય કાણેએ સબળ દલીલોથી પુરવાર કર્યું છે. તેથી આચાર્ય મમ્મટે પોતાના ગ્રંથની રચના ઈ.સ. ૧૦૫૪ પછી કરી છે તે નિશ્ચિત છે. મમ્મટે પોતાના કાવ્ય પ્રકાશની રચના ઈ.સ. ૧૦૫૦થી ઈ.સ. ૧૧૫૦ વચ્ચે કરી હશે. આથી ૧૧મી શતાબ્દીનો ઉત્તરાર્ધ આચાર્ય મમ્મટનો સમય હશે તેમ નિશ્ચિત રીતે કહી શકાય તેમ છે.

સંસ્કૃત સાહિત્યમાં આધુનિકતાનો સમયગાળો ક્યારથી ગણવો તે બાબતે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે, તેનું કારણ પણ વિદ્વાનોની આધુનિક શબ્દની વિભાવના છે. શ્રી રામજી ઉપાધ્યાય જગન્નાથોત્તરસાહિત્યને આધુનિક ગણાવે છે. જગન્નાથ પછી ૨૦મી સદીના આરંભ સુધી રચાયેલા સંસ્કૃત સાહિત્યમાં પ્રશિષ્ટ અને પરંપરાગત સંવેદનાઓ જોવા મળે છે. આથી તેમાં આધુનિકતા કે આધુનિકવાદ જોવા મળતા નથી.[૧૪]

ડૉ. કીથ તેરમા શતક સુધીના સાહિત્યની ચર્ચા કરે છે. પરંતુ તેમાં આધુનિક સર્જકોનો સમાવેશ થતો નથી. અત્રે ડૉ. અજિત ઠાકોરનું મંતવ્ય નોંધપાત્ર છે. સ્વાતંત્ર્ય સુધીના સંસ્કૃત સાહિત્યમાં રાજકીય અને સામાજિક સમાનતા પ્રગટતી જોવા મળે છે. અને સ્વાતંત્ર્યોત્તર સંસ્કૃત સાહિત્યમાં આધુનિકતાવાદી વલણો અલ્પમાત્રામાં પણ નિશ્ચિતપણે દેખાવા લાગે છે. જોકે સાંપ્રત સંસ્કૃત સર્જકચેતના મહદંશે તો પરંપરાબદ્ધ જ લાગે છે. એનું કારણ પણ સમજાય તેવું છે. સાંપ્રત સંસ્કૃત સર્જક ચેતના પર સંસ્કૃત જેવી અતિપ્રાચીન ભાષાની સમૃદ્ધિ અને વૈવિધ્યભરી પરંપરાનો અતિશય પ્રભાવ હોય તે સ્વાભાવિક પણ છે. તેથી જ સ્વાતંત્ર્યોત્તરકાલીન સંસ્કૃત સર્જકો ભારતીય સંસ્કૃતિ, ધર્મ, સંસ્કૃતભાષાની ઉપેક્ષા કે ઉન્મુલનથી જે અવસાદ, નૈરાસ્ય અનુભવે છે, તેવો વિષાદ આજના માનવની કરુણ નિયતિથી નથી અનુભવતા.[૧૫]

ડૉ. રાજેન્દ્ર મિશ્ર ઈ.સ. ૧૭૮૪થી સર્જાતા સાહિત્યને અર્વાચીન સંસ્કૃત સાહિત્યની સંજ્ઞા આપે છે. ૨૦૦થી વધુ વર્ષોવાળા આ કાલખંડને તેઓ ત્રણ ઉપકાલખંડોમાં વિભાજિત કરે છે. આ વિભાગો નીચે પ્રમાણે છે.

(૧) પુનઃ જાગરણકાળ (૧૭૮૪થી ૧૮૮૪)

(૨) સ્થાપનાકાળ (૧૮૮૪થી ૧૯૫૦)

(૩) સમૃદ્ધિકાળ (૧૯૫૦થી અત્યાર સુધી)

એક અન્ય વિદ્વાન આ સમયગાળાને અન્ય રીતે દર્શાવે છે.

(૧) ૧૮૦૦થી ૧૯૦૦ (સ્વતંત્રકાળ)

(૨) ૧૯૦૦થી ૧૯૫૦ (પૂર્વાર્ધ સ્વતંત્રતા સંઘર્ષકાળ)

(૩) ૧૯૫૦થી ૧૯૯૦ (ઉત્તરાર્ધ સ્વતંત્રકાળ)[૧૬]

એક વાત તો દીવા જેવી સ્પષ્ટ છે કે અંગ્રેજી અને વિદેશી સાહિત્ય થકી ભારતમાં પુનર્જાગરણકળાનો આરંભ થયો. આ કાળ દરમ્યાન પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય વિદ્વાનોનું સામંજસ્ય પણ સ્થપાયું. પાશ્ચાત્ય વિદ્વાનોની વૈજ્ઞાનિક તથા બૌદ્ધિક દૃષ્ટિએ સંસ્કૃત સાહિત્યના ઘણા રહસ્યો પામવામાં મદદ કરી. પારસ્પરિક વિચાર વિનિમય તથા વાદવિવાદને લીધે જાણે કે वादे वादे जायते तत्त्वबोधः વાક્ય સાચું પડ્યું.[૧૭] સંસ્કૃત સાહિત્ય માટે આધુનિકકાળ ૧૯૮૦થી આજ સુધી જબરદસ્ત ઉથલપાથલનો કે વિશિષ્ટ સમન્વયનો ગણી શકાય. આ સમયગાળાના કવિઓએ પોતાના વિશિષ્ટ સર્જન વડે એક ચોક્કસ ચૈતસિક પ્રતિભાવના ઉન્મેશને પ્રગટ કર્યો. ડૉ. રેવાપ્રસાદ દ્વિવેદી, ડૉ. હરિદત્ત શર્મા, શ્રીનિવાસરથ, ડૉ. રાજેન્દ્ર મિશ્ર, ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી, ડૉ. ભાસ્કરાચાર્ય ત્રિપાઠી, ડૉ. પુષ્પા દીક્ષિત, ડૉ. હરિરામ આચાર્ય, ડૉ. જગન્નાથ પાઠક, ડૉ. રમાકાન્ત શુક્લ, ડૉ. રાજેન્દ્ર નાણાવટી, ડૉ. હર્ષદેવ માધવ, ડૉ. ઉમા દેશપાંડે, રામકરણ શર્મા વગેરે આ સમયના મુખ્ય કવિઓ છે.

આ રીતે સાંપ્રત સંસ્કૃત કવિતા અનેકવિધ બાબતોને સ્પષ્ટ કરી દે છે. સાંપ્રત સંસ્કૃત કવિ સમાજોપયોગી સંતો, મહાત્માઓના ચરિત્રો આલેખે છે, તો બૃહન્નલા જેવા વિ-નાયકનો પણ સ્વીકાર કરે છે. સાંપ્રત

સંસ્કૃત કવિના કાવ્યો જગતમાં વર્તમાનની, દેશની કે વિશ્વની ક્ષુબ્ધ ને મર્મભેદક ઘટનાઓની અભિવ્યક્તિ છે. તો પ્રાચીન પાત્રોની વણકથી કથની પણ કલાત્મક સ્થાન પામે છે. પ્રકૃતિના કેવળ મનોહારી કે ચિત્રાત્મક કાવ્યો છે, તો અહીં માનવમનની ભયાનક ઝંઝાનાં ચિત્રો પણ છે. સાંપ્રત સંસ્કૃત કવિઓ હવે જીવન અને જગતના ક્લિષ્ટને પણ મુક્તપણે આલેખતા થયા છે. એક વાત અત્રે નોંધવી રહી કે આ સઘળા કવિઓની મનોભૂમિમાં તો ભારતીય સંસ્કૃતિ જ વસે છે. એટલે જ સરરિયાલીઝમ આલેખતા કવિ બોદલેર જેવી મનોભૂમિ ઉપર પહોંચે છે. સાંપ્રત સંસ્કૃત કવિતાનું અધ્યયન અનેક તથ્યો અને સત્યોને ઈંગિત કરે છે. કૃતકતા કે તેવા અન્ય દોષોને બાદ કરતાં સમગ્ર સંસ્કૃત કાવ્યની સાંપ્રત સૃષ્ટિ વૈવિધ્યપૂર્ણ, મનોહારી, ક્યાંક કાલજયી રચનાથી યુક્ત તો ક્યાંક નવોન્મેષની ઉજળી અને નવાનવા સીમાચિહ્નો દર્શાવનારી છે. સાંપ્રત સંસ્કૃત કવિતાનું નવપ્રસ્થાન યાત્રા કરાવનારું છે અને રહેશે.

**પાદટીપઃ**


૧. મમ્મટ કાવ્યપ્રકાશઃ ૧/૨
૨. ભામહ – કાવ્યાદર્શઃ ૧/૨
૩. વામન – કાવ્યાલંકારઃ ૧/૨૬
૪. આનંદવર્ધન – ધ્વન્યાલોકઃ ૧/૧
૫. વિશ્વનાથ – સાહિત્ય દર્પણઃ ૧/૩
૬. જગન્નાથ – રસગંગાધરઃ ૧/૧
૭. વિલિયમ વર્ડ્ઝવર્થ – વીરિકલ બેલેડ્ઝઃ પાન નં. ૩૭
૮. ઓલ્ડન બર્ગઃ પુસ્તક સંદર્ભઃ સાહિત્ય તત્ત્વ વિચાર, લે. ડૉ. ભરત ઠાકર અને અન્ય પાન નં. ૧૧૮
૯. ડૉ. ત્રિપાઠી રાજા વલ્લભઃ નવોન્મેષ સં.સા.અ. જયપુર, પૃ. ૧૧૮
૧૦. મમ્મટાચાર્ય કાવ્યપ્રકાશઃ ૧-૨
૧૧. ડૉ. વર્ણેકર શ્રીધરઃ આ.સં.સા.નો ઈતિહાસ, પૃ. ૪
૧૨. संवदग्रहाश्वमुनिभूजाते माधे मधी यदि । त्रयोदश्यां सोमवारे समाप्तोऽयं सुधोदधिः ॥ पृ. ७१२
૧૩. तदेवी हिसरस्वती स्वयमभूत काश्मीरदेशे पुमान्। (सु.सा. पृ. ४)
૧૪. ડૉ. ઠાકોર અજિત – કાવ્યાર્થ, પૃ. ૬૦
૧૫. ડૉ. ઠાકોર અજિત – કાવ્યાર્થ, પૃ. ૬૦
૧૬. ડૉ. ત્રિપાઠી જગન્નાથઃ આ.સં.સા.નો ઈતિહાસ સપ્તમખંડ, પૃ. ૩૦
૧૭. ડૉ. માધવ હર્ષદેવઃ સમકાલીન સં.ક.અ.થી આ. સુધી, પૃ. ૬



(આચાર્ય, એમ.એમ. ચૌધરી આર્ટ્સ કૉલેજ, રાજેન્દ્રનગર, જિ. સાબરકાંઠા)


*// જ્ઞાન-વિજ્ઞાન //*

## પેટ્રોલિયમ ઉદ્યોગ અને બાયોકેટનોલોજી – વર્તમાન પરિસ્થિતિ


**સંકેત જોશી**
**ગીતા જોશી**


ક્રુડ તેલ, કુદરતી ગેસ અને કોલસા અશ્મિભૂત ઈંધણના મુખ્ય ઊર્જાઘટકો છે. લાખો વર્ષ પહેલાં પૃથ્વીમાં જમીન હેઠળ કઠોર વાતાવરણમાં કાંપ અને ફસાયેલા કાર્બનિક અવશેષો સૂક્ષ્મ જીવાણુઓ દ્વારા થતા વિઘટનના પરિણામે ઊર્જા સ્રોતો બન્યા હતા. તે ઊર્જા સ્રોતોમાં ક્રુડ તેલ આજે વિશ્વની કુલ ઊર્જા માંગની લગભગ ૩૩.૨% જેટલી જરૂરિયાત પૂરી કરે છે, અને વ્યાપક જીવનમાં નિયમિત દિનચર્યાની પ્રવૃત્તિઓ માટે ઉપયોગી છે. તેલ બનાવવામાં ૫૦-૩૦૦ મીલીઓન વરસો લાગ્યા અને ૧૨૫ વર્ષોમાં આપણે લગભગ અડધા ભાગની વૈશ્વિક અનામત વાપરી નાખી છે. તો શું હવે વૈશ્વિક તેલની અનામતો ખાલી થઈ ગઈ છે? આ પ્રશ્નના ઉત્તર માટે આપણે હાલની વૈશ્વિક તેલની અનામતોની જાણકારી લઈએ. આપણે જાણીએ છીએ કે સંભવિત ઓઈલ સ્રોતો અસમાન રીતે સમગ્ર વિશ્વમાં વહેંચાયેલા છે. તેલ કેટલાક અનુકૂળ સ્થાનોમાં ખાસ કરીને ભૂતપૂર્વ સોવિયેત યુનિયનનો ઘણોખરો ભાગ, મધ્યપૂર્વ અને ઉત્તર આફ્રિકાના કેટલાક દેશો તથા એશિયા પેસેફિક અને વિશ્વના કેટલાક અન્ય વિસ્તારો સુધી મર્યાદિત છે. આ 'ઓપેક' સભ્યો વિશ્વમાં કુલ તેની અનામતના ૭૫% જેટલો હિસ્સો ધરાવે છે. સૌથી મોટા તેલ અનામત ધરાવતા દેશોમાં મધ્ય-પૂર્વ – સાઉદી અરેબિયા, ઈરાન, ઈરાક, કુવૈત, યુનાઈટેડ અરબ અમીરાત (યુ.એ.ઈ.) લગભગ ૬૦% હિસ્સો જ્યારે બાકીનો હિસ્સો વેનેઝુએલા, રશિયા, લિબિયા, કઝાકિસ્તાન અને નાઈજીરિયા ધરાવે છે. આ તેલિયા દેશોમાંથી મોટાભાગના દેશો રાજકીય ધોરણોથી અશાંત છે અને તેને કારણે પણ તેલના ભાવોમાં અચાનક તેજી-મંદી આવ્યા કરે છે. ખાસ કરીને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રનો ઊર્જામાં ઝપડથી વધારો થવાની અપેક્ષા છે.

૨૦૧૦ની માહિતી પ્રમાણે ભારતની તેલ અનામતો ૫.૬ અબજ બેરલ જેટલી હતી, જે ચાઈના પછી બીજા ક્રમની સૌથી મોટી અનામત સમગ્ર એશિયા પેસેફિકમાં આવેલી છે. પંરતુ આ માત્રા ભારત માટે પર્યાપ્ત નથી અને તેલની નિર્યાત માટે ભારત બીજા દેશો પર નિર્ભર છે.

આ તેલ કાઢવાની પ્રક્રિયા ખડકાળ કે જળસ્રોતોમાંથી શારકામ સાથે શરૂ થાય છે. શરૂઆતમાં કુદરતી રીતે આંતરિક દબાણના પરિણામે પેટ્રોલિયમ બહાર આવે છે જેને પ્રાથમિક રીકવરી તરીકે ઓળખવામાં આવે છે, ત્યાર બાદ વધુ દબાણ સાથે પાણી અથવા ગેસ સ્રોતમાં દાખલ કરાય છે જેને ગૌણ રીકવરી કહેવાય છે. આ બંને પ્રક્રિયાઓ પછી પણ ૬૭% જેટલું ક્રુડ તેલ સ્રોતોમાં રહી જાય છે.જેને ઉન્નત તેલ પુનઃ પ્રાપ્તિ પ્રક્રિયા દ્વારા વરાળની ગરમી અથવા રાસાયણિક મિશ્રકો જેવા કે સરફેક્ટન્ટ કે પોલીમરની મદદથી કરવામાં આવે છે. પરંતુ આવી પ્રક્રિયાઓ વાતાવરણ માટે ખૂબ જ હાનિકારક હોય છે. ઉપરોક્ત રાસાયણિક સંયોજનો ખૂબ જ હાનિકારક અને મોંઘા હોય છે, અને પર્યાવરણને પ્રદૂષિત કરે છે.

બાયોટેકનોલોજીના માધ્યમથી જો સૂક્ષ્મજીવાણુઓ – ખાસ કરીને બેકેટેરિયાનો જો ઉન્નત પુનઃ પ્રાપ્તિમાં (માઈક્રોબીઅલ એન્હાન્સ્ડ ઓઈલ રીકવરી, એનઈઓઆર) ઉપયોગ કરવામાં આવે તો પર્યાવરણને લગતા પ્રશ્નો તથા વાતાવરણને થતી આડઅસરો નિવારી શકાય તેમ છે. બેક્ટેરિયા હંમેશાં આપણી આસપાસ હોય છે. હવામાં, પાણીમાં, આપણા શરીર ઉપર અને તેલના કૂવાઓમાં પણ, જ્વાળામુખીઓમાં, સમુદ્રના પેટાળમાં બધે જ બેક્ટેરિયાની હાજરી છે. જ્યારે બેક્ટેરિયાને પોષક તત્ત્વો આપવામાં આવે ત્યારે તે આવાં સંયોજનો બનાવે છે, જે તેલ રીકવરીમાં મદદ કરે છે. આવાં સંયોજનો છે, બાયોસર્ફિક્ટન્ટ, બાયોપોલીમર, બાયોએસિડ, બાયોગેસ વગેરે. આ બધાં જ સંયોજનો પૈકી બાયોસર્ફેક્ટન્ટ ઉપર ઘણાં સંશોધનો હાથ ધરાયાં છે. બાયોસર્ફેક્ટન્ટ ઘણી રીતે ફાયદાકારક છે. તે પર્યાવરણને હાનિકારક નથી, વધુ તેલ રીકવરી આપે છે. બેક્ટેરિયાની મદદથી આથવણની પ્રક્રિયા દ્વારા તેમનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન શક્ય છે. ઘણા બેક્ટેરિયા બાયોસર્ફેક્ટન્ટ બનાવે છે, જેવા કે બેસીલસ સબટિલિસ, બેસીલસ લાઈકેમી ફોર્મીસ, સ્યૂડોમોનાસ એરોજીનોસા વગેરે.

હાલમાં ઘણી તેલ કંપનીઓએ આવા બાયોસર્ફેક્ન્ટનો ઉપયોગ ઉન્નત તેલ રીકરવરીમાં કરવાનું શરૂ કર્યું છે. આવા બાયોસર્ફેક્ટન્ટ કાદવનો તેલમાં રહેલી જમાવટ દૂર કરવા માટે તેલ રીકવરીમાં અડચણરૂપ બનતા પ્રોટીનને ઓગાળવા માટે તેલને અન્ય તત્ત્વોથી છૂટા પાડતા ઉત્સેચકોને ટકાવી રાખવા માટે થાય છે. ૨૦૧૧ના વર્ષમાં બાયોસર્ફેકટન્ટની બજાર કિંમત ૧,૭૩૫ મિલિયન અમેરિકન ડોલર હતી જે ૨૦૧૮માં ૨૨૧૦ મિલિયન અમેરિકન ડોલર સુધી પહોંચશે

સૂક્ષ્મજીવાણુઓનો ઉપયોગ પેટ્રોલિયમ ઉદ્યોગના અન્ય પાસાઓ પર પણ અસર કરી રહ્યો છે, જેમ કે,

**૧. બાયો-એસિડ ઉત્પાદનઃ**

સૂક્ષ્મજીવાણુઓની ચયાપચયનની ક્રિયાને પરિણામે એસિડનું ઉત્પાદન થાય છે જેને કારણે ચૂનાના પત્થર કે ખડકો છિદ્રાળુ બને છે અને તેલ વિસર્જનની પ્રક્રિયાને વેગ મળે છે. આવા એસિડ ખાસ કરીને ખનિજ કાર્બોનેટ અને માટીના કણ અને અન્ય કાર્બનિક પદાર્થો સાથે પ્રતિક્રિયા કરે છે અને સાથે પત્થર અને રેતીમાંથી તેલ દૂર થાય છે.

**૨. બાયો-ગેસ ઉત્પાદનઃ**

બેક્ટેરિયા દ્વારા કાર્બન ડાયોક્સાઈડ, મીથેન વિગેરે વાયુઓ તેલમાં રહેલી ચીકાશમાં ઘટાડો કરે છે, સ્રોત પરના દબાણમાં વધારો કરે છે અને તેલ ઉત્પાદનમાં વધારો કરે છે.

**૩. બાયો સોલ્વન્ટ ઉત્પાદનઃ**

બેક્ટેરિયા વિવિધ દ્રાવકોના ઉત્પાદન માટે જાણીતા છે. જેવા કે આલ્ડીહાઈડસ, કીયેન, આલ્કોહોલ વગેરે તેલની ચીકાશમાં સીધો ઘટાડો કરે છે અને તેલની પુનઃ પ્રાપ્તિમાં વધારો કરે છે.

આજે જ્યારે પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવ કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે ત્યારે સૂક્ષ્મજીવાણુઓનો તેલની પુનઃપ્રાપ્તિમાં ઉપયોગ એ એક ક્રાંતિકારી અને પર્યાવરણને અનુકૂળ એવો વિકલ્પ છે.

(બાયોલોજી ડિપાર્ટમેન્ટ, સુલતાન કાબૂસ યુનિવર્સિટી, ઓમાન
C/o.ડૉ. ઉર્વીશ છાયા, એનવીપાસ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર)

# સ્વાઈન ફ્લુ

સાગર એમ. ભીડે

એ.આર.વી. મૂર્તિ

ઉત્ક્રાંતિનો નિયમ, જે રીતે માણસ જાતને લાગુ પડ્યો અને આપણે વાંદરાઓમાંથી આજના આધુનિક માનવ બન્યા, વળી એમાં પણ હાલના સમયમાં બિનઉપયોગી




અંગો પણ આખા શરીરમાંથી નાના તેમજ નિષ્ક્રીય થવા માંડ્યા, જેમ કે આન્ત્રપૂચ્છ, દાંત, નીચેનું જડબું વગેરે. આ જ નિયમ પ્રાણીઓમાં, વનસ્પતિઓમાં અને સૂક્ષ્મ જંતુઓમાં પણ જોવા મળે છે. વાઈરસ, બેક્ટેરિયા, ફંગસ અને પેરાસાઈટ પણ પોતાનું સ્વરૂપ જરૂરિયાત મુજબ બદલીને અલગ અલગ રીતે આ સૃષ્ટિમાં પોતાનું અસ્તિત્વ દર્શાવતા રહેતા હોય છે.

હાલના સમયમાં સૌથી વધુ ઉપદ્રવ મચાવતા વાઈરસમાં નીચેના નામોનો સમાવેશ કરી શકાય; પોલિયો, ચીકનપોક્ષ, મીસલ્સ, એઈડ્સ, બર્ડ ફ્લુ, સ્વાઈન ફ્લુ વગેરે.

## સ્વાઈન ફ્લુનો ઈતિહાસઃ



સ્વાઈન ઈન્ફ્લુએન્ઝા સૌથી પહેલી વખત ૧૯૧૮માં મહામારી તરીકે બાહર આવ્યો, કે જ્યારે મોટી સંખ્યામાં ભૂંડ (Pig) બીમાર પડ્યા અને સાથે સાથે માણસો પણ. પછીથી ૬૦ વર્ષ સુધી સ્વાઈન ફ્લુ લગભગ H1N1ના તાબા હેઠળ જ રહ્યો. પછી ૧૯૯૭થી ૨૦૦૨ સુધીમાં સ્વાઈન ફ્લુ માટે જવાબદાર એવા ઈન્ફ્લુએન્ઝા વાઈસરની બીજી ૩ જાત ઊભરી આવી, જેવી કે, H3N2, N1N2 અને H4N6. આ બધા વાઈરસ એવા છે કે જે ભૂંડ (ડુક્કર–સ્વાઈન) તથા માણસોને પણ અસર કરે છે. જ્યારે આ વાઈરસનો ચેપ પ્રાણીઓમાંથી માણસને લાગે ત્યારે તેને Zoonotic Swine Flue કહેવાય, પરંતુ આની સંખ્યા ખૂબ જ ઓછી છે જ્યારે એક માણસથી બીજા માણસને ચેપ લાગવાના દાખલાઓ અગણિત છે.

## એકથી બીજાને સંક્રમણ થવાનાં કારણોઃ

માણસોમાં એકબીજાને ચેપ ફેલાવવાનાં કારણોમાં નીચેનાં માધ્યમોનો સમાવેશ કરી શકાય. ઉધરસ કે છીંક દ્વારા વાતાવરણમાં આવેલા વાઈરસનો બીજા વ્યક્તિનાં પ્રાણવહ સ્રોતસમાં કે અન્નવહ સ્રોતસમાં પ્રવેશ થવો, રોગીનું ચેપી લોહી સ્વસ્થ વ્યક્તિને ચઢાવવું, સ્વસ્થ વ્યક્તિનું રોગી સાથે સીધા સંપર્કમાં આવવું વગેરે. સ્વાઈન ફ્લુનાં જંતુઓ હાથ અને બીજી સપાટીઓ પર ૨૪ કલાક સુધી જીવંત રહી શકે છે.

## લક્ષણોઃ

Centre for Disease Control and Prevention (CDC) પ્રમાણે ૨૦૦૯ H1N1 સ્વાઈન ફ્લુનાં લક્ષણોમાં તાવ, ઉધરસ, ગળામાં ખરાશ, આખા શરીરની કળતર, માથું દુઃખવું ઠંડી લાગવી અને થાક લાગવોનો સમાવેશ થાય છે. ઘણા લોકોમાં ઊલટી અને ઝાડાની પણ તકલીફ જોવા મળે છે અને આ ઈન્ફેક્શન ઝુનોટિક ન હતું એ પણ રિસર્ચનાં અંતે જાણવા મળ્યું હતું. તેથી જ CDCએ બધા જ તબીબોને "તાવ સાથેનાં પ્રાણવહ સ્રોતસનાં વ્યાધિઓમાં" સ્વાઈન ફ્લુને પણ નજરમાં રાખવા હિમાયત કરી હતી.

## સંક્રમણ રોકવાનાં ઉપાયોઃ

આ વાઈરસ ખૂબ જ ઝડપથી ફેલાતો હોવાથી તેને ફેલાતો રોકવા માટે દુનિયાભરમાં અનેક કાર્યક્રમો અને આયોજનો અમલમાં મૂકાયા છે, જેમાં રોગીઓને અલગ રાખવા, મોઢા પર માસ્ક પહેરી વાઈરસનો ચેપ લાગતો રોકવો, બિનજરૂરી મુસાફરી અને ભીડભાડથી દૂર રહેવું, છીંક કે ખાંસી આવ્યા બાદ હાથને સાબુ અને પાણીથી ખાસ ધોવા, કામ કરવાની જગ્યા અને ઘરમાં સ્વચ્છતા રાખવી, વેક્સીનેશન કરાવવું વગેરેનો સમાવેશ થાય છે. હાલમાં સ્વાઈન ફ્લુના અલગ અલગ પ્રકારના વાઈરસ માટેની રસીઓ બજારમાં ઉપલબ્ધ છે.

## લેબોરેટરી નિદાન કઈ રીતે?

સ્વાઈન ફ્લુનું ચોક્કસ નિદાન કરવા માટે Real time PT PCRનું રક્ત પરીક્ષણ કરવામાં આવે છે જેના વડે સામાન્ય સિઝનલ ઇન્ફ્લુએન્ઝાથી સ્વાઈન ફ્લુને અલગ કરી શકાય છે.

## સ્વાઈન ફ્લુની ચિકિત્સા શું?

હાલમાં ઉપલબ્ધ સ્વાઈન ફ્લુની દવાઓમાં Temiflu અને Relenza જેવી વાઈરસ વિરોધી દવાઓનો સમાવેશ થાય છે. આ ઉફરાંત તાવ વિરોધી અને શ્વસન તંત્રનાં ચેપ વિરોધી દવાઓનો જરૂર મુજબ ઉપયોગ કરવામાં આવે છે.

## સ્વાઈન ફ્લુની આયુર્વેદમાં ચિકિત્સા શું?

ઉપરોક્ત બધી જ માહિતી મુજબ, જો આપણે આ સ્વાઈન ફ્લુને આયુર્વેદના દષ્ટિકોણથી જોઈએ તો તેને "પ્રાણવહ સ્રોતસનો ત્રીદોષજ જવર" કહી શકીએ. આના લક્ષણ સમૂહ પરથી પણ આપણે સ્વાઈન ફ્લુને શ્વાસ, કાસ ઉપદ્રવયુક્ત "શ્લેષ્મીક સન્નીપાતજ જવર" તરીકે માની શકીએ.

ચિકિત્સાની દષ્ટિએ જોઈએ તો સ્વાઈન ફ્લુની ચિકિત્સાની શરૂઆત પણ 'લંઘન'થી જ કરવી જોઈએ. લંઘનથી મંદ થયેલી અગ્નિને બળ મળે છે. આમનું પાચન થઈને શરીરને નિરામય બનાવે છે, તેથી જ શરીરના બલાબલને તપાસીને જરૂર મુજબ લંઘન કરવું જોઈએ. વળી આ વ્યાધિની ચિકિત્સામાં એવી આયુર્વેદિક Herbomineral Drugsો ઉપયોગ કરી શકાય કે જે એન્ટી માઈક્રોબિઅલ, એન્ટી ઇન્ફ્લોમેટરી, ઇમ્યુનોબુસ્ટર, હિપેટોપ્રોટેક્ટિવ અને એન્ટિપાઈરેટિક હોય. અનુભવી વૈદ્યો નીચેની દવાઓનો ઉપયોગ રોગ રોગીને તપાસીને સફળતાપૂર્વક કરે છે. જેમ કે,

'મહાસુદર્શન ઘનવટી' જેમાં રહેલા ઔષધો જવરને શાંત કરીને પ્રાણવહ સ્રોતસમા રહેલા વધારાનાં ક્લેદનું શોષણ કરે છે.

'ત્રિભુવન કીર્તિરસ' જેમાં રહેલા ઔષધો, પરસેવા વાળીને જવરને શાંત કરે છે તેમજ ફેંફસાના સોજાને અને ક્લેદને ઓછા કરીને બળ પ્રદાન કરે છે.

'નારદીય લક્ષ્મીવિલાસ રસ' જે ખૂબ જ સારી રસાયણ દવા હોવા ઉપરાંત ફેંફસાને સ્વસ્થ રાખવામાં ઉપયોગી નીવડે છે. તેનો ઉપયોગ મોટે ભાગે તુલસીનાં રસ, આદનનાં રસ કે પછી મધ સાથે કરવામાં આવે છે.

'સિતોપલાદી ચૂર્ણ' આમાં રહેલાં ઔષધો છાતિમાં રહેલા કફને છૂટો કરીને ફેંફસાનું સ્વાસ્થ્ય જાળવવામાં મદદરૂપ થાય છે.

વળી આ શ્લેષ્મિક સન્નિપાતિક જવર દરમિયાન ઉપરોક્ત બધા જ ઔષધોની સાથે જવરની સર્વ સામાન્ય ચિકિત્સા એવી લંઘન (ઉપવાસ)નો ઉયપોગ તો કરવો જ જોઈએ. લંઘન દ્વારા જવરનું મૂળ એવું રસવહસોતોદુષ્ટિ

દૂર થઈને જ્વરને નાશ મૂળમાંથી થાય છે. વળી આ રોગમાં પીવાના પાણીમાં ષંડગપાનીયનો સમાવેશ કરાય તો ઝડપી ફાયદો વર્તાય છે. જેમાં પીતપાપડો, ચંદન, વાળો, સૂંઠ, નાગરમોથ, સુગંધીવાળાનો સમાવેશ થાય છે. આ છ ઔષદો સાથે પાણીને ઉકાળીને પછી ઠારીને ઉપયોગ કરતા લાભદાયી નીવડે છે.

**ઘરગથ્થુ અને અસરકારક ઉપચાર કયા?**

આ મહામારીના સમયમાં અને મહામારીના વિસ્તારમાં સ્વસ્થ લોકોએ પણ કરવા લાયક ઉપાયો નીચે મુજબ હોઈ શકે.

- કફ થાય તેવા ખોરાકથી બચો જેવા કે દહી, ઠંડું ભોજન, ઠંડું પીણું, ફ્રુટ જ્યુસ, આથાવાળો કોરાક, આઈસ્ક્રીમ વગેરે.
- ઠંડા પાણીને બદલે હૂંફાળું પાણી પીવું.
- નીલગીરીના તેલનાં ૨થી ૩ ટીપાં રૂમાલમાં રાખીને આખા દિવસ સુંઘવું.
- સપ્તપર્ણ (સાતલા)નાં થડની છાલનો ઉકાળો તાવ ઉતારવામાં ખૂબ ઉપયોગી નીવડે છે.
- તુલસી, જેઠીમધ, કાળામરી, હળદર, અને ગળો આટલી વસ્તુને યવકૂટ કરીને તેનો ઉકાળા તરીકે ઉપયોગ દિવસમાં બે વાર કરવાથી આ રોગનો ચેપ લાગતો નથી અને જો લાગ્યો હોય તો પણ શાંત થઈ જાય છે.
- ગરમ પાણીમાં હળદર અને સિંધાલુણ (સિંધવ) નો ઉકાળો (અમ તોત્તર કષાય) પણ સામાન્ય અને ખૂબ જ ઉપોયગી છે.
- જો ખાંસી વધુ પ્રમાણમાં આવતી હોય તો કાળા મરીના દાણા અથવા લવિંગ, મોંમાં રાખીને ચૂસતા રહેવું જોઈએ.
- જો ગળામાં બળતરા થતી હોય તો સૂક્કી કાળી દ્રાક્ષ ચાવવી અથવા તેનું પાણી પીવું જોઈએ.
- જ્યારે પણ ઉધરસ આવે ત્યારે તુલસી અને આદુના રસમાં મધ નાખીને વારે વારે ચાટવું જોઈએ.
- પ્રાણાયામમાં ઉગ્ર પ્રાણાયામ જેવા કે ભસ્ત્રિકા, કપાલભાતી વગેરે ક્યારેય ન કરવા, પરંતુ હળવા પ્રાણાયામ જેવા કે, અનુમોલ વિલોમ, શિતલી, શિતકારી વગેરે લાભદાયી નિવડે છે.

આ બધા જ ઘરગથ્થુ ઉપચાર રોગની ઉગ્રતા અને રોગીની શક્તિ મુજબ ૫થી ૭ દિવસ સુધી કરી શકાય, છતાં જો ફાયદો ન જણાય તો નજીકના વૈદ્યની સલાહ લેવી જોઈએ. વળી આ બધા ઉપચારોને અન્ય દવાઓ સાથે પણ નિર્દોષ રીતે કરી શકાય છે.

**સામાન્ય સૂચનો**

ઉપરોક્ત બધી જ દવાઓ કરતાં પણ, જો આપણે, ડુક્કરને જ આ ચેપ લાગતો રોકીએ, ડુક્કરમાંથી માણસમાં ચેપનો ફેલાવો રોકીએ અને છેલ્લે જો માણસથી માણસમાં થતો ફેલાવો રોકીએ તો મૂળથી આ વ્યાધિને દૂર કરી શકીએ.

હાલનાં સમયમાં નવા નવા રોગોનો ઉમેરો થતો જાય છે અને વિજ્ઞાન પણ એ રોગોને પહોંચી વળવા માટે અલગ અલગ દવાઓનો સમાવેશ કરવા લાગ્યું છે. પરંતુ આ દવાઓથી થતી કેટલીક આડઅસરને પહોંચી વળવા માટે અને કોઈપણ રોગને શરૂઆતથી જ શમાવવા માટે આયુર્વેદની નિર્દોષ ઔષધિઓ ખૂબ જ ઉપયોગી નીવડે તેમ છે. ઠંડકમાં અને ભેજવાળા વાતાવરણમાં વધુ વકરતા આ સ્વાઈન ફ્લુ માટે પણ આયુર્વેદ પાસે ઔષધોનો ખજાનો છે જેનો ઉપયોગ એક અનુભવી વૈદ્ય લક્ષણસમૂહ જોઈને વ્યક્તિની પ્રકૃતિ, કાલ અને અગ્નિનું બળ તપાસીને કરી શકે છે.

ઉપરોક્ત બધી જ દવાઓ આ રોગમાં શત પ્રતિશત ફાયદાકારક છે, પરંતુ તેનો ઉપયોગ નિષ્ણાત વૈદ્યની સલાહ મુજબ જ કરવો.

(જી.જે. પટેલ આયુર્વેદ કૉલેજ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર
ફોનઃ ૦૨૬૯૨-૨૩૫૦૫૧)

## કુળને કલંકિત કરતી કન્યા!

### પારુલટીના દોશી

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાઓ શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

संभवे स्वजन दुःखकारिका, संप्रदान समये अर्थहारिका
यौवनेऽपि बहुदोषकारिका, दारिका हृदयदारिका पितुः ॥

આ બ્રાહ્મણમંત્રનો અર્થ છેઃ કન્યા જન્મસમયે પોતાનાં સંબંધીઓને કષ્ટ આપે છે, વિવાહવેળાએ અર્થહાનિનું કારણ બને છે અને યૌવનમાં અનેક દોષોને કારણે કુળને કલંકિત કરે છે. આ રીતે કન્યા માતાપિતાનું હૃદય વીંધનારી હોય છે![1]

બ્રાહ્મણ ગ્રંથોનો કન્યા પ્રત્યેનો તિરસ્કાર અને હીન અભિગમ આ મંત્રમાં સ્પષ્ટ થાય છે. વેદકાળમાં પુત્રનો જ મહિમા હતો, છતાં પુત્રીનું સ્થાન ઊતરતું નહોતું. પણ વેદકાળના અંતમાં પુત્રીનું મહત્ત્વ ઘટતું ગયું. અને બ્રાહ્મણ કાળ આવતાં સુધી તો તેની સ્થિતિ દયનીય થઈ. આ કાળમાં કન્યા દુઃખ અને સંતાપનું કારણ મનાવા લાગી. ધાર્મિક અને આર્થિક દૃષ્ટિએ ઓછી ઉપયોગી હોવાના કારણે પુત્રીની તુલનામાં પુત્રીની દશા માઠી થઈ. તે એટલે સુધી કે ઐતરેય બ્રાહ્મણમાં કન્યાને કૃપણ કહેવામાં આવી છે!

વેદગ્રંથોમાં કન્યાનું સન્માન કરાયું છે, જ્યારે બ્રાહ્મણ ગ્રંથોમાં તેનું અપમાન કરવામાં આવ્યું છે. સહેજ પણ છોછ વિના તેની અવહેલના કરાઈ છે. ત્યાં સુધી કે કન્યાજન્મ ટાળવા માટે વિશિષ્ટ ક્રિયાકાંડોનું વર્ણન કરવામાં આવ્યું છે.[2] એક વિધિમાં મંત્ર સાથે ઘાસ ઉપર ઉછાળવામાં આવતું. જો ઘાસ દરેક દિશામાં ફેલાઈ જાય તો પુત્રી ઉત્પન્ન થતી.[3] એટલે ઘાસ ચારેકોર ન ફેલાય તેવી પ્રાર્થના સાથે તેને હવામાં આછાળાતુંઃ 'હે ઈશ્વર, મને દીકરો જ દેજે...'

ઈશ્વર આ પ્રાર્થના સ્વીકારે અને દીકરાનો જન્મ થાય તો ઘરમાં ધોધમાર આનંદ વહેતો. ખુશીઓ બે કાંઠે છલકાતી. દીકરાને ગોદમાં ઉઠાવીને વહાલનો વરસાદ વરસાવાતો. પરંતુ દીકરાને બદલે દીકરી જન્મે તો ચિત્ર સમૂળગું બદલાઈ જતું. વાતાવરણ ઉત્સવમય થવાને બદલે ઉદાસીન થતું. આનંદનું વહેણ સુકાઈ જતું અને નવજાત કન્યાને શૈયા પર જ છોડી દેવાતી. અહીં કન્યાને છોડી દેવા માટે પરાસ્યન્તિ શબ્દ પ્રયોજાયો છે. ઝિમર અને ડેલબ્રુક જેવા પાશ્ચાત્ય વિદ્વાનોએ આ શબ્દનું અર્થઘટન કરતાં કહ્યું કે, વૈદિક યુગમાં કન્યાવધની પ્રથા પ્રચલિત હતી. આર્યો કન્યાઓને ઘોર જંગલમાં મૂકી આવતા. જેથી પશુઓ તેમને ફાડી ખાય.[4] પરંતુ વિદ્વાનોની આ માન્યતા નિરાધાર હોવાનું ડૉ. વિજય બહાદુર રાવ દૃઢપણે માને છે. આ સંદર્ભમાં 'ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ'માં તેમણે નોંધ્યું છે કે, 'કોઈ પણ પ્રાચીન ટીકાકારે પરાસ્યન્તિ શબ્દનો આ અર્થ સ્વીકાર્યો નથી. સાયણે તેનો અર્થ પતિકુળમાં છોડી દેવી એવો કર્યો છે. કન્યાવધનું સમર્થન કરનાર કોઈ પણ વિદ્વાન વૈદિક સાહિત્યમાંથી એક પણ નિર્વિવાદ પ્રમાણ આપી શક્યો નથી.'[5]

બ્રાહ્મણ ગ્રંથોમાં કન્યાવધ ન કરાતો, પણ કન્યાનાં વધામણાં પણ લેવાતાં નહોતાં. એટલું જ નહીં, કન્યાનું સ્થાન હીન અને ઊતરતી પાયરીનું છે એવું લેશમાત્ર સંકોચ વિના કહેવાયું છે. ઐતરેય બ્રાહ્મણમાં દીકરીને દુઃખોની ખાણ કે વિપત્તિ સાથે સરખાવવામાં આવી છે. જ્યારે દીકરાને ઊંચામાં ઊંચું સ્થાન અપાયું છે. આ સંદર્ભમાં બ્રાહ્મણગ્રંથોમાં વર્ણવાયેલો નારદમુનિ અને રાજા હરિશ્ચંદ્રનો એક પ્રસંગ જોઈએઃ

'ઈક્ષ્વાકુ વંશમાં રાજા હરિશ્ચંદ્ર થયા. તેમને સો પત્ની હતી. પણ કોઈ સંતાન નહીં. રાજાના ઘરમાં પર્વત અને નારદ મુનિ રહેતા. એક વાર રાજા હરિશ્ચંદ્રે નારદ મુનિને પૂછ્યુંઃ 'સહુ કોઈ પુત્ર માટે ઝંખે છે. તો મને એ કહો કે પુત્ર પ્રાપ્ત કરવાથી શું લાભ થાય છે?'

નારદ મુનિએ જવાબ આપ્યોઃ 'પુત્રની ઉપર હંમેશાં એક પિતૃત્વ ઋણ રહે છે. જ્યારે તેના પુત્રને પણ એક પુત્ર ઉત્પન્ન થઈ જાય ત્યારે જ તે અમરત્વ મેળવે છે. પત્ની સાથી છે, પુત્રી કૃપણ કે વિપત્તિ છે અને પુત્ર સર્વોત્તમ સ્વર્ગનો પ્રકાશ છે!'[૬]

આ સંવાદમાં પુત્રી માટે પ્રયોજાયેલા કૃપણ શબ્દ વિશે બે અંગ્રેજ ભાષાંતરકર્તા માર્ટિન હોગ અને એ.બી. કીથ જુદો જુદો મત ધરાવે છે. હોગે કૃપણનો અર્થ વહાલી કર્યો છે, જ્યારે કીથે તેનો અર્થ વિપત્તિ કર્યો છે. કીથના મતે બ્રાહ્મણયુગમાં કન્યા અવાંછિત હતી. એટલે કૃપણનો સાચો અર્થ વિપત્તિ જ છે![૭]

બ્રાહ્મણ ગ્રંથોમાં દીકરી વિપત્તિ હતી, પણ દીકરો વરદાન ગણાતો. એટલે જ તો એવો ઉપદેશ અપાયો છે કે, 'શું મહત્ત્વ છે ભગવા વસ્ત્રોનું, શું છે મૃત્રચર્મનું, શું છે દાઢી અને વાળમાં ને શું છે તપમાં? હે બ્રાહ્મણ, પુત્રની ઇચ્છા કરો...'

પુત્રના આ મહત્ત્વ પાછળ કેટલાંક કારણો રહેલાં હતાં. તેમાં મુખ્ય કારણ આર્થિક અને સામાજિક હતું. ઉપરાંત ઉત્તર વૈદિક યુગમાં પિતૃઋણની ભાવના પણ બળવતી થતી ગઈ. લોકોમાં એવી માન્યતા પ્રસરવા લાગી કે પુત્ર પુત નામના નરકમાંથી પિતાની રક્ષા કરે છે એટલે જ પુત્ર કહેવાય છે. પુત્રનો મહિમા કરતાં તેને ઋણમુક્ત કરનાર, અમરત્વ પ્રદાન કરનાર અને પુત નામના નકરકથી બચાવનાર કહ્યો છે.[૯] આ સંદર્ભમાં 'ઋગ્વેદીય બ્રાહ્મણોં કા સાંસ્કૃતિક અધ્યયન'માં ડૉ. બલવીર આચાર્યે નોંધ્યું છે કે,

'એ સમયમાં એવી માન્યતા હતી કે જો પિતા પોતાના જીવનકાળમાં પુત્રનું મુખડું જોઈ લે તો તે ઋણમુક્ત થઈ જાય છે. પિતાન આત્મામાંથી ઉત્પન્ન થતો પુત્ર અતિતારિણી કે નૌકા સમાન ગણાતો. કારણ કે પુત્ર પિતાને આપત્તિમાંથી પાર લગાવે છે. અન્ન પ્રાણ આપે છે, વસ્ત્ર રક્ષા કરે છે અને સુવર્ણ રૂપ આપે છે. પરંતુ પુત્ર આ લોકમાં પણ જ્યોતિ છે. જેનો પુત્ર નથી તેનો આ લોક નિષ્ફળ છે. પુત્ર બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ – આ ચાર આશ્રમથી પણ વધારે મહત્ત્વપૂર્ણ ગણાતો. કારણ કે તેને કારણે જ વંશપરંપરાનો વિકાસ થતો. વળી પુત્ર જ પિતાની સંપત્તિ અને તેના સામાજિક ઉત્તરદાયિત્વનો અધિકારી હતો. તેથી જ પુત્રની કામના કરાતી હતી.'[૧૦]

આ પ્રકારની માન્યતાને પગલે પુત્રપ્રાપ્તિની ઘેલછા વધતી ગઈ. પુત્રીઓ પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાયો. વલણ ઉપેક્ષિત થયું. એ વિશે ડૉ. સુષ્મા શુક્લે 'વૈદિક વાઙ્‌મય મેં નારી'માં વ્યથિત થઈને નોંધ્યું છે કે, એક પુત્ર માટે લાલસા એટલી વધી ગઈ કે કોઈને પણ એ ન સૂઝ્યું કે સ્ત્રી વિના વંશવૃદ્ધિ કેવી રીતે થશે?[૧૧] એ જ રીતે ડૉ. લતા સિંહલે 'ભારતીય સંસ્કૃતિ મેં નારી'માં લખ્યું છે કે, 'એ કાળનો સૌથી મોટો વિરોધાભાસ એ હતો કે એક બાજુ ધાર્મિક કાર્યોમાં સ્ત્રીની અનિવાર્યતા પ્રતિપાદિત કરવામાં આવી અને બીજી બાજુ કન્યાનો જન્મ જ ન થાય એ હેતુથી વિશિષ્ટ ક્રિયાકાંડો કરાતા હતા. એ વાત જ ભુલાવી દેવામાં આવી કે માનવજાતિના અસ્તિત્વ માટે કન્યાજન્મ અનિવાર્ય છે!'[૧૨]

બ્રાહ્મણયુગમાં કન્યા પ્રત્યે વૈદિક આર્યોની ઉસાસીનતા તથા પારિવારિક જીવનમાં તેમની અવગણના તત્કાલીન સમાજની સંકીર્ણ મનોવૃત્તિની પરિચાયક છે. જાતિ અને વંશની પરંપરાને જાળવી રાખવામાં પુત્ર જેટલું જ યોગદાન પુત્રીનું પણ હતું. વિવાહ પછી કન્યા પત્ની બનીને વંશવૃદ્ધિ કરતી. વધુ આદર પણ પ્રાપ્ત કરતી. પરંતુ તેના આ ભાવિ મહત્ત્વ પર ધ્યાન ન અપાયું. પરિણામે કન્યા તરીકે તેણે ઉપેક્ષા અને અપમાનના કડવા ઘૂંટડા ગળવા પડતા. આમ બ્રાહ્મણકાળમાં કન્યાને હળાહળ અન્યાય થતો હતો.

બ્રાહ્મણગ્રંથોની તુલનામાં ઉપનિષદોમાં કન્યાની સ્થિતિ એકંદરે સારી હતી. પ્રશ્નોપનિષદમાં તો પુત્રની સાથે પુત્રીના જન્મની કામના પણ કરવામાં આવી છે. એક મંત્ર અનુસાર, જે કોઈ પણ નિશ્ચયપૂર્વક પ્રજાપતિ વ્રતનું અનુષ્ઠાન કરે છે તે પુત્ર અને કન્યારૂપ યુગ્મને ઉત્પન્ન કરે છે.[૧૩] એ જ રીતે બૃહદારણ્યક ઉપનિષદમાં કન્યાજન્મની વિધિનું વર્ણન કરાયું છે. મંત્ર આ મુજબ છેઃ 'જે ઇચ્છે કે મારે ત્યાં વિદુષી પુત્રી જન્મે અને તે પૂર્ણ આયુષ્ય પામે તો તે દંપતી તલ-ચોખાની ખીચડી રાંધીને તેમાં ઘી ભેળવીને ખાય. તેનાથી તેઓ વિદુષી કન્યા ઉત્પન્ન કરવામાં સમર્થ થાય છે.'[૧૪] આ વિધિ તરત જ ભાષાંતરકારે એવું અર્થઘટન કર્યું છે કે ગૃહશાસ્ત્રમાં નિપુણ થવું જ પુત્રીનું પાંડિત્ય છે. કારણ કે વેદમાં તેનો અધિકાર નથી![૧૫] જોકે બધા જ ભાષાંતરકારો આ વિશ્લેષણ સાથે સંમત નથી.

ભાષાંતરકારોના મતભેદ છતાં એક વાત સ્પષ્ટ છે કે કન્યાજન્મ માટેની વિધિનું વર્ણન અને કન્યાને જન્મવાનો અધિકાર એ ઉપનિષદ યુગની વિશેષતા છે!

**સંદર્ભઃ**


૧. વૈદિક વાઙ્મય મેં નારી, ડૉ. સુષ્મા શુક્લ, પૃ. ૩૯

૨. એજન, પૃ. ૪૦

૩. વુમન ઈન વૈદિક એજ, ડૉ. શકુંતલા રાવ શાસ્ત્રી

૪. ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. વિજય બહાદુર રાવ, પૃ. ૧૪૮

૫. એજન, પૃ. ૧૪૯

૬. सखा ह जाया कृपर्णहिदुहिता ज्योतिर्हि पुतः परमेव्योमेन । ઐતરેય બ્રાહ્મણ ૩૩.૧

- પત્ની મિત્ર છે, પુત્રી કૃપણ છે અને પુત્ર સર્વોત્તમ સ્વર્ગનો પ્રકાશ છે.

૭. વુમન ઈન સેક્રેડ સ્ક્રિપ્ચર્સ ઓફ હિન્દુઈઝમ, માઈલ્ડરેથ વર્ષ પીન્ખમ

૮. ભારતીય સંસ્કૃતિ મેં નારી, ડૉ. લતા સિંહલ, પૃ. ૧૮

૯. ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ, પૃ. ૧૪૬

૧૦. ઋગ્વેદીય બ્રાહ્મણોં કા સાંસ્કૃતિક અધ્યયન, ડૉ. બલવીર આચાર્ય, પૃ. ૩૭

૧૧. વૈદિક વાઙ્મય મેં નારી, પૃ. ૪૦

૧૨. तद्यै ह वै तत्प्रजापतिव्रतं चरन्ति ते मिथुनमुत्पादयन्ते । પ્રશ્નોપનિષદ ૧.૧૫

- જે કોઈ પણ નિશ્ચયપૂર્વક પ્રજાપતિ વ્રતનું અનુષ્ઠાન કરે છે તે યુગ્મને ઉત્પન્ન કરે છે.

૧૪. अथ य इच्छेदुहिता मे पण्डिता जायेत सर्वमायुरियादिति तिलौदनं पाचयित्वा सर्पिष्मन्तमश्नीयातामीश्वरौ जनयितवै ॥ બૃહદારણ્યક ઉપનિષદ ૬.૪.૧૭

- જેમને વિદુષી અને પૂર્ણ આયુષ્યવાળી પુત્રીની ઈચ્છા હોય એ દંપતી તલચોખાની ખીચડી બનાવીને એમાં ઘી ભેળવીને ખાય. એનાથી તેઓ ગુણસંપન્ન પુત્રીની પ્રાપ્તિમાં સમર્થ બની જાય છે.

૧૫. दुहितुः पाण्डित्यं गृहतन्त्रविषयमेव वेदेऽनधिकारात् । બૃહદારણ્યક ઉપનિષદ ૬.૪.૧૭

- ગૃહશાસ્ત્રમાં નિપુણ થવું જ પુત્રીનું પાંડિત્ય છે. કારણ કે વેદમાં તેનો અધિકાર નથી.


(ક્રમશઃ)


(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)


## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની જીનવગાથાનું તમિળમાં લોકાર્પણ

ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણ સંકુલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ તેમના સેવા અને શિક્ષણને સમર્પિત સાર્થક જીવનનાં ૭૮ વર્ષ ગત ૧૦ એપ્રિલે પૂર્ણ કર્યાં એની પૂર્વ સંધ્યાએ ચેન્નઈના અન્નાનગરમાં ગુજરાતીઓ અને તમિળ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ડૉ.પારુલટીના દોશીલિખિત 'સો ટચનું સોનું : ડૉ.સી.એલ. પટેલ'ના જાણીતાં તમિળ લેખિકા ડૉ.રાજલક્ષ્મી શ્રીનિવાસને કરેલા તમિળ અનુવાદનો દબદબાભેર લોકાર્પણવિધિ સંપન્ન થયો હતો. ૧૦ એપ્રિલ ૧૯૩૫ના રોજ આણંદના ગામડીમાં જન્મેલા ડૉ.પટેલે સાર્થક જીવનનાં ૭૮ વર્ષ પૂર્ણ કરીને ૭૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

તમિળનાડુના અધિક મુખ્ય સચિવ રહેલા સંનિષ્ઠ ગાંધીવાદી વિચારક અને ૮૦ વર્ષીય શ્રી ડી.કે.ઓઝાના મુખ્યઅતિથિપદે તથા ગુજરાતનાં ઉચ્ચ શિક્ષણ કમિશનર ડૉ. જયંતી રવિ તેમજ ચેન્નઈના કેળવણીકાર શ્રી ગોવિંદદાસજીની વિશેષ ઉપસ્થિતિમાં ડૉ.પટેલની જીવનગાથાનું તમિળમાં વિમોચન થયું ત્યારે ઉપસ્થિત મહાનુભાવોએ ૧૯૯૪થી સીવીએમનું સુકાન સંભાળતા આધુનિક શિક્ષણના શિલ્પી ડૉ. સી.એલ.પટેલની 'સત્ય, સેવા અને સમર્પણ' માટે મુક્તકંઠે પ્રશંસા કરી હતી. આ પ્રસંગે સીવીએમના ભારતીય મહિલા વિશ્વકોશ પ્રકલ્પનાં વડાં અને જાણીતાં લેખિકા ડૉ.ટીના દોશીએ ડૉ.પટેલની જીવનગાથા લખાયાની ભૂમિકા રજૂ કરી હતી. સામાન્ય માનવીમાંથી અસામાન્ય શિક્ષણમહર્ષિ અને દીર્ઘદ્રષ્ટા તેમ જ આધુનિક શિક્ષણના શિલ્પી થઈ શકેલા ડૉ. પટેલનું જીવન અન્યોને પ્રેરણા પૂરી પાડવા સક્ષમ છે. ટીના દોશીલિખિત આ પુસ્તકનો અગાઉ હિંદી અને અંગ્રેજીમાં પણ અનુવાદ થઈ ચૂક્યો છે. એનો તમિળ અનુવાદ તમિળનાડુમાં સંસ્કૃતનાં નિવૃત્ત પ્રોફેસર અને ગુજરાતનાં ઉચ્ચશિક્ષણ કમિશનર ડૉ.જયંતી રવિનાં માતૃશ્રીએ અમેરિકામાં રહીને કર્યો હતો.

ચેન્નઈના પ્રસિધ્ધ શ્રી મીઠાઈ પરિવારના શ્રી કિરણ પટેલ અને શ્રી મુકેશ પટેલના યજમાનપદે યોજાયેલા સમારંભમાં તમિળ અનુવાદક ડૉ.રાજલક્ષ્મી શ્રીનિવાસને પણ પોતે ડૉ.સી.એલ.પટેલની જીવની વાંચીને પ્રભાવિત થતાં તેના તમિળ અનુવાદનું બીડું ઝડપ્યું હોવાનું આ પ્રસંગે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું. ડૉ. સી.એલ. પટેલનાં લંડનનિવાસી પુત્રી શ્રીમતી વર્ષાબહેન દિલીપભાઈ પટેલ તથા અમેરિકાનિવાસી પુત્રી શ્રીમતી છાયાબહેન અશોકભાઈ પટેલ પણ તેમની સાથે આ પ્રસંગે જોડાયાં હતાં.

ગુજરાતનાં ઉચ્ચશિક્ષણ કમિશનર ડૉ.જયંતી રવિએ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ સાથેનાં સુખદ અને પ્રેરક સંભારણાં વર્ણવ્યાં હતાં. પ્રારંભમાં સીવીએમસંચાલિત સેરલિપના નિયામક પ્રા.હરિ દેસાઈએ ડૉ.સી.એલ.પટેલ, મુખ્ય અતિથિ શ્રી ડી.કે.ઓઝા, લેખિકા ડૉ.ટીના દોશી, આઈએએસ અધિકારી ડૉ.જયંતી રવિ તથા તમિળ અનુવાદક ડૉ.રાજલક્ષ્મી શ્રીનિવાસનો પરિચય આપ્યો હતો. આવકાર પ્રવચન ચેન્નઈ પાટીદાર મંડળના મંત્રી શ્રી દીપક પટેલે અને આભાર દર્શન શ્રી નીરજ પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સૂત્રસંચાલન બીજેવીએમના અધ્યાપક પ્રા.હરીશ પટેલે કર્યું હતું.

ત્રણ દિવસની તમિળનાડુની મુલાકાત દરમિયાન ડૉ.સી.એલ.પટેલ અને તેમની સાથેના સભ્યોએ તિરુપતિ ખાતે ભગવાન વેંકટેશ્વરનાં દર્શન પણ કર્યાં હતાં. ચેન્નઈની મુલાકાત દરમિયાન શ્રી ગુજરાતી મંડળ-ચેન્નઈ તેમ જ વિવિધ સંસ્થાઓએ ડૉ. પટેલનું સન્માન કર્યું હતું અને જન્મદિનની આગોતરી શુભેચ્છા પાઠવી હતી.

## જીસેટ કૉલેજનો ૧૭મો વાર્ષિકદિન ઉજવાયો




ચારુતર વિદ્યામંડળસંચાલિત જી.એચ. પટેલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીનો ૧૭મો વાર્ષિકદિન તા. ૧૦-૪-૨૦૧૩ને બુધવારના રોજ શ્રીમતી કમલાબેન શંકરભાઈ પટેલ જીસેટ ઑડિટોરિયમમાં ઉજવાયો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ડૉ. અક્ષય અગ્રવાલ, વાઈસ ચાન્સેલર, ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી, અમદાવાદ. અતિથિવિશેષ તરીકે ડૉ. વી.એસ. પાલસુલે, ડાયરેક્ટર, ડેકુ-ઈસરો, અમદાવાદ અને પ્રમુખ તરીકે ડૉ. સી.એલ. પટેલ, ચેરમેન, ચારુતર વિદ્યામંડળ ઉપરાંત ચારુતર વિદ્યામંડળના મંત્રીશ્રી તથા સહમંત્રીશ્રીઓ પ્રિ. આર.પી. પટેલ, શ્રી બી.પી. પટેલ, શ્રી વી.એમ. પટેલ, શ્રી એસ.જી. પટેલ, શ્રી જે.ડી. પટેલ તથા ભગિની સંસ્થાના આચાર્યો અને આમંત્રિત મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત સંસ્થાના વિદ્યાર્થીઓએ પ્રાર્થનાથી કરી હતી. સંસ્થાના કૉમ્પ્યુટર વિભાગની ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુ. સ્નેહા વેલિનાના આકસ્મિક અવસાન નિમિત્તે સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રભુચરણોમાં અરજ કરી હતી.

વાર્ષિકદિન સમારંભના સંચાલક ડૉ. કૌશિક નાથે મહેમાનોનો પરિચય કરાવીને સર્વેને આવકાર્યાં હતા.

સંસ્થાના આચાર્ય ડૉ. હિમાંશુ સોનીએ સંસ્થાની અલગ અલગ પ્રવૃત્તિઓ અંગેનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. વર્ષ દરમ્યાન વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ, શિક્ષકોની સિદ્ધિઓને બિરદાવી હતી અને ભવિષ્યમાં સંસ્થા વધુને વધુ પ્રગતિના સોપાનો સર કરશે તેવી આશા વ્યક્ત કરી હતી. સંસ્થાના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ વર્ષ દરમ્યાન મેળવેલ શૈક્ષણિક-સહશૈક્ષણિક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ બદલ તે સર્વેને ઇનામો આપવામાં આવ્યાં હતાં. સંસ્થાના શિક્ષકો દ્વારા આપવામાં આવેલ અમૂલ્ય યોગદાન બદલ તેઓને પણ સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યાં હતાં.

મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત ડૉ. અક્ષય અગ્રવાલે સંસ્થાની પ્રગતિને બિરદાવી હતી અને સંસ્થાના આચાર્ય ડૉ. હિમાંશુ સોની અને તેઓની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે મને ખાતરી છે કે આ સંસ્થાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના સહિયારા પ્રયાસથી આવનાર વર્ષોમાં આ સંસ્થા દેશની પ્રથમ ૧૦ એન્જિનિયરિંગ કૉલેજોમાં સ્થાન પ્રાપ્ત કરી શકશે. આ માટે દરેકે ખભેખભા મિલાવીને કઠોર પરિશ્રમ કરવો પડશે. ડૉ. અગ્રવાલે ભવિષ્યમાં સંશોધનનું મહત્ત્વ સમજાવીને સંશોધન ક્ષેત્રે આગળ વધવા જીટીયુ તરફથી શક્ય તેટલી મદદ કરવાની તૈયારી દર્શાવી હતી.

અતિથિવિશેષપદે ઉપસ્થિત ડૉ. વી.એસ. પાલસુલેએ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ફક્ત ભણતર નહીં પણ તેની સાથે સાથે ગણતરની પણ જરૂરિયાત છે તે બાબતનું મહત્ત્વ સમજાવીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તેમણે સંસ્થામાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને શિક્ષણ માટે આપવામાં આવતી વિવિધ સગવડો સંસ્થાના શિક્ષકો અને સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા હતા.

કાર્યક્રમના પ્રમુખ તરીકે ઉપસ્થિત ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી.એલ. પટેલે વર્ષ દરમ્યાન વિવિધ સિદ્ધિઓ બદલ આચાર્ય ડૉ. હિમાંશુ સોની અને સંસ્થાના સર્વેને ખાસ અભિનંદન પાઠવ્યાં હતાં અને જણાવ્યું હતું કે આ સંસ્થાના દરેકેદરેક શિક્ષકમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટીના શિક્ષકો જેટલી જ પ્રતિભા છે. સંસ્થાના શિક્ષકોને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંશોધન પત્રો રજૂ કરવા માટે તથા સંસ્થામાં સંશોધનકાર્ય કરવા માટે ચારુતર વિદ્યામંડળે દરેક પ્રકારની મદદ કરવાની તૈયારી દર્શાવી હતી.

આ દિવસે ડૉ. સી.એલ. પટેલનો જન્મ દિવસ હોવાથી સર્વેએ સાથે મળીને તેની ઉજવણી કરી હતી અને તેઓના દીર્ઘાયુ અને તંદુરસ્તી માટે પ્રભુને પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ડૉ. અક્ષય અગ્રવાલે ડૉ. વી.એસ. પલસુલેએ ડૉ. સી.એલ. પટેલને જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

વાર્ષિકદિનની ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક સમિતિ તથા ડૉ. યોગેશ ચૌહાણના માર્ગદર્શન હેઠળ ૨ દિવસ માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થી પ્રતિનિધિ ભાવિકે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌ શિક્ષકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ હાર્દિક, પાર્થ અને સર્વે સમિતિના સભ્યોએ ભારે જહેમત ઊઠાવી હતી તે બદલ આચાર્યએ સૌનો આભાર માન્ય હતો.

## SMAID અને IIIDની સંયુક્ત ઉજવણી




ચારુતર વિદ્યામંડળસંચાલિત શાંતાબેન મનુભાઈ પટેલ સ્કૂલ ઑફ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઇન આર્કિટેક્ચર એન્ડ ઈન્ટિરિયર ડિઝાઈનનો પ્રથમ વાર્ષિકદિન તથા ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટિરિયલ ડિઝાઈનર ચરોતર સેન્ટરનો ચોથો સ્થાપના દિન સંયુક્ત રીતે ગુડી પડવાના પવિત્ર દિવસે ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે શ્રી પ્રતાપ જાધવ – પ્રેસિડેન્ટ ઈલેક્ટ-IID મુંબઈ, અતિથિવિશેષ શ્રી યશવંતભાઈ મનુભાઈ પટેલ – દાતાશ્રી તથા સરોસ વાડિયા-EC મેમ્બર IIID સમારોહના પ્રમુખ સ્થાને ડૉ. સી.એલ. પટેલ – ચેરમેન ચારુતર વિદ્યામંડળ તથા પ્રો. પ્રદીપ પટેલ – માનદ ડાયરેક્ટર-SMAID-ચેરમેન-IIID ચરોતર સેન્ટર, ચારુતર વિદ્યામંડળના મંત્રી, સહમંત્રી, ભગિની સંસ્થાના આચાર્યો, આમંત્રિત મહેમાનો, ચરોતરના નામાંકિત આર્કિટેક્ચર્સ, ઇન્ટિરિયર ડિઝાઈનર્સ, વેપારી મિત્રો તથા વાલીગણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહની શુભ શરૂઆત વર્ષ દરમિયાન કૉલેજ પ્રોજેક્ટ્સ, આણંદ ચરોતરના નામાંકિત આર્કિટેક્સ, ઇન્ટિરિયર ડિઝાઈનર તેમજ બાંધકામ-ઇન્ટિરિયર સાથે સંકળાયેલા વેપારી મિત્રોના કાર્યની ઝાંખી કરાવતા પ્રદર્શનનો શુભારંભ અતિથિવિશેષ પ્રતાપ જાધવ, આર્કિટેક્ટ શ્રી એચ.એન. બારોટ, જતીનભાઈ વ્યાસ, કમલભાઈ પટેલ, ભૂપેન્દ્રભાઈ તથા મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ સંચાલન વિદ્યાર્થિની રિદ્ધિ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં આચાર્ય પ્રીતિબહેન શાહ દ્વારા મહેમાનોનો પરિચય તથા સન્માન કરવામાં આવ્યા હતા. તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક ક્ષેત્રે વિશેષ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનું સન્માન ઇનામ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ તથા વિશેષ આર્થિક સહયોગ માટે નિપોન માર્કેટિંગ, ઓફિસ એપ્લાયન્સિસ તથા સેનગ્રેસ ડિઝિટલ ટાઈલ્સ, દવે

મારબને IIID દ્વારા સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.

સંસ્થાના માનદ ડાયરેક્ટર પ્રો. પ્રદીપભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન દ્વારા SMAID તથા IIIDના કાર્યોની ઝાંખી કરાવી હતી.

મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત શ્રી પ્રતાપ જાધવે સંસ્થાની પ્રથમ વર્ષની પ્રગતિ તથા IIID ચરોતરના ૪ વર્ષના કર્યોને બિરદાવ્યાં હતાં. આ પ્રસંગે કૉલેજ તથા ચરોતરના નામાંકિત આર્કિટેક્ટ, ઇન્ટિરિયર ડિઝાઈનર્સની સંયુક્ત પ્રવૃત્તિને અનન્ય ગણીને બિરદાવી હતી તથા IIID હેડ ઑફિસ દ્વારા સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

કાર્યક્રમના પ્રમુખપદે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે વર્ષ દરમ્યાન હાંસલ કરેલ વિવિધ સિદ્ધિઓ બદલ સંસ્થાના તમામ સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા તેમજ IIIDના કાર્યની સરાહના કરી હતી. વિદ્યાર્થીગણને શિક્ષણની સાથે સાથે શિસ્તની જરૂરિયાત સમજાવીને ઉચ્ચ કારકિર્દી માટે આશિષ પાઠવ્યા હતા.

ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ સંસ્થાના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ જેનું સફળ આયોજન કન્વીનર આર્કિટેક્ટ કલ્પિત જાની દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર સંકુલને પ્રસંગોચિત વિશેષ લાઈટ્સ દ્વારા સુશોભિત કરવામાં આર્કિટેક્ટ નીરવ વાઘેલા તથા તેમના સહયોગી મિત્રોનો વિશેષ ફાળો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન આર્કિટેક્ટ શૈલેષ ગજ્જર – માનદમંત્રી IIID, તુષાર પરીખ, યશ પટેલ, રચિતા પટેલ, રમેશભઈ પેટલ, જયેશ દવે તથા સમગ્ર SMAID અને IIIDના સભ્યો દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતમાં SMAID અને IIID પ્રતિનિધિરૂપે પ્રાધ્યાપક સીમાબહેન દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## સેરલિપ વાર્ષિકોત્સવ અને સરદાર વ્યાખ્યાનમાળા

સરદાર પટેલની જિંદગીના ત્રણ પડાવ (૧) સંઘર્ષની જિંદગી (૨) સફળતાની જિંદગી અને (૩) સાર્થકતાની જિંદગીને જીવન-પ્રસંગોની છણાવટ સાથે પ્રતિપાદિત કરીને ચારુતર વિદ્યામંડળસંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ જીવન-કાર્ય અધ્યયન-સંશોધન સંસ્થાન(સેરલિપ)ના ચતુર્થ વાર્ષિકોત્સવના મુખ્ય અતિથિ તરીકે પધારેલ યુજીસી એકેડેમિક કોલેજ-રાજકોટના નિયામક ડૉ.ભદ્રાયુ વછરાજાનીએ જણાવ્યું હતું કે જે સંઘર્ષ કરે છે અને હારતો નથી, તે સફળ થાય છે. જે સફળતાથી છકી જતો નથી, સફળતાને જીરવી જાણે છે તે સાર્થક બને છે. જે સંઘર્ષ-સફળતા-સાર્થકતાની આરપાર નીકળી ગયા પછી પણ અડીખમ રહે છે તે 'સરદાર' કહેવાય છે.

સેરલિપની કામગીરી અંગે પ્રસન્નતા વ્યક્ત કરતાં અધ્યક્ષસ્થાનેથી સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે સંસ્થાની સ્થાપના પાછળની ભૂમિકા રજૂ કરીને ભવિષ્યમાં આ સંસ્થા સુપેરે કામ કરી શકે તે માટે તેના એન્ડોવમેન્ટ ફંડ(સ્થાયી ભંડોળ)માં રૂા. એક કરોડ સીવીએમ તરફથી ફાળવાયા હોવાનું જણાવ્યું હતું.

સમગ્ર દેશમાં સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યો અંગે સંશોધન કરનારી સર્વપ્રથમ અને એકમાત્ર સંશોધન સંસ્થા સેરલિપના સંકુલમાં ૪થો વાર્ષિકોત્સવ, સરદાર પટેલ વ્યાખ્યાનમાળા અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષપદે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે એકેડેમિક સ્ટાફ કોલેજ- રાજકોટના નિયામક ડૉ.ભદ્રાયુ વછરાજાની હતા. અન્ય મહાનુભાવોમાં ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ, માનદ કાર્યકારી મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ડૉ.એસ.જી.પટેલ, શ્રી મયૂરભાઈ પટેલ અને ડૉ.જે.ડી.પટેલ તેમ જ સીવીએમનાં દાતાશ્રી શ્રીમતી વાસંતીબેન પટેલ, સુશ્રી.ચંદનબહેન પટેલ, ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી પધારેલા વડાશ્રીઓ, વિવિધ કોલેજોના આચાર્યશ્રીઓ, નગરજનો અને સેરલિપની પહેલી બૅચથી માંડીને વર્તમાન ચોથી બૅચ સુધીનાં એમ.ફિલ. અને પીએચ.ડી.નાં મોટાભાગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સેરલિપના નિયામક પ્રા. હરિ દેસાઈએ મહેમાનોનું સ્વાગત કરીને તેમનો પરિચય આપ્યો હતો. સેરલિપની વર્ષભરની વિદ્યાર્થીઓએ કરેલી પ્રવૃત્તિઓ તેમ જ સંસ્થા દ્વારા થયેલી પ્રવૃત્તિઓનો અહેવાલ સેરલિપના ઈતિહાસના અધ્યાપક અને વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ.વસંત પટેલે રજૂ કર્યો હતો. સેરલિપમાં અભ્યાસ કરતાં એમ.ફિલ. (ઈતિહાસ)નાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવા બદલ તેમ જ સેરલિપની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલ, મુખ્ય વક્તા ડૉ.વછરાજાની તેમ જ માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ અને માનદ કાર્યકારી મંત્રી પ્રિ.શનુભાઈ પટેલના હસ્તે ટ્રોફી અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયાં હતાં.

મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ડૉ.ભદ્રાયુ વછરાજાનીએ સરદાર પટેલ વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું અને સરદારના જીવનનાં વિવિધ પાસાંની વિસ્તૃત છણાવટ કરી હતી. સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના હસ્તે વક્તાશ્રીને સરદાર પટેલનું સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું. અધ્યક્ષપદે ઉપસ્થિત ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.પટેલે આશીર્વચન આપ્યાં હતાં. આભાર દર્શન સેરલિપના જી.એસ. શ્રી સંજય મેડાએ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સૂત્રસંચાલન સેરલિપનાં સમાજશાસ્ત્રનાં અધ્યાપિકા ડૉ.પારુલટીના દોશીએ કર્યુ હતું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ એમ.ફિલ.અને પીએચ.ડી.નાં ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સેરલિપના નિયામક પ્રા.હરિ દેસાઈએ આવકાર્યા હતા અને ચર્ચાગોષ્ઠિ કરી હતી. સેરલિપના અધ્યાપકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઍન્ડોવમેન્ટ ફંડમાં યોગદાન કરીને સંસ્થાના ઉજ્જવળ ભવિષ્ય માટે કામના કરી હતી.

## : સૂચના :

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક / આજીવન રૂબરૂમાં — મની ઑર્ડરથી — બેન્ક ડ્રાફ્ટ — ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખળું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ ‘ચારુતર વિદ્યામંડળ કાર્યાલય’ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ


- **ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ચારુતર વિદ્યામંડળ, પો.બો. ૨૨, વલ્લભ વિદ્યાનગર — ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. ફોન.: (૦૨૬૯૨) ૨૩૦૧૯૩**
- **પ્રા. હરિ દેસાઈ, નિયામક, સેરલિપ, ભાઈકાકા લાયબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર —૩૮૮ ૧૨૦, જિ. આણંદ. ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, મો.: ૯૮૯૮૫૪૩૮૮૧, ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com**


**લવાજમઃ** વાર્ષિકઃ ₹ ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦/-
આજીવનઃ ₹ ૧૫૦૦/-
વિદેશમાં ૨૫ $ અથવા ૧૫ £; આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £
છૂટક નંકલની કિંમતઃ ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦/-




ન્યૂ વલ્લભ વિદ્યાનગરસ્થિત ગુજરાતની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ એમબીઆઈસીટીઈના વાર્ષિકોત્સવમાં ગુજરાત સરકારના કમિશનર ઓફ ટેકનિકલ એજ્યુકેશન ડૉ.ટી.નટરાજન મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરી રહ્યા છે. સમારંભમાં અધ્યક્ષસ્થાને સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ હતા. મંચસ્થ મહાનુભાવોમાં આચાર્ય ડૉ.વિઠ્ઠલ કામત, બીવીએમના આચાર્ય ડૉ.એફ.એસ.ઉમરીગર, એડીઆઈટીના આચાર્ય ડૉ.આર.કે.જૈન, જીસેટના આચાર્ય ડૉ.હિમાંશુ સોની ઉપરાંત સલાહકારો પ્રા.જે.સી.પંચાલ અને ડૉ.એમ.બી.પટેલ છે. ઈન્સેટમાં ડૉ.નટરાજનને સ્મૃતિચિહ્ન અર્પણ કરી રહેલા સીવીએમના અધ્યક્ષ ડૉ.પટેલ.




ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ જીવન-કાર્ય અધ્યયન-સંશોધન સંસ્થાન(સેરલિપ)નો ચતુર્થ વાર્ષિકોત્સવ અને સરદાર વ્યાખ્યાનમાળા સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં અને યુજીસી-એકેડેમિક સ્ટાફ કોલેજ-રાજકોટના નિયામક ડૉ.ભદ્રાયુ વછરાજાનીના મુખ્ય અતિથિપદે યોજાયો હતો. મંચસ્થ મહાનુભાવોમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ, માનદ કાર્યકારી મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, સેરલિપના નિયામક પ્રા.હરિ દેસાઈ, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ.વસંત પટેલ અને જીએસ સંજય મેડા છે.

**V-Vidyanagar**
**P.O.Reg. No. AND/318/2012-14**
**Valid upto 31-12-2014**
**Date of Posting 25th of Every Month**
**Posted at Vallabh Vidyanagar**

**ISSN 0976 - 9809 V-Vidyanagar**
**RNI No.Guj/2009-11/5433**
**May 2013**

AIFACS – 50 years of Art in Independent India Award (State & National level) 1997



Krishna Padiya Impression Stone 15" X 12" X 12"

Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai
Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. R.P. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat